# સોનેરી બાળવાર્તાઓ

શૈલેષ રાયચુરા

-: પ્રકાશક :-
**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧

**SONERI BAL VARTAO**
*(A Collection of Short Stories for Children)*
by ***Shailesh Raychura***

-: ઋણ સ્વીકાર :-
'ગુજરાત સાહિત્ય અકાદમી' પુરસ્કૃત

આવૃત્તિ : ૨૦૧૪

પ્રત : ૧૦૦૦

મૂલ્ય રૂા. : ૧૦૦

-: ટાઈપ સેટીંગ :-
*Mayur's*

-: વિક્રેતા :-
**એમ. એમ. સાહિત્યપ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ

-: મુદ્રક :-
**અર્પણ પ્રિન્ટરી, આણંદ**

# અર્પણ



મા સરસ્વતી દેવીનાં ચરણોમાં

# પ્રસ્તાવના

આ બાલ સાહિત્યની વાર્તાઓ ફૂલવાડી, પા.. પા.. પગલી, નિરંજન, 'હિંસા નિવારણ', સંદેશ, લોકસત્તા-જનસત્તા, ફૂલછાબ, સ્ત્રી, બાલસૃષ્ટિ વગેરે સામયિક તથા દૈનિક પત્રોનાં 'બાલ વિભાગ'માં પ્રસિધ્ધ થયેલ છે. આ સંગ્રહમાંની વાર્તાઓ આકાશવાણીનાં રાજકોટ કેન્દ્ર ઉપરથી પણ પ્રસારણ થઈ ચૂકી છે.

બાળવાર્તાઓનો આ સંગ્રહ પ્રગટ થઈ રહ્યો છે. ત્યારે આ સામયિકોનાં તંત્રી/સંપાદક શ્રી તથા આકાશવાણી કેન્દ્ર નિયામકશ્રીનો પણ આ તકે આભાર માની લઉ છું.

વિશેષમાં મારા ઉપલાં અધિકારીશ્રીઓમાં મે. શ્રી ગ્રંથાલય નિયામક સાહેબ, ગાંધીનગર અને મદદ. ગ્રંથાલય નિયા. શ્રી રાજકોટ તેમજ સાહિત્યિક મિત્ર મંડળમાં રાજુભાઈ ઉપાધ્યાય, સુમંતભાઈ રાવલ, વિમલકુમાર ધામી, પૂંજાભાઈ પરમાર, હિકુભાઈ બારૈયા વગેરેનો પણ અત્યંત આભારી છું.

વિશેષમાં એમ. એમ. સાહિત્યપ્રકાશનનાં શ્રી યાકુબભાઈ મલેકને બાળ સાહિત્યનું મેટર મોકલી આપતાં હર્ષ સાથે આવું સુંદર મજાનું પુસ્તક ખૂબ જ ઝડપભેર પ્રસિધ્ધ કરવાં બદલ તેમનો પણ આભારી થયો છું.

બાળકો માટે લખાયેલી આ 'સોનેરી બાળવાર્તાઓ' સૌ કોઈને જ્ઞાન સાથે પ્રેરણા જરૂરથી આપશે એવી શ્રધ્ધા સાથે આપ સૌના પ્રતિભાવની આશા સહ...

**શૈલેષ રાયચુરા**
૧૨, સરકારી ક્વાટર્સ, આટકોટ રોડ,
જસદણ - ૩૬૦૦૫૦ (જિ. રાજકોટ)

## શુભેચ્છા સંદેશ

જસદણમાં છેલ્લા બે-એક વર્ષથી સામાજિક, શૈક્ષણિક અને રચનાત્મક પ્રવૃત્તિઓ અગ્રેસર બની રહી છે. ત્યારે કલાજગતનાં શુભેચ્છક - શુભચિંતક ભાઈ શ્રી શૈલેષ રાયચુરા એક બાલવાર્તાની પુસ્તિકા બહાર પાડી રહ્યા છે. તે જાણી આનંદ થયો. છેલ્લા દશેક વર્ષથી તેઓએ બાળ સાહિત્ય ઉપર ૩૦૦ ઉપરાંત વાર્તાઓ લખી ચુક્યા છે. ગુજરાતનાં અગ્રણી બાળ સામયિકોમાં તેઓની વાર્તા પ્રસિધ્ધ થતી રહી છે. જસદણની અંદર આવા બાલવાર્તાકાર પડ્યા છે. તેની ઘણા ઓછાંને ખબર હશે ત્યારે...

અમોને આશા છે કે પ્રાથમિક અને માધ્યમિક કક્ષાનાં બાળકો માટે પ્રસ્તુત પુસ્તિકામાંની વાર્તાઓ આનંદપ્રદ, મનોરંજક, રોમાંચક અને જ્ઞાનથી ભરપુર બની રહેશે. જસદણ તાલુકાનાં વધુમાં વધુ બાળકો આ પુસ્તિકાનું વાંચન કરશે તો ગૌરવ થશે જ.

અંતમાં એટલુ જ કહીશ કે વર્તમાન સમયે બાલવાર્તાઓનાં વિવિધ અંકો, પુસ્તિકાઓ, ગ્રંથો બહાર પડે જ છે ત્યારે શ્રી રાયચુરાની આ પુસ્તિકા 'સોનામાં સુગંધ' સમાન બની રહે એજ કલાજગત તરફથી હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન પાઠવું છું.

ટુંકમાં જસદણમાંથી એક વાર્તાકારની લેખનશક્તિ પ્રકાશિત બનતી રહે એજ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ વિરમુ છું.

**સંજય સખીયા**

અધ્યક્ષ, કલાજગત સાહિત્ય એકેડેમી - જસદણ

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | સોનેરી મોર અને રૂપેરી રાજહંસ | ૧ |
| ૨. | સોનેરી કમળનાં સાનિધ્યમાં | ૮ |
| ૩. | સોનપંખી | ૧૩ |
| ૪. | બુલબુલ અને ખિસકોલી | ૧૮ |
| ૫. | હંસ અને કાગડો | ૨૨ |
| ૬. | સાત સમંદર પાર | ૨૬ |
| ૭. | હંસ અને સંત | ૩૨ |
| ૮. | પોપટ આપે પ્રેરણા | ૩૬ |
| ૯. | કાળી કોયલ, રૂપેરી બગલો | ૪૦ |
| ૧૦. | દિવાળી આવી ફટાકડા લાવી | ૪૫ |
| ૧૧. | સમુદ્રી કાચબો | ૪૮ |
| ૧૨. | સોનેરી હિંચકો | ૫૨ |
| ૧૩. | અદ્‌ભૂત પોપટ | ૫૭ |
| ૧૪. | હંસ અને વાંદરો | ૬૨ |
| ૧૫. | સોનેરી હંસ અને કાળો કાચબો | ૬૭ |
| ૧૬. | દિવાળીની ઉજવણી | ૭૨ |
| ૧૭. | આંબાડાળે કોયલ ટહુકે... કૂહું...કૂહું...! | ૭૫ |
| ૧૮. | નાળીયેરીનાં વૃક્ષે વાંદરો | ૭૮ |

| | | |
|---|---|---|
| ૧૯. | ક્રોધી કાગડો | ૮૧ |
| ૨૦. | કમળનાં પુષ્પમાં મોતી | ૮૫ |
| ૨૧. | કાજુનાં વૃક્ષે વાંદરો | ૮૯ |
| ૨૨. | વનવિહારની મોજ માણે તૂઈ પોપટ | ૯૩ |
| ૨૩. | વાંદરાની વીંટી પડી તળાવમાં | ૯૮ |
| ૨૪. | પરોપકારી મોરની મહાનતા | ૧૦૨ |
| ૨૫. | સુંદરવનમાં તરણસ્પર્ધા | ૧૦૫ |
| ૨૬. | સુવર્ણ હંસની જ્ઞાનવાણી | ૧૦૯ |
| ૨૭. | સસલાભાઈએ કર્યુ સ્ટ્રોબેરીનું વાવેતર | ૧૧૪ |
| ૨૮. | ગજરાજને ઠંડકનો અહેસાસ | ૧૧૮ |
| ૨૯. | તળાવ કાંઠે કાચબો | ૧૨૨ |
| ૩૦. | સુવર્ણ કોયલનું સંગીત | ૧૨૫ |
| ૩૧. | આનંદી કાચબો | ૧૨૮ |
| ૩૨. | વૃંદાવનની વાડીમાં ઉગ્યાં સાચાં મોતીડાં | ૧૩૨ |
| ૩૩. | સુવર્ણ કાચબાનો શિકાર | ૧૩૬ |
| ૩૪. | હાથી અને સુવર્ણ ખિસકોલી | ૧૪૦ |
| ૩૫. | ટોડલે ટોડલે પોપટ બોલે | ૧૪૪ |
| ૩૬. | હેરીનો હિંચકો | ૧૪૮ |
| ૩૭. | સંતની સહનશીલતાં | ૧૫૨ |

# સોનેરી મોર અને રૂપેરી રાજહંસ

એક સુંદર મઝાનું સરોવર હતું. તે સરોવરમાં રંગ-બેરંગી પાણીથી ઉભરાતાં સરોવરની વચ્ચોવચ્ચ કેટલાક અતિસુંદર, નયનાકર્ષક એવાં રાજહંસો તરી રહ્યા હતા. જેમાં સૌથી અધિક સુંદર એવો એક 'રૂપેરી રાજહંસ' તદ્દન અલગ તરી આવતો હતો. આહ...? શું તેની તરવાની 'છટા' અને અનેરી શૈલી હતી? વાહ...? જોનારાં તો બેઘડી બસ જોયા જ કરે હોં? અન્ય રાજહંસો તેને આથી ખૂબ જ માન-પાન આપતાં હતાં.

એક દિવસની વાત છે. સંધ્યાનો સોનેરી સમય હતો. ઠંડી આહ્‌લાદક હવા લહેરાઈ રહી હતી. સૂર્યનારાયણનાં કૂમળાં કિરણો આથમવાની તૈયારી કરતાં હતાં. સરોવરમાં અન્ય



રાજહંસો સાથે તે રૂપેરી રાજહંસ પણ ખૂબ જ આનંદ - કિલ્લોલ પૂર્વક તરી રહ્યો હતો. તેનું કારણ એ હતું કે તે અન્ય રાજહંસોનો આગેવાન હતો. તેનો પડ્યો બોલ ઝીલવા માટે અન્ય રાજહંસો પડાપડી કરી રહ્યા હતા. અત્યારે તે રંગીન વાતાવરણનો અનેરો આનંદ ઉઠાવી રહ્યો હતો.

બરોબર આવા સમયે એક સુંદર મઝાનો સોને મઢ્યો એવો સોનેરી મોર ક્યાંકથી ઉડતો ઉડતો તે સરોવર ઉપર પાણી પીવાનાં ઉદ્દેશ્ય સાથે આવ્યો પછી તે કાંઠા ઉપર રહી સરોવરનું મીઠું મધ જેવું પાણી પીવા લાગ્યો. સહસા સરોવરની વચ્ચોવચ્ચ તરી રહેલ રૂપેરી રાજહંસની નજર સોને મઢ્યાં તેમજ દિવ્ય ઝગારા મારતાં સોનેરી મોર ઉપર પડી. આથી ઘડીભર તો તે ચોંકી ઉઠ્યો. અને પછી મનોમન તે બોલ્યો આહ...? આ શું? ખરેખર આવો અદ્‌ભૂત અને દિવ્ય રોશનીથી ઝગારા મારતો સોનેરી મોર આ પૃથ્વી ઉપર હોઈ શકે ખરો? કે પછી પોતે કોઈ સ્વપ્ન જોઈ રહ્યો છે?

ત્યારબાદ તે રૂપેરી રાજહંસ મનોમન તે સોનેરી મોરની ઈર્ષા કરવાં લાગ્યો. તેને લાગ્યું કે આ સોનેરી મોર પાસે પોતાનું રૂપ તદ્દન ફિક્કુ લાગે છે હોં? આથી તેનો અહ્‌મ ઘવાતો હોય તેમ તેને લાગ્યું. બાદમાં તે ગુસ્સાથી ગર્જી ઉઠ્યો, 'અરે એલા

એય મોરલાં, તું આ સરોવરનું પાણી કોને પૂછીને પી રહ્યો છે?'

અચાનક સરોવરની વચ્ચેથી રૂપેરી રાજહંસની તીખી ઈર્ષ્યાયુક્ત વાણી સાંભળી પાણી પીતો સોનેરી મોર પાણી પીતો અટકી ગયો અને પછી તે સરોવરની વચ્ચોવચ્ચ તરી રહેલ રાજહંસોને જોવા લાગ્યો. અન્ય રાજહંસો પણ રૂપેરી રાજહંસનાં ક્રોધિત અવાજથી ચોંકી ઉઠ્યાં. પછી તેઓ તે સોનેરી મોરને ફાટી આંખોએ જોવાં લાગ્યાં. અને... અને... તેઓ પણ મનોમન બોલી ઉઠ્યાં. વાહ...? શું સુંદર મઝાનો સોને મઢ્યો એવો સોનેરી મોર છે?

રૂપેરી રાજહંસ પુનઃ બરાડી ઉઠ્યો. અરે ઓ સોનેરી મોરલા, તારે આ સરોવરનું મીઠું પાણી પીવું હોય ને તો સૌ પ્રથમ તારે મારી મંજૂરી લેવી પડશે સમજ્યો? રૂપેરી રાજહંસની વાત સાંભળી નિર્દોષ, ભલો, ભોળો એવો સોનેરી મોર ચોંકી ઉઠ્યો. અને પછી બોલ્યો. અરે રૂપેરી રાજહંસજી, મારે થોડુંક અમથું પાણી પીવાનું હોય, તેમાં તે વળી મંજૂરી શાની લેવાની હોય હેં? બીજું, આ સરોવર તો ઈશ્વરે બનાવ્યું છે. અને તેમાં તમો આ સરોવરના માલિક બની ગયાં છો?

સોનેરી મોરની સત્ય પરંતુ કડક ભાષા સાંભળી રૂપેરી રાજહંસ ક્રોધથી ધુંઆકુંઆ થઈ ઉઠ્યો. ત્યારબાદ તે ગર્જનાં કરતો



બરાડી ઉઠ્યો. અરે ઓ ચાપલીનાં મોરલાં, શું તું મારી સામે ઉંચા અવાજે બોલે છે કેમ? લાગે છે કે મોર તને કંઈક 'શિક્ષા' તો કરવી જ પડશે. ત્યારબાદ તે તેનાં સાથીઓને ઉદ્દેશીને બોલ્યો 'અરે સાથીઓ, આ લુચ્ચાં મોરલાંનાં ટાંગા પકડી તેને ઢસેડીને મારી સમક્ષ લઈ આવો.'

બસ, ખલાસ? અન્ય રાજહંસો તે રૂપેરી રાજહંસનો પડ્યો બોલ ઝીલવા માટે થનગની રહ્યા હતાં. તુરંત તેઓ બધા એક સામટાં તે સોનેરી મોર તરફ ધસી ગયાં.

આ તરફ સોનેરી મોરને લાગ્યું કે આ અભિમાની એવો રૂપેરી રાજહંસને કશોક 'બોધપાઠ' તો આપવો જ પડશે. ત્યારબાદ તેણે મનોમન કશો 'દૃઢ સંકલ્પ' કર્યો અને પછી પોતાનાં બન્ને પગને મજબૂત રીતે જમીન સાથે જડી દીધા. અને બાદમાં તે રાજહંસોનાં આવવાની પ્રતિક્ષા કરવાં લાગ્યો.

તે બધા રાજહંસો ધસમસતાં સોનેરી મોરની પાસે આવી પહોંચ્યાં અને પછી બધાં એક સાથે જ સોનેરી મોરનાં પગને વળગી પડ્યાં. અને બાદમાં તેને ઘસડવા લાગ્યાં. પરંતુ આ શું...? આ સોનેરી મોર કાં જરાં પણ ખસતો નથી? બધાં રાજહંસો તનતોડ પ્રયત્ન કરવાં લાગ્યા. આવી ઠંડી ઋતુમાં પણ તે બધા રાજહંસોના કપાળ ઉપરથી પરસેવાના રેલાઓ ઉતરવાં લાગ્યાં.

અને... અને... થોડીવારમાં તો તેઓ બધાં હાંફીને એક તરફ ઢગલો થઈ ગયાં. આ જોઈ રૂપેરી રાજહંસ આશ્ચર્ય સાથે ગર્જના કરતો સોનેરી મોર સામે ધસી ગયો અને પછી તેનાં બન્ને પગને મજબૂત રીતે પકડી તેને સરોવર તરફ ખેંચવા લાગ્યો.

જ્યારે સોનેરી મોર 'દૃઢ સંકલ્પ' અને ગૂઢ હાસ્ય સાથે શાંત ભાવે ઉભો હતો. તેનાં સોનેરી ચમકતાં ચહેરાં ઉપર પરમ શાંતિ અને તેજ પથરાઈ ગયા હતાં. જાણે હિમાલયનાં કોઈ સિધ્ધયોગી ના હોય?તેમ સોનેરીમોર ઊભો હતો. જ્યારે અહંમ્ અને અભિમાનથી ભરેલો રૂપેરી રાજહંસ પરસેવે રેબઝેબ થતો સોનેરી મોરનાં પગને ખેંચી રહ્યો હતો. તેમજ મનોમન તે ગડમથલ અને મુંઝવણ પણ અનુભવી રહ્યો હતો. અરે આ એક સામાન્ય મોરલાનું આટલું બધું તે વજન શું ખરેખર હોઈ શકે ખરૂ? કે પછી આ કોઈ શક્તિશાળી અને માયાવી મોર હશે? અંતે તે રૂપેરી રાજહંસનું અભિમાન ઓગળવાં લાગ્યું તેને સત્યનું ભાન અને જ્ઞાન થવા લાગ્યું. હા, પોતે ખોટા અભિમાનનાં તોરમાં આવી આ નિર્દોષ, ભલા-ભોળાં એવાં સોનેરી મોરનું અપમાન કરી બેઠો હતો ને? તેમજ જો ખોટી ઈર્ષાનાં રંગમાં પોતે ન રંગાયો હોત તો? તો... તો... અત્યારે પોતાની આવી પરિસ્થિતિ થઈ જ ન હોત હોં?



ત્યારબાદ તે રૂપેરી રાજહંસ સોનેરી મોરનાં પગ છોડી, બે હાથ જોડી તેની માફી માંગતાં વિનમ્ર સ્વરે બોલી ઉઠ્યો. હે સોનેરી મોરજી, ખરેખર હું ખોટા અહંમ્માં આવી ગયો હતો. અને... અને.. તમારું અપમાન કરી બેઠો હતો? તો તો તે બદલ મને 'ક્ષમા' કરશો? સોનેરી મોરે જોયું તો ખરેખર તે રૂપેરી રાજહંસની આંખોમાંથી પસ્તાવાનાં આંસુઓ ચાલ્યે જતાં હતાં. અન્ય રાજહંસો પણ સોનેરી મોર તરફ બે હાથ જોડી માફી માંગી રહ્યા હતા. ત્યારબાદ તે સોનેરી મોર મધુર વિનમ્ર સ્વરે બોલ્યો. હે રૂપેરી રાજહંસજી, જીવનમાં ક્યારેય રૂપનું અભિમાન કરવું જોઈએ નહીં હોં? તેમજ ઈશ્વરે આપણને દરેકને અલગ અલગ રૂપ-રંગ આપ્યા છે, અને જુદા જુદા કર્મો કરવા માટે મોકલ્યા છે તો પછી શા માટે કોઈ ઉપર આપણે ખોટો 'રોફ' જમાવવો જોઈએ બરાબરને?

સોનેરી મોરની બોધપ્રદ, પ્રેરણાત્મક, મીઠી-મધુર વાણી સાંભળી રૂપેરી રાજહંસ તેમજ અન્ય રાજહંસોની આંખો ભરાઈ આવી. તેઓ બધાંને લાગ્યું કે ખરેખર જીવન જ હવે શરૂ થાય છે હોં? ત્યારબાદ સોનેરી મોર બધાં રાજહંસોને 'માફી' બક્ષતો તેમજ આશીર્વાદ આપતો ત્યાંથી ચાલ્યો ગયો. બાદમાં તે રૂપેરી રાજહંસ પોતાનું ગુમાન અને અભિમાન ઉતારી બધાં જ રાજહંસો

સાથે મિત્રતાપૂર્વક વ્યવહાર કરતો તેમજ પરોપકારી બની આનંદપૂર્વક તે સુંદર મઝાનાં સરોવરમાં રહેવા લાગ્યો.



# સોનેરી કમળનાં સાનિધ્યમાં

એક સુંદર મઝાનું સરોવર હતું. તે સરોવરમાં અનેક પ્રકારનાં રંગબેરંગી કમળો આવેલ હતાં. અને તે બધાં રંગબેરંગી કમળોનાં શીરમોર એવું એક સોને મઢ્યું એવું 'સોનેરી કમળ' પણ હતું. તે 'સોનેરી કમળ' ખૂબ જ શિક્ષિત, જ્ઞાની, ધીર-ગંભીર અને પરોપકારી સ્વભાવનું હતું. અન્ય રંગબેરંગી કમળોનાં સુખ-દુઃખમાં તે હંમેશાં સહભાગી બની દરેકને આનંદ, બોધ, જ્ઞાન અને શિક્ષણ આપતું. આથી તે સરોવરમાં રહેલ રંગબેરંગી કમળો તે 'સોનેરી કમળ' ને ખૂબ જ માન અને સન્માન આપતાં હતાં.

એક દિવસની વાત છે. સંધ્યાનો સોનેરી તેમજ આહ્‌લાદક સમય હતો. ચારે તરફ ખૂશ્નુમાં વાતાવરણ હતું. સરોવરમાં રંગબેરંગી કમળો સાથે તે જ્ઞાની-નિરાભિમાની એવું 'સોનેરી

કમળ' જ્ઞાનસભર વાર્તાલાપ કરી રહ્યું હતું. પ્રેરક-ઉપદેશાત્મક તેમજ શિક્ષણાત્મક વાતોમાં એવું તે ગુંથાઈ ગયું હતું કે સમયનું અને આસપાસનું બધાંને ભાન જ ન રહ્યું.

બરોબર આવા સમયે એક ચુંચી આંખ ધરાવતો તેમજ ઈર્ષાળુ પ્રકૃતિનો એવો કાળો ભમરો ક્યાંકથી ઉડતો ઉડતો તે સરોવર ઉપર આવી ચડ્યો. અને પછી સહસા તેની ચુંચી-ફાંગી નજર સરોવરમાં તરી રહેલ રંગબેરંગી કમળો ઉપર તેમજ તે જ્ઞાન સભર વાર્તાલાપ કરી રહેલ એવાં 'સોનેરી કમળ' ઉપર પડી આ જોઈ તેની આંખોમાં ઈર્ષાનાં ભાવો ઉભરાવાં લાગ્યાં. વાહ...! જીવનમાં આવા સુંદર મઝાનાં 'સોનેરી કમળ'નાં મધુર - મીઠા રસનો ક્યારેય લ્હાવો મળેલ નહોતો હોં ! અને આજે આ શક્તિવર્ધક, તાકાતવાન એવાં 'સોનેરી કમળ' નો મધુર રસ તો પીવો જ પડશે! આ ઉપરાંત તે 'સોનેરી કમળ' ને હેરાન-પરેશાન કરવાનો અવસર પણ મળશે હોં? આમ વિચારી તે ઈર્ષાળુ કાળો ભમરો 'સોનેરી કમળ' તરફ ઉડવાં લાગ્યો.

જ્યારે આ તરફ નિર્દોષ, નિર્દંભ, ભલા-ભોળાં અને પ્રકૃતિ-પ્રેમી એવાં રંગબેરંગી કમળો સાથે તે 'સોનેરી કમળ' જ્ઞાન-સભર વાર્તાલાપો કરી રહ્યું હતું કે અચાનક તે કાળો ઈર્ષાળુ ભમરો 'સોનેરી કમળ' ઉપર આવી પહોંચ્યો. અને પછી પોતાનાં



તીક્ષ્ણ દાંતો તે 'સોનેરી કમળ' નાં શરીર ઉપર ભોંકવાં લાગ્યો. અને પછી તેનો મધુર-મીઠો રસ તે ચૂસવાં લાગ્યો.

અચાનક પોતાનાં શરીર ઉપર કાળા ભમરાનાં તીક્ષ્ણ દાંતો ભોંકાવાથી તે નિર્દોષ 'સોનેરી કમળ' ચોંકી ઉઠ્યું. અને પછી તે બોલી ઉઠ્યું અરે ઓ કાળા ભમરાજી, તમો તે આ શું કરી રહ્યા છો? તેમજ તમારા તીક્ષ્ણ દાંતો શા માટે મારાં કૂમળાં શરીર ઉપર ભોંકી રહ્યા છો? આ સાંભળી કાળો ઈર્ષાળુ ભમરો બોલી ઉઠ્યો. અરે ઓ સોનેરી કમળીયાં, તારાં શરીરમાં રહેલ મધુર-મીઠો અને શક્તિદાયક રસ ચૂસી હું વિશ્વનો શ્રેષ્ઠ પહેલવાન બનવાં માંગુ છું. જેથી વિશ્વભરમાં મારુ નામ 'રોશન' થાય. અને લોકો મને ઈનામ-અકરામ આપતા થાય હોં?

કાળા ભમરાની આવી વિચિત્ર વાત સાંભળી 'સોનેરી કમળ' પુનઃ નમ્રતાપૂર્વક બોલ્યું. પરંતુ ભમરાજી, જો તમો મારો બધો જ રસ ચૂસી જશો તો મારાં જીવનનો 'અંત' જ આવી જશે? આ સાંભળી કાળો ભમરો ગુસ્સાથી ગર્જી ઉઠ્યો. અરે સોનેરી કમળીયાં, તારો 'અંત' આવે તેમાં મારે કેટલાં ટકાં? આમ બોલી તે 'સોનેરી કમળ' નો રસ વધુને વધુ ચૂસવાં લાગ્યો. અન્ય રંગબેરંગી કમળો ફાંટી આંખે તે કાળીયાં, ઈર્ષાળું કાળા ભમરાની આવી હીન 'હિંસાત્મક પ્રવૃત્તિ' નિહાળી રહ્યાં હતાં.

અને સાથો સાથ વિચારી રહ્યાં હતાં કે શું આજે આ નિર્દોષ, જ્ઞાનસભર એવાં 'સોનેરી કમળ'નાં અમૂલ્ય જીવનનો કરુણ અંત આવી જશે? શું તેઓ બધાં આ સરોવરમાં 'સોનેરી કમળ' વગર રહી શકશે ખરા?

બાદમાં તેઓ બધાં 'મા સરસ્વતી દેવી'ને વિનમ્ર પ્રાર્થના કરવા લાગ્યાં. ''હે મા સરસ્વતી દેવી, તમારાં ચરણોમાં અમારું કાયમનું સ્થાન હોય છે. અમો બધાં નિર્દોષ, પ્રકૃતિ-પ્રેમીઓ શાંતિપૂર્વક આ સરોવરમાં રહીએ છીએ અને... અને... આજે અત્યારે આ ઈર્ષાળું ભમરો અમારાં આગેવાન, જ્ઞાની એવાં 'સોનેરી કમળ'નાં અમૂલ્ય જીવનનો કરુણ અંત આણવાં માટે તૈયાર થઈ ગયો છે. તો શું તે ઉચીત કરી રહ્યો છે? તો હે મા સરસ્વતી દેવી તમો તે 'સોનેરી કમળ' ની રક્ષા કરશો.''

આમ, તે નિર્દોષ રંગબેરંગી કમળો 'મા સરસ્વતી દેવી'ને અંતરથી પ્રાર્થના કરવાં લાગ્યાં અને... અને... ખરેખર 'મા દેવી સરસ્વતી' એ તે નિર્દોષ, પ્રકૃતિ-પ્રેમી એવાં રંગબેરંગી કમળોની ખરાં હૃદયની અને અંતરની પ્રાર્થનાં સાંભળી હોય, તેમ તે 'સોનેરી કમળ'ને અદ્‌ભૂત, અલૌકિક શક્તિ પ્રદાન કરી અને... અને... તે સાથે જ તે 'સોનેરી કમળ' નાં શરીરમાંથી આંખો આંજી નાખે એવી રોશનીનો 'ધોધ' ફેલાવાં લાગ્યો. જાણે



કોઈ શક્તિશાળી ''પાવર હાઉસ'' ના ઉભુ થયુ હોય! તેમ તે 'સોનેરી કમળ'નાં દિવ્ય, તેજોમય પ્રકાશનો ધોધ વહેવા લાગ્યો. અને... અને... તે સાથે જ કાળો ભમરો જે 'સોનેરી કમળ'નો રસ ચૂસી રહ્યો હતો તે ચોંકી ઉઠ્યો. અને પછી તે આટલો બધો વિપુલ પ્રમાણમાં પ્રકાશ જોઈ, તે ગભરાઈ ઉઠ્યો. અને... અને... તે વિપુલ પ્રકાશનો તાપ સતત વધતો ગયો. તે સાથે જ કાળો ભમરો તે તાપ સહન ન કરી શકતાં તે એક તરફ ઉંધો વળી ગયો. તેની આંખોમાં કાળી વેદનાં થવા લાગી અને પછી તે 'ભફાંગ' કરતો સરોવરમાં જઈ પડ્યો.

અને સરોવરનાં પાણીમાં તે તણાવા લાગ્યો. આવું અકલ્પિત દૃશ્ય જોઈ રંગબેરંગી કમળો આશ્ચર્ય અનુભવતાં 'મા સરસ્વતી દેવી'નો મનોમન આભાર માનવાં લાગ્યાં. અને તે સાથે જ 'સોનેરી કમળ' પુનઃ પૂર્વવત પોતાનાં અસલ રૂપ, રંગ અને ગુણધર્મમાં આવી ગયું. અને પછી તે પણ 'મા સરસ્વતી દેવી' નો અંતરથી રક્ષા કરવાં બદલ આભાર માનવાં લાગ્યું.

આમ, પુનઃ સાંજ પડતાં જ તે સરોવરમાં 'સોનેરી કમળ'નાં જ્ઞાનસભર, સાનિધ્યમાં રંગબેરંગી કમળો આનંદનો તેમજ જ્ઞાનનો આલાપ છેડવાં લાગ્યાં. આ જોઈ પ્રકૃતિ સાતે 'મા સરસ્વતી દેવી' પણ પ્રસન્ન થઈ ઉઠ્યાં.

# સોનપંખી

એક સુંદર મઝાનું રળિયામણું એવું ગામ હતું. તે ગામનું નામ વૈકુંઠગામ હતું. તે વૈકુંઠ ગામમાં નિકુંજ અને નિકિતા બે ભાઈ-બહેન રહેતાં હતાં. તે બન્ને ભાઈ-બહેન ખૂબ જ ઉત્સાહિત, પ્રવૃત્તિશીલ અને નવું નવું શિખવાની - જાણવાની જિજ્ઞાસાવૃત્તિ ધરાવતા હતાં.

તે ગામથી થોડે દૂર એક બાગ આવેલ હતો. તે બાગ તદ્દન ઉજ્જડ અને ફળ-ફૂલો વિનાનો હતો. આથી તે બાગમાં મનુષ્ય કે પંખીઓ જતાં નહીં. પરંતુ એક દિવસ નિકુંજ અને નિકીતા ફરતાં ફરતાં તે બાગમાં જઈ ચડ્યા. અને પછી તે બાગની આવી નિર્જીવ-સુષુપ્ત દશા જોઈ તે બન્નેએ દ્રઢ સંકલ્પ કર્યો કે આજથી આ બાગની સાફ-સુફી અને તેની માવજતની સંપૂર્ણ જવાબદારી



તેમની રહેશે.

ત્યારબાદ તે બન્ને નિર્દોષ, પરિશ્રમી બાળકો તે બાગની સાફ-સફાઈમાં લાગી ગયા. અને પછી તે બાગમાં તેઓએ જાત-જાતનાં ફળ-ફૂલો વાવ્યાં. અને... અને... તે ગામ લોકોનાં આશ્ચર્ય વચ્ચે થોડાં સમયમાં તો તે બાગમાં ફળ-ફૂલોનો મધુર તેમજ રંગ-બે-રંગી ફાલ લહેરાવાં માંડ્યો. ફળોમાં કેરી, દાડમ, ચીકું, બદામ, કેળા, સીતાફળ, પપૈયા વગેરે જ્યારે ફૂલોમાં ગુલાબ, પારિજાત, મોગરો, જૂઈ, જાસૂદ, ચમેલી, સૂર્યમુખી, રાતરાણી, બોગનવેલ વગેરેની મીઠી ખૂશ્બોથી તે બાગ જીવંત અને રોનકમય થઈ ઉઠ્યો.

અને સાંજ પડતાં જ તે બાગમાં નીત-નવાં પંખીઓ ગહેકવા, ચહેકવાં માટે ઉમટી પડતાં, તે પંખીઓમાં મેના-પોપટ, કાબર-કોયલ, મોર-ઢેલ, હોલા-હોલી, બુલબુલ, ચાતક, ચક્રવાક, બપૈયો વગેરેથી તે બાગ ઉભરાઈ ઉઠતો. આવી અનોખી ભાત પાડતાં, ઝબકતાં-ઝગારા મારતાં બાગને જોઈ ગામ લોકો દંગ રહી ગયાં. અને તે બન્ને બાળકોને બિરદાવવાં લાગ્યાં.

એક દિવસની વાત છે. સંધ્યાનો સોનેરી સમય હતો. ઠંડી આહ્‌લાદક હવા લહેરાઈ રહી હતી. તે બાગમાં નિકુંજ અને નિકીતા નાનાં-નાનાં ફૂલછોડને ફુવારાથી પાણી પાઈ રહ્યાં હતાં,

કે અચાનક એક સોને મઢ્યું એવું રૂપકડું અને સુંદર મઝાનું 'સોનપંખી' તે બાગમાં આવી ચડ્યું. અને પછી આવો સુંદર મઝાનો તેજથી અને ફળ-ફૂલોથી સુશોભિત બાગને જોઈ તે 'સોનપંખી' આનંદથી ઝૂમવાં લાગ્યું. અને... અને... પછી તે 'મા દેવી સરસ્વતી'ની આરાધના સાથે ગુલમહોરની ડાળે જઈ મધુર કંઠે મીઠાં ગીતો ગાવાં લાગ્યું. આહ! શું તેના કંઠમાં અને ગીતોમાં મધુર મીઠાશ હતી! નિકુંજ અને નિકીતા દોડીને ગુલમહોરનાં વૃક્ષ નીચે બેસીને તે 'સોનપંખી'નાં મધુર ગીતો સાંભળવાં લાગ્યાં. અને... અને... થોડીવારમાં તો તે 'સોનપંખી'નાં ગીતોની જાદુઈ અસરની અન્ય રંગ-બે-રંગી પંખીઓ પણ તે બાગમાં ઉભરાવાં લાગ્યાં. ત્યારે ત્યાં આગળનું પ્રાકૃતિક-કુદરતી વાતાવરણ જોઈ હવા, વૃક્ષો પણ ડોલવા લાગ્યાં.

બાદ, પૃથ્વી ઉપર અંધકારનાં ઓળા ઉતરી આવ્યા ત્યાં સુધી તે બાગનું રોનકમય અને રોશનીમય વાતાવરણ રહ્યું. બાદમાં 'સોનપંખી' એ ગીત બંધ કર્યું અને પછી તે બાગમાં બે ભૂલકાંઓને જોઈ તે બોલ્યું "અરે બાળકો, તમો હજુ સુધી અહીં જ બેઠા છો? બીજું, હું જાણું છું કે આ બાગને મહેકતો અને ચહેકતો કરવા માટે તમો બન્નેએ અથાગ પરિશ્રમ ઉઠાવ્યો હતો." નિકુંજ અને નિકીતા તે અદ્ભુત એવાં 'સોનપંખી'ની મીઠાસભરી



વાણીને એકાગ્રતાપૂર્વક સાંભળી રહ્યાં.

થોડીવાર રહી તે 'સોનપંખી' બોલ્યું, "હે ભૂલકાઓ, શું તમારે મારી પાસેથી કંઈ માંગવુ છે? બીજું તમારે જોઈએ છે શું?" નિકુંજ બોલ્યો "હે 'સોનપંખી' જી, અમારે કશું જ જોઈતું નથી. ફક્ત એક નમ્ર વિનંતી છે કે તમો રોજ સાંજે આ બાગમાં આવી અમોને તમારું મધુરી ગીત સંગીત અને જ્ઞાનમય વાર્તાઓ સંભળાવશો તો તમારાં આભારી થઈશું." નિર્દોષ નિકુંજની વાત સાંભળી 'સોનપંખી' બોલ્યું "ભલે ભૂલકાઓ, તમારી ગીત-સંગીત અને જ્ઞાનમય વાર્તાઓ સાંભળવાની ઈચ્છા છે ને. તો કાલથી જ તમોને રોજ સાંજે આવીને નીત-નવાં ગીત - સંગીત સંભળાવીશ તેનું હું તમોને "વચન" આપુ છું." આ સાંભળી નિકુંજ અને નિકીતા તે 'સોનપંખી'નો આભાર માનતાં ઘર તરફ ચાલતાં થયાં.

અને... અને... ખરેખર સાંજ પડતા જ તે મઘ-મઘતા અને ફળ-ફૂલોથી ઉભરાતા એવાં બાગમાં તેમજ 'સોનપંખી'નાં અણમોલ સંગીતમય સાનિધ્યમાં, નિકુંજ અને નિકીતા, ચિંતન, રોનક, ભરત-કાજલ, વિજય, નટવર, પ્રસાદ, ગરિમા, અભિલાષા વગેરે તે નિર્દોષ 'બાલમંડળી 'ગીત-સંગીત' અને જ્ઞાનમય વાર્તાઓ ગ્રહણ કરવાં લાગ્યાં.

આ જોઈ કુદરત પણ જાણે તે 'બાલમંડળી'નાં સભ્ય બની 'સોનપંખી' નાં કંઠેથી રેલાતી જ્ઞાનમય સરવાણી સાંભળવાં થંભી ગઈ.



# બુલબુલ અને ખિસકોલી

એક સુંદર મજાનું ગુલમહોરનું વૃક્ષ હતું. તે વૃક્ષ ઉપર એક બુલબુલ પોતાનો માળો બાંધી તે તેમાં આનંદપૂર્વક રહેતું હતું.

તે બુલબુલને ગીત ગાવાનો ભારે શોખ હતો. તેના કંઠમાં કુદરતે ગીતોનો મધુરરસ ભરી દીધો હતો. તેથી સાંજ પડતાં જ તેનાં કંઠમાંથી સુંદર મઝાનાં રાગસભર ગીતો વહેતાં થતાં હતાં. મધુર રાગસભર ગીતો સાંભળવા માટે આસપાસનાં વૃક્ષો ઉપર રહેતાં પંખીઓ ઉમટી પડતાં હતાં. પંખીઓમાં ખાસ તો મેના-પોપટ, મોર-ઢેલ, હોલા-હોલી, કાબર-કોયલ, કબૂતર, દેવચકલી, ચક્રવાક, બપૈયો વગેરે હતાં.

એક દિવસની વાત છે. સંધ્યાનો સોનેરી અને આહ્લાદક સમય હતો. ઠંડી-મીઠી હવા લહેરાઈ રહી હતી. ગુલમહોરનાં

વૃક્ષ ઉપર બુલબુલ સુંદર મઝાનાં રાગરાગિણીસભર ગીતો ગાવામાં મશગૂલ હતું. અન્ય પંખીઓ ટોળે મળી ગીતો સાંભળવાનો અદ્ભુત આનંદ લઈ રહ્યાં હતાં. બરોબર આવા સમયે એક ખિસકોલી ક્યાંકથી આવી ચડી અને તેણે ગુલમહોરનાં વૃક્ષ ઉપરનું આવું કુદરતી પ્રાકૃતિક વાતાવરણ જોયું. આથી તેના મનોજગતમાં ઈર્ષા ઊભરાઈ આવી અને તેણે મનોમન નિર્ણય કર્યો કે કાલ સવારે તે બુલબુલ પાસે જવું જ પડશે.

બીજે દિવસે તે ઈર્ષાળું ખિસકોલી બુલબુલનાં માળા પાસે પહોંચી ગઈ અને પછી ગરજતા સ્વરે બોલી ઉઠી 'અરે એય બુલબુલ ચાલ મારું ગુલમહોરનું વૃક્ષ છોડી અન્યત્ર ચાલ્યું જા જોઈએ!' બુલબુલ ખિસકોલીનો ક્રોધિતચહેરો જોઈ તે બોલ્યું. ''આવો આવો ખિસકોલીબહેન! શું વાત છે ખિસકોલી બહેન?'' બુલબુલનો મધુર સ્વર સાંભળી ખિસકોલી વધુ ભડકી ઉઠી અને બોલી ''આ ગુલમહોરનું વૃક્ષ મારું છે. હું આ ગુલમહોરનાં વૃક્ષ ઉપર ઘણા સમય થયે રહેતી હતી. થોડા દિવસ હું બહારગામ ગઈ તેમાં તો તું આ મારું ગુલમહોરનું વૃક્ષ પચાવી પાડવા લાગ્યું કેમ?'' બુલબુલ બોલ્યું, ''ખિસકોલીબહેન, આમા પચાવી પાડવાનો કોઈ સવાલ જ ઉપસ્થિત થતો નથી! આ વૃક્ષ ઉપર કોઈ રહેતું નહોતું એટલે મને થયું કે માળો બાંધી હું આ



ગુલમહોરના વૃક્ષ ઉપર રહું. તેમજ આ વૃક્ષનું હું જતન કર્યું છે. માટે જા હવે આ વૃક્ષ ઉપરથી એટલે આ વૃક્ષનું જતન હું કરી શકું.''

અને આમ તે ખિસકોલીએ બુલબુલને ગુલમહોરના વૃક્ષ ઉપરથી તગેડી મૂક્યું. બુલબુલ દુઃખ સાથે ગુલમહોરનું વૃક્ષ છોડી અન્ય વૃક્ષ ઉપર જતું રહ્યું.

બુલબુલ જે વૃક્ષ ઉપર રહેવાં ગયું હતું તે વૃક્ષ પાંદડા વગર તદ્દન નિર્જીવ અને મૃતઃપાય જેવું લાગતું હતું. પરંતુ બુલબુલ જેવું તે વૃક્ષ ઉપર રહેવાં ગયું તે સાથે જ તે વૃક્ષ દિન-પ્રતિદિન વિકાસ સાધતું ગયું. અને થોડા સમયમાં તો તે વૃક્ષનાં રૂપ-રંગ ખીલી ઉઠ્યાં. ડાળીએ ડાળીએ ફળ-ફૂલો લહેરાવાં લાગ્યાં. આ જોઈ અન્ય પંખીઓ આશ્ચર્યચકિત રહી ગયાં. જ્યારે ઈર્ષાળું ખિસકોલી જે ગુલમહોરનાં વૃક્ષ ઉપર રહેતી હતી તે વૃક્ષનાં પર્ણો બધાં ખરી ગયાં અને તે વૃક્ષ નિર્જીવ, મૃતઃપ્રાય જેવું બની ગયું. આ જોઈ ઈર્ષાળુ ખિસકોલી ગભરાઈ ઉઠી. અન્ય પંખીઓ પણ આવો અદ્ભુત ચમત્કાર જોઈ દંગ રહી ગયાં અને મનોમન વિચારવાં લાગ્યાં કે નક્કી આ બુલબુલ કોઈ દૈવી પંખી છે!

ત્યારબાદ તે ખિસકોલી પસ્તાવા સાથે બુલબુલ પાસે ગઈ અને બે હાથ જોડી માફી માંગતા સ્વરે તે બોલી ''બુલબુલજી,

ખરેખર હું તમારી ગુનેગાર છું. મેં તમોને વગર વાંકે તે ગુલમહોરનાં વૃક્ષ ઉપરથી તગેડ્યાં હતાં, તે બદલ મને ક્ષમા કરશો." અને વધુ નમ્ર બનીને બોલી "તેમજ તમો તે ગુલમહોરનાં વૃક્ષ ઉપર કાયમને માટે રહેવા આવો તો તમારો મોટો ઉપકાર થશે!"

બુલબુલે જોયું તો ખિસકોલીની આંખમાં પસ્તાવાનાં આંસુ વહી જતાં હતાં અને તેને તે ખિસકોલીની દયા આવી અને પછી તે ખિસકોલી સાથે ગુલમહોરનાં વૃક્ષ ઉપર રહેવા ગયું. બસ, ખલાસ! ગુલમહોરનાં વૃક્ષને બુલબુલનો સ્પર્શ થતાં જ ગુલમહોરનું વૃક્ષ આનંદિત થઈ ડોલવાં લાગ્યું અને વૃક્ષની નસેનસમાં નવચેતનાનો સંચાર થયો અને થોડી વારમાં તો તે ગુલમહોરનાં વૃક્ષ ઉપર તાજાં તાજાં લીલાછમ પર્ણો અને રંગબેરંગી ફૂલોનો ફાલ લહેરાવાં લાગ્યો.

આ જોઈ ખિસકોલી સાથે અન્ય પંખીઓ આનંદથી પૂરબહારમાં ઝૂમવા લાગ્યાં. વળી, તે ગુલમહોરમાં વૃક્ષ પાસેનું વાતાવરણ પ્રાકૃતિક દશ્યોથી ઉભરાઈ ગયું.



# હંસ અને કાગડો

એક સુંદર મઝાનું સરોવર હતું. તે સરોવરમાં એક હંસની જોડી ખૂબ જ આનંદ અને ઉલ્લાસપૂર્વક તરી રહી હતી. હંસ અને હંસલી અલક મલકની વાતો, વાર્તાઓ વગેરે એક બીજાને સંભળાવી રહ્યા હતાં.

અચાનક એવામાં તે સરોવર ઉપરથી એક ઈર્ષાળુ કાગડો પસાર થયો અને તેની નજર આ સરોવરમાં તરી રહેલ હંસની જોડી ઉપર પડી. તેમજ હંસ અને હંસલીને અલક-મલકની વાતો કરતા જોઈ ઈર્ષાળુ કાગડો મનોમન સમસમી ઉઠ્યો. ત્યારબાદ તેણે સરોવરનાં કાંઠા ઉપરથી નાનાં-નાનાં પથ્થરો ચાંચમાં ભરીને તે નિર્દોષ, ભલા-ભોળાં હંસ અને હંસલી ઉપર પથ્થરોનો વાર કરવા લાગ્યો. પથ્થરોની વાર શરૂ થતાં હંસ અને હંસલી ચોંકી

ઉઠ્યા અને બાદમાં ઉંચે જોયું તો ઈર્ષાળું કાગડો પથ્થરોનો વરસાદ વરસાવી રહ્યો હતો. આ જોઈ હંસે બૂમ પાડી અરે ઓ કાગડાભાઈ આ પથ્થરોનો વાર અમારા ઉપર શા માટે કરો છો? અમોએ તમારું શું બગાડ્યું છે?

હંસની વાત સાંભળી ઈર્ષાળું કાગડો વધુ જોશપૂર્વક પથ્થરો ફેંકવા લાગ્યો. તેમ છતાં તેઓ બન્ને પથ્થરોનો વાર સહન કરતાં રહ્યાં. પરંતુ ઈર્ષાળું કાગડો અટક્યો નહીં. તે ખૂબ જ ખૂન્નસપૂર્વક પથ્થરો મારતો રહ્યો. અંતે હંસલીની સહનશક્તિનીહદ આવી ગઈ. તેને લાગ્યું કે આ લુચ્ચો અટકચાળો કાગડો પથ્થરો મારવાનું બંધ કરશે જ નહીં! એટલે હવે તે લુચ્ચા કાગડાનો પ્રતિકાર કરવો જ પડશે! ત્યાર બાદ હંસે સરોવરની અંદર ડૂબકી મારી અને તળીયેથી એક ચમકતો પથ્થર ઉપાડી લાવ્યો. બાદમાં તેણે ઉડતા લુચ્ચા કાગડાનું નિશાન સાધી ચમકતો પથ્થર સીધો તેના ઉપર ઘા કર્યો.

લુચ્ચા કાગડાએ હંસની જોડી પોતાનો પ્રતિકાર કરશે તેવી કલ્પના સુદ્ધા કરેલ નહીં! તે તો મનોમન ઈર્ષાનો આનંદ અનુભવતો હંસની જોડી ઉપર પથ્થરોનો વરસાદ વરસાવવામાં મશગુલ હતો. અચાનક તેના આશ્ચર્ય વચ્ચે એક ખૂબ જ પાણીદાર અને ચમકતો પથ્થર તેનાં માથા ઉપર ‘ફડાક’ કરતો આવ્યો અને



તે વધુ કશું સમજે, વિચારે તે પહેલા તો તે ઈર્ષાળું કાગડો તમ્મર ખાઈને સરોવરમાં ગબડી પડ્યો. તેને ધોળા દિવસે રંગબેરંગી તારાઓ દેખાવા લાગ્યા અને... અને... હવે જ તે કાગડાને ખરું ભાન થયું! હા, તેણે પોતે તો પેલાં નિર્દોષ. ભલા-ભોળાં અને પ્રકૃતિપ્રેમી એવા હંસની જોડી ઉપર પથ્થરોનો વરસાદ વરસાવ્યો હતો ને? અને... ખુદને ફક્ત એક જ પથ્થર વાગતાં કેવું દુઃખ થતું હતું? અને આમ હવે તે કાગડાને હંસની જોડી ઉપર પથ્થરો વરસાવવા બદલ ભારે પસ્તાવો થવા લાગ્યો તેની આંખોમાં પસ્તાવાનાં આંસુઓ ઉભરાવાં લાગ્યાં.

ત્યારબાદ તે કાગડો પરાણે સરોવરમાંથી ઉભો થયો અને બે હાથ જોડી હંસ પાસે ગયો અને તેમની માફી માંગતા સ્વરે તે બોલી ઉઠ્યો, ‘અરે ઓ હંસજી, હું તમારો ગુનેગાર છું. મેં તમોને ખૂબ જ પથ્થરો માર્યા છે તે બદલ મને ક્ષમા કરશો!’ કાગડાની આંખોમાં થતો ખરેખરનો પસ્તાવો જોઈ હંસ અને હંસલીને તેની ખૂબ જ દયા આવી. ત્યારબાદ કાગડાને માફ કરતાં હંસ બોલી ઉઠ્યો “કાગડાભાઈ, આપણે કોઈનું ભલુ ન કરી શકતા હોઈએ તો તેનો કશો વાંધો નહીં, પરંતુ કોઈનું બૂરુ તો ન જ કરવું જોઈએ બરોબરને?” હંસની પ્રેરકવાણી સાંભળી કાગડો ક્ષોભ અનુભવવા લાગ્યો. બાદમાં તે હંસ અને હંસલીની માફી માંગતો

પોતાના રસ્તે ચાલ્યો ગયો.

પુનઃ તે સુંદર મઝાના સરોવરમાં હંસ અને હંસલી ખૂબ જ આનંદપૂર્વક તરવાં લાગ્યાં.



# સાત સમંદર પાર

વિશાળ સમંદરનાં કાંઠાં ઉપર બેઠો ચિંતન ગહન, ઉંડા વિચારોમાં ખોવાઈ ગયો હતો. હા, ચિંતન એક ગરીબ ઘરનો છોકરો હતો. તેમજ ચિંતનની બુધ્ધિશક્તિ તેમજ પરોપકારની ભાવનાં ખૂબ જ ઉચ્ચપ્રકારની હતી. તે મનોમન સતત વિચાર્યા કરતો હતો કે જો પોતાની પાસે અઢળક ધન હોત ને તો તે ગરીબ ઘરનાં બાળકોનાં શિક્ષણ પાછળ તથા ગ્રામવિકાસનાં જરૂરી કાર્યો પાછળ અવશ્ય જરૂરથી વાપરત હોં!

ગાઢ રાત્રીનો અંધકાર પૃથ્વી ઉપર પથરાઈ ગયો હતો. ચારે તરફ ઠંડી-મીઠી હવા લહેરાઈ હતી. આકાશમાં તારલા ઝબૂકી રહ્યાં હતાં. ચિંતન ગાઢ રાત્રીમાં સમંદરને નીરખી રહ્યો હતો. સમંદરની છાતી ઉપર અસંખ્ય સ્ટીમરો જહાજો, તેમજ

નાનાં નાનાં હોડકાઓ તરી રહ્યા હતાં અને તેમાંથી આવતો આછો આછો પ્રકાશ એક દીવાનાં પ્રકાશ જેવો ટમ ટમ થઈ રહ્યો હતો. જયારે સમંદરનાં કાંઠા ઉપરથી દીવાદાંડીનો તેજપ્રકાશ પુરી શક્તિથી ચારે તરફ ઘૂમી રહ્યો હતો. અને અજાણ્યાં રાહદર, જહાજને દિશાસૂચન કરી રહ્યા હતા.

સહસા ચિંતનનાં ચહેરા ઉપર એક જોરદાર પ્રકાશ રેલાઈ ઉઠ્યો. અને તે સાથે જ ચિંતનની આંખો મિંચાઈ ગઈ. અને જ્યારે તેણે પોતાની આંખો ખોલી તો સામે જ એક વિશાળકદની તેમજ દિવ્યતેજથી ઝગારા મારી રહેલ એક સોનેરી માછલીને પોતાની સામે ઉભેલ જોઈ ચિંતન આશ્ચર્ય ચકિત રહી ગયો. અચાનક તે 'સોનેરી માછલી' બોલી ઊઠી, હે બાળક, તું અત્યારે મધ્યરાત્રીનાં અહીં શું કરી રહ્યો છો? સોનેરી માછલીની વાણી સાંભળી ચિંતન બોલી ઉઠ્યો. હે સોનેરી માછલીજી, આ સમંદર અને તેનાં ઉછળતાં મોજાઓ જોવાની મને ખૂબ જ મઝા આવે છે. તેમજ સમંદર ઉપર તરી રહેલ જહાજો, હોડકાઓને પણ જોવાની મને મઝા પડે છે હોં? ચિંતનની વાત સાંભળી પુનઃ સોનેરી માછલી બોલી ઉઠી. ઉંડા વિચારોમાં ખોવાઈ ગયો હતો બરોબરને? સોનેરી માછલીની ભાવ વાચક વાણી સાંભળી ચિંતન ચોંકી ઉઠ્યો. અને પછી તે નિખાલસ સ્વરે બોલી ઉઠ્યો, હા,



સોનેરી માછલીજી, તમારી વાત સાચી છે. અને મારી સાચી હકીકત હવે સાંભળો. હું એક ગરીબ ઘરનો છોકરો છું. મારી પાસે અભ્યાસ કરવાનાં પૈસા નથી. તેમજ અન્ય પરોપકારનાં કાર્યો કરવાં માટે મારી પાસે કોઈ પણ પ્રકારનું ધન નથી. આથી હું ખૂબ જ દુઃખી થાઉં છું. આ સાંભળી સોનેરી માછલી બોલી. હે બાળક, જો તારામાં સાહસ, હિંમત અને ધગશ હોય તો ચાલ મારી સાથે 'સાત સમંદર પાર' કે જ્યાં આગળ ધનનો ભંડાર ભરેલ છે. અને તારી જેટલી ઈચ્છાશક્તિ હોય ને તેટલું ધન તું મેળવી શકીશ. બોલ, આવવું છે મારી સાથે 'સાત સમંદર પાર.'?

સોનેરી માછલીની વિચિત્ર તેમજ પ્રેરકવાણી સાંભળી ચિંતન રોમાંચિત થઈ ઉઠ્યો. અને પછી તે તુરંત બોલી ઉઠ્યો. હા, હા સોનેરી માછલીજી, મારે તમારી સાથે 'સાત સમંદર પાર' જરૂરથી આવવું છે. અને તુરંત તે સોનેરી માછલીની ચિંતનની નજદીક આવી તે સાથે જ ચિંતન સોનેરી માછલીની પીઠ ઉપર બેસી ગયો. અને પછી સોનેરી માછલી સમંદરની છાતી ઉપર ઝપાટાબંધ તરવાં લાગી સમંદરની છાતી ઉપર થઈને આવતો ઠંડો પવન ચિંતનનાં વાંકડીયા વાળને ઘૂમાવી રહ્યો હતો. મનોજગતમાં તાજી હવાં જતાં ચિંતન મનોમન પ્રફુલ્લતા અને તાજગી અનુભવવાં લાગ્યો. તેને લાગ્યું કે પોતે કોઈ સ્વપ્નમાં

તો આ સાચી હકીકત જોઈ નથી રહ્યો ને? પરંતુ ના, ના, આ તો સત્ય હકીકત હતી. સોનેરી માછલી એક પછી એક સમંદર પાર કરી રહી હતી. હા, તે સમંદર પણ વિવિધ રંગનાં હતાં. ગુલાબી, ભૂરા, લીલા, જાંબલી, લાલ વગેરે રંગોથી તે સમંદર કોઈ વિશિષ્ટ પ્રકારનાં લાગી રહ્યા હતા.

સૂર્યનારાયણનાં કૂમળાં - કૂમળાં સોનેરી કિરણો સમંદરનો છાતી ઉપર રમવાં માટે ઉતરી આવ્યા હતાં. ખુશ્નુમાં હવા લહેરાઈ રહી હતી. સોનેરી માછલીની રફતાર તેજ હતી અને... અને... ધીરે ધીરે ‘સાત સમંદર પાર’ ની નજદીક સરકી રહી હતી. ચિંતન કૂતુહલપૂર્વક આ અફાટ અને અનંત, તેમજ વિવિધ પ્રકારનાં જલચર તેમજ મહાકાય પ્રાણીઓ રહેતાં હતાં. વિશાળકદની વ્હેલ માછલી, મગર, કાચબાઓ તેમજ અન્ય જલચર પ્રાણીઓ સમંદરની અંદર વિહરી રહ્યાં હતાં.

અંતે તે બન્ને ‘સાત સમંદર પાર’ આવી પહોંચ્યાં. આ જોઈ સોનેરી માછલી બોલી ઉઠી. હે બાળક, તું સમંદરનાં કાંઠા ઉપર ઉતરીને પછી થોડો આગળ વધજે અને ત્યાં આગળ પુષ્કળ પ્રમાણમાં હીરા, માણેક, મોતી, સોના, ચાંદીનો ખજાનો પડ્યો હશે. જેમાંથી તારી શક્તિ મુજબ તેમજ તારે જોઈતાં પ્રમાણમાં તું તે કિંમતી ઝવેરાત લઈ અહીં આવી પહોંચજે. અને બાદમાં હું



તને તારા મૂળ રહેઠાણ સુધી પહોંચાડી દઈશ બરોબર? સોનેરી માછલીની વાત સાંભળી ચિંતને હકારમાં ડોકું હલાવ્યું. બાદમાં ચિંતન સોનેરી માછલીની પીઠ ઉપરથી ઉતરી સમંદરનાં કાંઠા ઉપર આવી પહોંચ્યો. પછી તે થોડો આગળ વધ્યો હશે કે સોનેરી માછલીનાં કહેવા મુજબ ચારે તરફ ધરતી ઉપર સાચા મોતી, હીરા, માણેક, સોના, ચાંદી ફેલાયેલ હતાં. આ જોઈ ચિંતન ફરી આશ્ચર્યચકિત રહી ગયો. બાદમાં તેણે પોતાનાંથી ઉપડે તેટલું અને પછી તે સમંદરનાં કાંઠા ઉપર આવી પહોંચ્યો. જ્યાં આગળ સોનેરી માછલી તેની પ્રતિક્ષા કરી રહેલ હતી.

પુનઃ ચિંતન સોનેરી માછલીની પીઠ ઉપર ગોઠવાઈ ગયો. અને તે સાથે જ સોનેરી માછલી ઝપાટા બંધ સમંદરની છાતી ઉપર દોડવા લાગી. ચિંતનનાં આનંદનો કોઈ પાર નહોતો રહ્યો. અવર્ણનીય આનંદ અને પોતાની પરોપકારની જે ઈચ્છાશક્તિ હતી. તે આજે પૂર્ણ થતી હતી. હા, અને તે પરોપકારની ઈચ્છાશક્તિમાં ફાળો આપનાર આ દયાળું તેમજ પરોપકારી એવી સોનેરી માછલીનો આભાર માનવાનું તે કેમ કરીને ભૂલાય હેં?

ચિંતનનું રહેઠાણ આવતા સોનેરી માછલી ઉભી રહી ગઈ. અને પછી ચિંતનને કાંઠા ઉપર ઉતાર્યો. તે સાથે જ ચિંતન માયાળું સ્વરે બોલી ઉઠ્યો. હે સોનેરી માછલીજી, ખરેખર તમો પણ ગત

જન્મમાં કોઈ દેવી ઋષી હશો જ. જે આ જન્મે તમો આવાં ઉમદાં અને પરોપકારનાં કાર્યોમાં અમોને મદદ કરી રહ્યા છો? નાના બાળકની ગહન વાત સાંભળી સોનેરી માછલીની આંખોમાં સ્નેહનાં આંસુઓ ઉભરાઈ આવ્યાં. ધીરે રહી તે બોલી, હે બાળક, તારી વાત સાચી છે હોં? ગત જન્મમાં હું ઉચ્ચકુળમાં જન્મી હતી. પરંતુ મને એક ઋષીમુનીએ અજાણતાં જ શ્રાપ આપ્યો હતો. અને આ જન્મે હું સોનેરી માછલીના રૂપમાં મારું જીવન ગુજારી રહી છું. બાદમાં સોનેરી માછલી ચિંતનની વિદાય લઈ પુનઃ સમંદરમાં ચાલી ગઈ. જ્યારે ચિંતન હર્ષોલ્લાસ સાથે પોતાનાં ગામ ભણી ચાલી નીકળ્યો. અને... અને... બીજા જ દિવસથી ચિંતન પરોપકારનાં કાર્યોમાં ગુંથાઈ ગયો. તેણે ગામમાં સારામાં સારી શાળાઓ ખોલાવી, જાહેર બાગ બગીચાઓ કરાવ્યાં, સાર્વજનિક પુસ્તકાલય ખોલાવ્યાં, દવાખાનાઓ શરૂ કરાવ્યાં, ધરમશાળાઓ બંધાવી. પાણીનાં પરબ બંધાવ્યાં. આમ ચિંતને અનેક પરોપકારી કાર્યો કરાવ્યાં. આ જોઈ દૂર સમંદરમાં રહેલ સોનેરી માછલી ત્રીજાનેત્ર વડે ચિંતનની આવી ઉચ્ચ, પરોપકારની પ્રવૃત્તિ જોઈ આનંદિત થઈ ઉઠી.



# હંસ અને સંત

એક સુંદર મઝાનું સરોવર હતું. તે સરોવરમાં કેટલાંક અતિ સુંદર મઝાનાં તેમજ નયનાકર્ષક એવા હંસો રહેતાં હતાં. તે સરોવર પાસે એક ઝૂંપડીમાં એક સંત પણ રહેતાં હતાં. તે સંત ખૂબ જ જ્ઞાની, ધીર ગંભીર પ્રકૃતિનાં હતાં. રૂ ની પૂણી જેવી સફેદ દાઢી, શ્વેત જટામાં તેમનો ચહેરો ખૂબ જ પ્રભાવશાળી લાગી રહ્યો હતો.

તે સરોવરમાં રહેતાં હંસોને એક દિવસ વિચાર આવ્યો કે આ ઝૂંપડીમાં રહેતાં સંતની એક વખત ટીખળ-મશ્કરી તો કરવી જ છે હોં? અને આપણને ખબર તો પડે કે તે ખરેખર સંત છે કે પછી 'ફંદ' કરે છે?

એક દિવસની વાત છે. સંધ્યાનો સોનેરી સમય હતો.

ચારે તરફ મધુર-મીઠી હવા લહેરાઈ રહી હતી. આવા સમયે તે ઝુંપડીમાં રહેલ સંત ઈશ્વરનું સ્મરણ કરી રહ્યાં હતાં. ત્યારે તેમના ચહેરાં ઉપર કોઈ અલૌકિક, દિવ્ય આભા પથરાઈ ગઈ હતી. જાણે તેઓ સાક્ષાત્કારપણે ઈશ્વરને ન નિહાળી રહ્યાં હોય? અને બરોબર આવા સમયે તે હંસો સંતની પરીક્ષા કહો તો પરીક્ષા અને ટીખળ કહો તો ટીખળ કરવા માટે સંતની ઝુંપડી પાસે આવી પહોંચ્યા. અને સાથમાં તેઓ બધાંએ પોત-પોતાની લાંબી ચાંચોમાં સરોવરનું ઠંડુ પાણી ભરેલ હતું. સંત પાસે આવી તે બધાં હંસોએ તેની ઉપર ફૂવારાની જેમ પાણી ઉડાડ્યું. અને થોડીવારમાં તો તે સંતને ઠંડા પાણીથી આખા ભીંજવી દીધાં. તો પણ તે સંતની આંખો ખૂલી નહીં. આ જોઈ તે બધાં હંસો તે સંત ઉપર ગુસ્સે થઈ ઉઠ્યાં. તે બધાંને લાગ્યું કે આ સંત તેમની પરીક્ષા કરવા માગતા લાગે છે? આથી તે બધાં હંસો પુનઃ સરોવરનું પાણી ચાંચમાં ભરી ફરી તે સંત ઉપર ફૂવારાં રૂપી વરસાદ વરસાવવા લાગ્યાં. આમ ને આમ તેઓ અનેક વખત તે નિર્દોષ સંત ઉપર તેઓ પાણી ઉડાડતાં રહ્યાં. પરંતુ તે સંતની ધ્યાનસ્થ સ્થિતિમાં કોઈ જ સુધારો કે ફરક પડ્યો નહીં. અને... અને... અંતે તે બધાં હંસો હાર્યા, થાક્યાં અને પછી તેઓ બધાં અંતરથી પસ્તાવો પણ કરવાં લાગ્યાં કે અરેરે આપણે બધાંએ આ નિર્દોષ,



ઈશ્વરગુણ ગાઈ રહેલ એવાં આ મહાન આત્મા સમાન સંતને સમજવામાં 'ગંભીર ભૂલ' કરી છે હોં?

બાદમાં તે હંસના આગેવાન એવા એક પચરંગી હંસ તે સંતને ઉદ્દેશીને બોલ્યો, હે સંત મહારાજ, અમો અબુધ બધાં આપનાં ગુનેગાર છીએ હો! અમારી આ અક્ષમ્ય ભૂલ બદલ અમોને ક્ષમા કરશો? ધીરે ધીરે તે સંતની આંખો ખૂલવા લાગી. જાણે કોઈ ગુફાનું પ્રવેશ દ્વાર ખૂલી ન રહ્યું હોય? સંતના ચહેરા ઉપર કોઈ પણ પ્રકારનાં દ્વેશભાવ જોવાં મળતો નહોતો બલકે તેમનાં ચહેરા ઉપર કરુણાં, દયાં, અને ક્ષમાનાં ભાવો જોવા મળતાં હતાં. તેઓએ મનની શક્તિથી જાણી લીધું હતું કે આ હંસોને પોતે કરેલ ખરાબ વર્તન બદલ અંતરથી ભારે પસ્તાવો થઈ રહ્યો હતો!

થોડીવાર રહી તે સંત, નિર્દોષ, નિર્લેપ તેમજ સ્નેહાળ ભાવે બોલ્યાં. હે હંસોજી તમો ખૂબ જ અજ્ઞાન સ્થિતિમાં છો! બીજું, તમો બધાં શું કરી રહ્યા હતાં તેની તમોને કશી ખબર જ નહોતી હોં? ત્રીજું, આજથી તમારાં બધાંનું નવું જીવન શરૂ થાય છે હોં? આ સાંભળી તે બધા હંસો સંત ઉપર ખુશ થઈ ઉઠ્યાં. અને મનોમન તે સંતને વંદી રહ્યાં. હા, ગમે તેમ તો તેઓનું આજનું કરેલું 'પાપકર્મ' ધોવાઈ ગયું હતું ને? બાદમાં તે બધાં

હંસો સંતને વંદન કરતાં પુનઃ સરોવરમાં ચાલ્યા ગયાં. આ જોઈ તે સંત મનોમન સ્નેહાળ ભાવે હસી પડ્યાં. અને પુનઃ તેઓ સમાધિમાં ઈશ્વર ગુણ ગાવા લાગી ગયાં. આ જોઈ તે સરોવર પણ મનોમન સંતને વંદી રહ્યું, જ્યારે હંસો પણ સરોવરમાં જઈ ઈશ્વરગુણ ગાવાં લાગ્યાં.



# પોપટ આપે પ્રેરણા

એક વિશાળ રંગ-બે-રંગી ફૂલોથી ઉભરાતું એવું ગુલમહોરનું વૃક્ષ હતું. તે ગુલમહોરનાં વૃક્ષ ઉપર રંગ-બે-રંગી પંખીઓ રહેતાં હતાં. પંખીઓમાં ખાસ કરીને મેના-પોપટ, કાબર-કોયલ, મોર-ઢેલ, હોલા-હોલી, સુગરી, સોનપંખી, બુલબુલ, ચક્રવાક વગેરેનો સમાવેશ થતો હતો.

તે બધાં પંખીઓ ખૂબ જ બેફિકર બનીને રહેતાં હતાં. પરંતુ તે બધાં પંખીઓમાં ખાસ કરીને એક સુંદર મઝાનો તેમજ અપારજ્ઞાની અને ગુણોથી ભરેલ એક પોપટ પણ હતો. તે બધાં પંખીઓને કહેતો કે હે મિત્રો, તમો આમ આ કિંમતી સમયને વેડફશો નહીં. દરેક ક્ષણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ હોય છે! બીજું, તમો બધાં જ્યારે સંકટ આવે ત્યારે જ તમારું રહેઠાણ બનાવો છો તે

ઉચિત નથી હોં? પરંતુ તે પરોપકારી તેમજ બુધ્ધિશાળી પોપટની વાતને હસી કાઢતા હતાં અને કહેતાં 'અરે ઓ ડાહ્યા પોપટજી, આપણે ક્યાં મનુષ્યની જેમ પાછળનો વિચાર કરવાનો હોય હેં?' આપણે તો પડ્યા એવાં દેવાશે ની જ નિતી અખત્યાર કરવાની હોય છે હોં? આ સાંભળી તે પોપટને અત્યંત દુઃખ થતું હતું. પરંતુ વિશેષ તો તે એકલો કરી પણ શું શકે?

એક દિવસની વાત છે. ચોમાસાની ખુશ્નુમાં ઋતુ હતી. ચારે તરફ લીલીછમ હરિયાળી શોભી રહી હતી. જાણે વનલતા દેવી આ સમગ્ર સૃષ્ટિ ઉપર રમવાં માટે ન ઉતરી આવી હોય? તે ગુલમહોરનાં વૃક્ષ ઉપર આનંદ-કિલ્લોલ કરી રહેલ પંખીઓ ગમ્મત સાથે જ્ઞાનમય ચર્ચાઓ કરી રહ્યાં હતાં. જ્યારે બુધ્ધિશાળી તેમજ પરોપકારી એવો તે પોપટ પોતાનાં કલાત્મક માળાને અંદરથી અને બહારથી વ્યવસ્થિત તેમજ મજબુતાઈ આપી રહ્યો હતો. સહસા વાતાવરણમાં એકાએક પલટો આવ્યો. જાણે વાવાઝોડું ન આવવાનું હોય? પંખીઓ આવાં જોરદાર પવનનાં કારણે ગૂંચવાડામાં પડી ગયાં. પરંતુ ત્યાં સુધીમાં તો આકાશમાં કાળા ડિબાંગ વાદળાઓ ઘસી આવ્યાં. અને પછી તો જોત જોતામાં મેઘરાજા પૃથ્વી ઉપર તૂટી પડ્યાં. ચારે તરફ બસ વર્ષા જ વર્ષા વરસી રહી હતી.



અચાનક મેઘરાજા આ રીતે પૃથ્વી ઉપર વરસી પડતાં ગુલમહોરનાં વૃક્ષ ઉપર રહેતાં પંખીઓ ચોંકી ઉઠ્યાં. તેઓએ આવી કશી કલ્પના કરેલ નહીં. કે આમ એકાએક મેઘરાજા પૃથ્વી ઉપર તૂટી પડશે. બધાં પંખીઓ આમતેમ ભાગંભાગ કરતાં ઉડવાં લાગ્યાં. અને સલામત સ્થળ શોધવાં લાગ્યાં. વરસાદનાં કારણે તેઓ બધાં થરથર ધ્રુજી રહ્યાં હતાં. જ્યારે તે જ્ઞાની પોપટ પોતાનાં કલાત્મક તેમજ મજબૂત માળામાં આરામથી વર્ષારાણીને મનભરીને માણવા લાગ્યો. તેનાં ચહેરાં ઉપર દુઃખ પણ તરવરતું હતું. હા, ગમે તેમ તો તેનાં સાથી મિત્રો વરસાદનાં જોરદાર પવનની થપાટોનાં કારણે દુઃખી થઈ રહ્યાં હતાં. તેમ છતાં તેણે બે-ત્રણ નાનાં નાનાં પંખીઓનાં બચ્ચાઓને પોતાનાં માળામાં આશ્રય આપ્યો હતો. અન્ય પંખીઓને હવે બરોબરનું સમજાઈ ગયું હતું કે પરોપકારી તેમજ પ્રેરણા આપતો પોપટ જે કંઈ કહેતો હતો તે સત્ય જ કહેતો હતો ને? હા સંકટ સમયે કોઈપણ કાર્ય પાર પડતું નથી હોં? હા, જો સંકટ પહેલા જ તે બધાંએ કલાત્મક તેમજ મજબૂત માળો બાંધી રાખ્યો હોત તો ને તો તો અત્યારે આવી કરૂણ સ્થિતિમાં મુકાવું ન પડત હોં? ખેર, હવે અત્યારે પસ્તાવો કર્યે થાય પણ શું? બાદમાં, તેઓએ મનોમન દૃઢ સંકલ્પ કર્યો કે આ વરસાદ રહે ત્યારે તે પોપટનાં માળા જેવો માળો

બનાવી નાંખવો જ છે હોં?

બીજા દિવસે વરસાદ રહી જતાં તે બધાં પંખીઓ જ્ઞાની પોપટની સલાહ મુજબ ગુલમહોરનાં વૃક્ષ ઉપર તે દરેક પંખીઓ પોત-પોતાનો કલાત્મક મજબૂત માળો બનાવી નાંખ્યો. આ જોઈ જ્ઞાની પોપટની આંખોમાં સ્નેહનાં આંસુઓ ઉભરાઈ આવ્યાં.



# કાળી કોયલ, રૂપેરી બગલો

એક સુંદર મઝાનું આંબાનું વૃક્ષ હતું. તે આંબાના વૃક્ષ ઉપર એક કાળી પરંતુ સુંદર તેમજ અતિ બુધ્ધિશાળી એવી કોયલ રહેતી હતી. તે આંબાના વૃક્ષ નીચેથી જે કોઈ રાહદારી, પશુ-પંખીઓ પસાર થાય તેમને કાળી કોયલ આંબાનાં વૃક્ષ ઉપર રહેલ મધ-મીઠી કેરીઓ ખાવાં માટે આપતી હતી. આમ, તે કોયલ પરોપકારી અને સેવાકીય પ્રવૃત્તિમાં ‘‘રત’’ રહેતી હતી.

એક દિવસની વાત છે. સંધ્યાનો સોનેરી તેમજ આહ્લાદક સમય હતો. ખૂશ્નુમાં હવાં લહેરાઈ રહી હતી. આવા સમયે કોયલ તળાવ ઉપર પાણી પીવાં ગઈ. પાણી પીતાં પીતાં તેની નજર દુર ઉપર રહેલ તેની તરફ ટીકી-ટીકીને જોઈ રહેલ એવાં એક રુપેરી બગલાં તરફ ગઈ. હા, તે રુપેરી બગલો કાળી કોયલ તરફ જ

કતરાતી નજરે જોઈ રહ્યો હતો. તે આ તળાવને પોતાની માલિકીનું સમજી બેઠો હતો. આથી તે કાળી કોયલને પાણી પીતાં જોઈ તે ક્રોધિત થતાં બરાડી ઉઠ્યો. અરે એય કાળી કોયલડી, શું આ તળાવને તું તારું સમજી બેઠી છો કે? ચાલ, ચાલ, ભાગ આ તળાવ ઉપરથી. નહિંતર હું મારી લાંબી લાંબી ચાંચોનો પ્રહાર તારા ઉપર કરીશને તો તારા રામ રમી જશે સમજી?

અચાનક રુપેરી બગલાની તીખી, અપમાનજનક વાણી સાંભળી કાળી કોયલ ચોંકી ઉઠી અને પછી વિચારવાં લાગી કે શું આ તળાવ રુપેરી બગલાએ બનાવ્યું હશે તે આમ ધમકી ઉચ્ચારે છે? તેમ છતાં તે વિનમ્ર સ્વરે બોલી, બગલાજી, શું મારાથી કંઈ ભૂલ-બૂલ થઈ છે કે? પરંતુ આ તો જીદ્દી અને અભિમાની રુપેરી બગલો હતો. તે કાળી કોયલની સત્યમય તેમજ નિખાલસ વાત સાંભળે એવો નહોતો! કાળી કોયલની વિનમ્ર વાણી સાંભળી તે વધુ ભડકી ઉઠ્યો અને પછી ગર્જી ઉઠ્યો. અરે ઓ ચાપલુસી કોયલડી, તું આ તળાવ ઉપરથી જાય છે કે પછી હું તારા ઉપર રીતસરનું ભયંકર આક્રમણ કરું? ભોળી કોયલે તે રુપેરી બગલાને સમજાવવાનાં અનેક પ્રયત્ન કર્યા અને કહ્યું પણ ખરું, બગલાજી, આ તળાવ તો ‘‘સાર્વજનિક’’ છે હોં? અને તમો આ તળાવને તમારું સમજી મનફાવે તેમ તમો અન્ય સાથે વ્યવહાર કરો છો તે



શું ઉચિત કહેવાય? આટલું બોલી તે નિર્દોષ તેમજ ભલી-ભોળી કાળી કોયલ તે તળાવ ઉપરથી ઉડી આંબાનાં વૃક્ષ ઉપર જતી રહી અને પછી તે રહસ્યમય રીતે તેમજ ગૂઢ અને દ્રઢ સંકલ્પ સાથે આંખો બંધ કરી કોઈ જ્ઞાની યોગીની માફક ધ્યાનસ્થ મુદ્રામાં બેસી ગઈ.

જયારે આ તરફ તળાવમાં રહેલ રુપેરી બગલો અભિમાનથી ફુલાઈને ફાળકો થવાં લાગ્યો. અને મનોમન તે બોલી ઉઠ્યો. ‘વાહ...! શું પોતાની ‘ધાક’ છે હોં? મારાથી તો ભલભલા ગભરાઈને આ તળાવ છોડી જાય છે હોં?’ આમ, તે અભિમાનનાં તોરમાં ફુલાઈ અને ફાળકો થવાં લાગ્યો. પરંતુ તેનું અભિમાન કે ગુમાન વધુ વખત ટક્યાં નહીં કારણ કે તે જે તળાવમાં રહેતો હતો તે તળાવનું પાણી ધીરે ધીરે ઘટવાં અને સૂકાવાં લાગ્યું.

અચાનક તળાવનું પાણી સૂકાવાં લાગતાં તે રૂપેરી બગલો ગભરાઈ ઉઠ્યો. ઘડીભર તો તેનાં મગજમાં કંઈ આવ્યું નહીં કે થોડીવાર પહેલાં તો આ તળાવ પાણીથી છલોછલ હતું અને... અને... એકા એક આટલું બધું પાણી ગયું ક્યાં? ધીરેધીરે તળાવનું તળીયું દેખાવાં લાગ્યું. આથી તે રૂપેરી બગલો ભયનો માર્યો થરથર થતો તળાવ ઉપરથી ઉડીને થોડે દૂર રહેલ એક ગુલમહોરનાં

વૃક્ષ ઉપર જઈને બેઠો. અને પછી તે ભયપૂર્વક ચિંતિત થતો વિચારવા લાગ્યો કે હવે કરવું શું અને પાણી વગર જવું ક્યાં?

સહસા, તે રૂપેરી બગલાની નજર થોડે દૂર ઉપર રહેલ આંબાના વૃક્ષ ઉપરની કાળી કોયલ ઉપર પડી. અને પછી તેની કોઈ ''સિધ્ધયોગી'' જેવી સ્થિતિ નિહાળી તેનાં મનોજગતમાં ઝબકારો થયો. હં...હં... તે કાળી કોયલને તળાવનું પાણી પીવાં ન આપીને પોતે કંઈ ગંભીર ભૂલતો નથી કરીને? અને... અને... તેનાં કારણે જ તે કાળી અને જ્ઞાનેશ્વરી કોયલે તે તળાવને સુકાવી નાંખ્યું હશે હોં? બસ, ખલાસ? આવો વિચાર આવતાં જ તે રૂપેરી બગલો 'પસ્તાવા' સાથે બે હાથ જોડી આંબાનાં વૃક્ષ ઉપર રહેલ કાળી કોયલ પાસે ધસી ગયો. અને પછી તેની માફી માંગતાં તે વિનમ્ર સ્વરે બોલી ઉઠ્યો. ''હે કાળી જ્ઞાનેશ્વરી કોયલજી, ખરેખર હું તમોને બરોબર સમજી ન શક્યો તો તે બદલ મને ''ક્ષમા'' કરશો?''

રૂપેરી બગલાની પસ્તાવા ભરેલી સત્યમય વાણી સાંભળી કાળી કોયલે પોતાની આંખો ખોલી અને પછી રૂપેરી બગલાની દયા જનક મુખમુદ્રા અને વાણી સાંભળી કાળી કોયલ જ્ઞાનસભર વાણીમાં બોલી. ''હે બગલાજી, આ અનેરી સૃષ્ટિ ઉપર સર્વેને સમાન ભાવે જીવવાનો અધિકાર ઈશ્વરે આપણને આપ્યો છે.



અને પછી આ મારૂ, આ તારું, નો ભાવ ક્યાં આવ્યો બરોબર? બીજું, જીવનમાં અભિમાનને ક્યારેય સ્થાન આપવું જોઈએ નહીં કેમ બરોબરને? ત્રીજું, આપણે ચપટી મુઠી ધુળની પણ જરૂર પડે છે હોં? એટલે અભિમાન તો કોઈ દિવસ કરવું સારું નહીં હોં?''

જ્ઞાની કાળી કોયલની પ્રેરક, બોધક અને ઉપદેશાત્મક વાણી સાંભળી રૂપેરી બગલાની આંખો ભરાઈ આવી. અને પછી તે ગદગદીત થતાં કાળી કોયલનાં પગમાં પડી ગયો. કાળી કોયલે તે રૂપેરી બગલાને ઉભો કરતાં આશિર્વાદ આપ્યાં. આ જોઈ રૂપેરી બગલો ખરાં હૃદયનાં પસ્તાવા સાથે ત્યાંથી દૂર દૂર ચાલ્યો ગયો.

પુનઃ તે જ્ઞાની કાળી કોયલ પોતાની મૂળ સ્થિતિમાં આવી ગઈ અને પછી તે પરોપકારની પ્રવૃત્તિમાં ગુંથાઈ ગઈ. આવી અનોખી, અલૌકિક ઘટનાં જોઈ આંબાનું વૃક્ષ આનંદિત થઈ ડોલવા લાગ્યું.

# દિવાળી આવી ફટાડકા લાવી

એક સુંદર મઝાનું વન હતું. તે વનમાં અનેક પ્રકારનાં પશુ-પંખીઓ રહેતા હતાં. જેમાં સિંહ, હાથી, જિરાફ, હરણાં, સસલા, સાબર, વાંદરા, શિયાળ, મોર, બગલાં, બતકાં, વગેરેનો સમાવેશ થતો હતો.

જેમ જેમ દિવાળીનાં દિવસો નજદીક આવતાં ગયાં તેમ તેમ તે વનમાં રોશનીઓ ઝબૂકવાં લાગી તોરણો શણગારાવાં લાગ્યાં. અને ખાસ કરીને તો તે વનમાં ફટાકડાનાં સ્ટોલ-દુકાનોની લાઈન લાગવાં લાગી. હા, આ વખતે ફટાકડામાં નવીન ઘણી વેરાયટીઓ બજારમાં આવી ચૂકી હતી. જેમાં આકાશમાં જઈ ફટાકડાં ફૂટતાં અને પછી તેમાંથી છત્રી બહાર આવતી અને જે રંગ-બે-રંગી રોશની ફેલાવતી હતી. આ ઉપરાંત સેવન શોટ,



ટેનશોટ, તારોડીયા, તેમજ કોઠી જમીન ચક્કર, રોકેટ, ફુલઝર, નાનાં મોટાં બોમ્બ, જમીન ઉપર દોડતાં રમકડાં કે જે નાનાં પંખીઓને ખૂબ જ ગમતાં હોય છે. આમ વિવિધ પ્રકારનાં ફટાકડાઓથી સ્ટોલ, બજાર ઉભરાઈ રહી હતી.

વનનાં નાનાં-મોટા તમામ પશુ-પંખીઓને દિવાળીનાં તહેવાર અતિ પ્રિય હતાં. નવી નવી ખાવાની વાનગીઓ બનાવવાની નવાં નવાં કપડાં સીવડાવીને પહેરવાનાં તેમજ નવી નવી વેરાયટીઝમાં ફટાકડાઓ ફોડવાનાં આમ આવો અમૂલ્ય આનંદ મળતો હોય તો ભલાં કોને મઝા ન આવે?

દિવાળીનો ભવ્ય અને ઐતિહાસીક દિવસ આવી પહોંચ્યો. દરેક પશુ-પંખીઓ તૈયાર થઈને ફટાકડાનાં સ્ટોલ દુકાન ઉપર પહોંચી ગયાં હતાં. જ્યાં આગળ પુષ્કળ પ્રમાણમાં ભીડ લાઈન લાગી ચૂકી હતી. સસ્સારાણા, શિયાળકુમાર, વાંદરાભાઈ, બગલાભાઈ, સિંહરાજા, હાથીદાદા, વગેરે ફટાકડાની મોટી થેલીઓ-થેલાંઓ ભરી ભરીને લઈ જઈ રહ્યા હતાં. અને પછી તેઓ સાંજ પડવાની રાહ જોતાં હતાં. બસ સાંજ પડે અને આકાશમાં રંગ-બે-રંગી ફટાકડાઓથી તે આખું આકાશ ભરી દેવું તેવી રંગીન કલ્પનાઓ કરતાં પ્રતિક્ષા કરી રહ્યાં હતાં.

રાત્રી થવાં આવી ધીરે ધીરે અંધકારનાં ઓળાં પૃથ્વી ઉપર

ઉતરવાં લાગ્યાં. અને.. અને... તે સાથે જ દરેક પશુ-પંખીઓ ઘરની બહાર નીકળી આવ્યાં. અને પછી તો તેઓ બધાં વચ્ચે રીતસરની હરિફાઈ જ જામી હોં? ધડાધડ ધડ..ધૂમ.. ધડામ... છું.... ઝૂં.... નાં રંગીન લીસોટા અને આભમાં તારામંડળીની ભવ્ય રોશનીથી આખું આકાશ છવાઈ ગયું. બસ જ્યાં જુઓ ત્યાં રંગ-બે-રંગી રોશની અને ફટાકડાંથી વાતાવરણ સતત ગુંજી રહ્યું ઉઠ્યું હતું. વાતાવરણમાં આનંદ સાથે ધુમાડાનાં ગોટેગોટાં ઉછળી રહ્યાં હતાં. સતત આતશબાજી અને ફટાકડાનાં ધુમાડાથી સમગ્ર વન આનંદમય થઈ ઝુમી રહ્યું હતું. આનંદ-પ્રમોદથી વનનાં પશુ - પંખીઓ ઝૂમી રહ્યાં હતાં.

આમ સમગ્ર દિવાળીનો તહેવાર તે વનમાં ઉજવવામાં આવ્યો.



# સમુદ્રી કાચબો

એક વિશાળ તળાવ હતું. તે તળાવ પાસે એક જંગલ આવેલુ હતું. જંગલના તમામ પશુ-પંખીઓ તળાવનું મધુર-મીઠું પાણી પીને તૃપ્ત થતાં હતાં.

એક દિવસની વાત છે. ચોમાસાની ઋતું હતી. આકાશમાંથી અનરાધાર વર્ષા થઈ રહી હતી. નદી-નાળાં, સરોવર છલકાઈ રહ્યાં હતાં. સમુદ્રમાં ભયંકર મોજા ઉછળી રહ્યાં હતા. તે ભયંકર મોજાની ઝપટમાં એક વિશાળકાય એવો ‘સમુદ્રી કાચબો’ તણાતો તણાતો તે તળાવમાં આવી ચડ્યો. હા, તે ‘સમુદ્રી કાચબો’ પણ કેવો હોં? વિશાળ કદ અને તે પણ આઠ ફુટ લાંબો હોં? અને તેનું વજન ખબર છે? હા, ત્રીસ મણ જેટલું? જાણે કોઈ વિશાળ કદની શીલા ત્યાં આગળ આવી ન ચડી હોય? ‘સમુદ્રી

કાચબો' મોજપૂર્વક તળાવમાં આનંદ પૂર્વક રહેવાં લાગ્યો. નીત નવો ખોરાક પશુ-પંખીઓનો ખાવા મળતો હતો. અને એટલે તો તે 'સમુદ્રી કાચબો' મોજ-મસ્તીથી રહેવાં લાગ્યો.

પરંતુ તે તળાવથી થોડે દૂર ઉપર જંગલમાં રહેતાં પશુ-પંખીઓની દશા તો ખૂબ જ બૂરી થઈ ગઈ હતી. કારણ કે જો તેઓ તળાવમાં પાણી પીવાં માટે જાય ને તો તો તે 'સમુદ્રી કાચબો' તેઓને પકડીને તળાવમાં ખેંચી જતો અને પછી તેઓનો તે ખોરાક કરી નાંખતો હતો. આથી જ તે જંગલનાં પશુ-પંખીઓનાં ચહેરાં ઉપર ભય, ગભરાટ અને ચિંતાનાં વાદળો ઘેરાઈ ગયાં હતાં.

એક દિવસની વાત છે. તે જંગલનાં પશુ-પંખીઓ એકઠાં થઈ વિચારવા લાગ્યાં હતાં કે હવે આ 'સમુદ્રી કાચબા'નું કરવું શું? અને જો તે 'સમુદ્રી કાચબો' આ તળાવમાં વધુ વખત રહેશે ને તો તો પછી આપણે બધાંએ અહીંથી હિજરત કરી જવી પડશે હોં? અચાનક બધાં પશુ-પંખીઓમાંથી એક સોનેરી રંગનો હંસ આગળ આવ્યો અને પછી તે વિનમ્ર ભાવે બોલ્યો, સિંહરાજા મને એક ઉપાય સુઝે છે અને જો આપ કહો તો હું તે ઉપાય કહું? સિંહરાજા તેમજ અન્ય પશુ-પંખીઓ તે સોનેરી હંસ સામે આશાભરી મીટ માંડીને તેને સાંભળી રહ્યાં. સિંહરાજાએ તે સોનેરી હંસને આગળ બોલવાની આજ્ઞા આપી. થોડીવાર રહી



તે સોનેરી હંસ પુનઃ બોલવા લાગ્યો. મહારાજ, મેં સાંભળ્યું છે કે તે 'સમુદ્રી કાચબો' તેની વિશાળ કાયાથી તે વધારે આગળ ચાલી નથી શકતો? બીજું હવે ચોમાસું પણ ક્યારનું પૂરું થઈ ગયું છે એટલે આપણે બધાં ભેગાં મળી જો આ તળાવનું પાણી અહીંથી અન્યત્ર ખેંચી જઈએ તો તો પછી તે 'સમુદ્રી કાચબા'ને આ તળાવ છોડવું જ પડશે હોં? સોનેરી હંસની વાત સાંભળી સિંહરાજા બોલી ઉઠ્યાં. પરંતુ આટલું બધું તે તળાવનું પાણી આપણે કઈ રીતે અન્યત્ર ખસેડી શકીશું? પુનઃ સોનેરી હંસ બોલી ઉઠ્યો. મહારાજ, આપણે બધાં ભેગા મળી અહીંથી થોડે દૂર એક અન્ય તળાવ ખોદી નાખીએ અને પછી આપણાં બધાંથી જેટલું પાણી ઉપડી શકે તેટલું પાણી ઉપાડીને તે ખોદેલ તળાવમાં ઠાલવતાં રહીએ અને આમ ને આમ આ તળાવ ખાલી થઈ જશે અને તે 'સમુદ્રી કાચબો' આ તળાવ છોડી સમુદ્રમાં જતો રહેશે હોં? બધાં પશુ-પંખીઓને તે સોનેરી હંસની વાત વ્યાજબી લાગી.

બીજા જ દિવસથી થોડે દૂર એક તળાવ તે બધાં પશુ-પંખીઓએ ખોદી નાંખ્યું. અને પછી તે 'સમુદ્રી કાચબા'વાળા તળાવમાંથી પાણી ખેંચવા લાગ્યાં. કોઈ સૂંઢમાં પાણી ભરે તો કોઈ લાંબી ચાંચમાં પાણી ભરે અને આમને આમ ત્રણ દિવસમાં તો તળાવ પાણી વગરનું બની ગયું. આથી તે 'સમુદ્રી કાચબો'

પાણી વગર તરફડીયાં મારવાં લાગ્યો. તેને લાગ્યું કે હવે આપણાં દિવસો ભરાઈ ગયા છે. એટલે તે પરાણે પોતાની વિશાળ કાયાને આગળ ધપાવતો ત્યાંથી સમુદ્ર તરફ ચાલ્યો ગયો. આ જોઈ તે જંગલનાં પશુ-પંખીઓ આનંદથી ઝૂમી ઉઠ્યાં. અને તે સોનેરી હંસ ને ધન્યવાદ આપવાં લાગ્યાં.



# સોનેરી હીંચકો

એક સુંદર મઝાનું રંગ-બે-રંગી ફળ-ફૂલો અને વૃક્ષોથી ઉભરાતું એવું વન હતું. તે વનમાં વિવિધ પ્રકારનાં પશુ-પંખીઓ રહેતા હતાં. જેમાં સિંહ, વાઘ, વરુ, હાથી, હરણાં, સસલાં, સાબર, શિયાળ, વાંદરા-મોર-ઢેલ, બગલાં, બતકાં, વગેરેનો સમાવેશ થતો હતો.

એક દિવસની વાત છે. એક સફેદ દૂધ જેવાં સસલાંને એક ‘સોનેરી હિંચકો’ ગુલમહોરની ડાળ ઉપર ઝૂલતો દેખાયો. આથી તે ભોળું, નિર્દોષ સફેદ સસલું આનંદિત થઈ નાચવાં - કૂદવાં લાગ્યું. ત્યારબાદ તે ઝડપથી ‘સોનેરી હિંચકા’ ઉપર બેસી હિંચકો ખાવાં લાગ્યું. ખરેખર તો ‘સોનેરી હિંચકો’ સોને મઢ્યો હોય તેવો જ લાગતો હતો. બીજું તે ‘સોનેરી હિંચકા’માં જાદુઈ શક્તિ

સમાયેલ હતી અને તે એ હતી કે જો કોઈ પવિત્ર નિર્દોષ આત્મા તે 'સોનેરી હિંચકા' ઉપર બેસે એટલે તે 'સોનેરી હિંચકો' તેની મેળે જ આપોઆપ ઝૂલવાં લાગતો હતો.

આમ, તે સફેદ નિર્દોષ સસલાંને 'ઓટોમેટિક' એવાં 'સોનેરી હિંચકા' ઉપર બેસી હિંચકા ખાવાની ભારે મઝા પડતી હતી. આવાં સ્વયંસંચાલિત 'સોનેરી હિંચકો' તેણે જીવનમાં પહેલી વખત જ જોયો હતો. આથી તે અતિ આનંદિત થયું, ઈશ્વરનો અનહદ આભાર માનતું હિંચકા ખાવાં લાગ્યું.

બરોબર આવા સમયે એક લુચ્ચું અને ખંધુ શિયાળ ફરતું ફરતું તે 'સોનેરી હિંચકા' પાસેથી પસાર થયું અને પછી સહસા તેની ચૂંચી, ખંધી નજર તે 'સોનેરી હિંચકા' ઉપર તેમજ તે હિંચકા ઉપર બેસી હિંચકા ખાઈ રહેલ સફેદ સસલાં ઉપર પડી. આથી તે આશ્ચર્યચકિત રહી ગયું. તેણે પણ તેનાં જીવનમાં આવો સોને મઢ્યો કલાત્મક એવો 'સોનેરી હિંચકો' જોયો નહોતો.

ત્યારબાદ તે કપટી શિયાળ ઈર્ષા અને ક્રોધપૂર્વક બરાડી ઉઠ્યું. અરે ઓ સસલીનાં, ચાલ ઉત્તર હવે આ હિંચકા ઉપરથી. જેથી આ 'સોનેરી હિંચકા' ખાવાનો લાભ હું લઈ શકું?. અચાનક લુચ્ચાં શિયાળની તીખી-કડવીવાણી સાંભળી ભોળું નિર્દોષ સસલું ઘડીભર તો ગભરાઈ ઉઠ્યું અને પછી થોડીવાર રહી તે બોલ્યું.



શિયાળભાઈ, આ હિંચકા ઉપર હજુ થોડાં સમય પહેલાં જ હું બેઠો છું. એટલે થોડા હિંચકા મને ખાઈ લેવાં તો ધ્યો? પરંતુ આ તો ઈર્ષાળુ શિયાળ હતું! તે તો આ સોને મઢ્યાં કલાત્મક હિંચકાને જોઈ દંગ રહી ગયું હતું. અને પછી કોઈ પણ ભોગે આ 'સોનેરી હિંચકા'ને કબજે કરવાં માટે તલપાપડ થઈ ઉઠ્યું હતું. પુનઃ તે શિયાળ ગર્જી ઉઠ્યું. અરે નાલાયક, સસલીનાં, તને એક વખત કહ્યુ તો છે કે આ 'સોનેરી હિંચકા' ઉપરથી તું ઉતરી જા. પરંતુ તું તો અબુધ કશું સમજતું જ નથી કેમ? આમ, બોલી તે ક્રોધિત થતું શિયાળ ઝૂલતાં એવાં 'સોનેરી હિંચકા' ને ઝપટ મારી પકડી લીધો. અને પછી સફેદ સસલાંને લાત મારી હિંચકા ઉપરથી પાડી નાંખ્યો અને પછી તે ખડખડાટ હસતું 'સોનેરી હિંચકા' ઉપર ચડી બેઠું અને બાદમાં તે 'સોનેરી હિંચકા' ઉપર પોતાનો પ્રભાવ પાડતાં તે બરાડી ઉઠ્યું. અરે ઓ 'સોનેરી હિંચકા' ચાલ મને સરસ મઝાનાં હિંચકા ખવરાવ તો? પરંતુ તે જાદુઈ 'સોનેરી હિંચકા'નો અફર નિયમ હતો કે આ હિંચકા ઉપર જેનો આત્મા પવિત્ર અને નિર્દોષ હશે તેને જ આ 'સોનેરી હિંચકો' હિંચકા ખવડાવશે. અને જેનો આત્મા અપવિત્ર, અશુધ્ધ અને લુચ્ચો હશે તેને આ 'સોનેરી હિંચકો' હિંચકા ઉપરથી ફંગોળ્યા કરી તેને 'પાઠ' ભણાવશે.

લુચ્ચાં શિયાળની 'રોફ' ભરી વાણી સાંભળી 'સોનેરી હિંચકો' તેનાં નિયમ પ્રમાણે ઝૂલવાં લાગ્યો. સ્વયં સંચાલિત હિંચકો શરૂ થઈ જતાં ઘડીભર તો તે અભિમાની ખંધુ શિયાળ ફુલાવા લાગ્યું. વાહ...? પોતાની 'ધાક' કેવી કડક છે હોં? ફક્ત એક વખત કહેવાથી જ આ 'સોનેરી હિંચકો' પોતાને કેવાં સરસ મઝાનાં હિંચકા ખવડાવવાં લાગ્યો છે હેં? વાહ... ભાઈ... વાહ...? આમ, તે શિયાળ ફૂલાઈને ફાળકો થવાં લાગ્યું. અને સાથોસાથ તે રંગ-બે-રંગી કલ્પનાઓ પણ કરવા લાગ્યું.

જ્યારે આ તરફ તે નિર્દોષ સસલું લુચ્ચાં શિયાળની લાત વાગવાથી તે એક તરફ ઉંધુ થઈને પડ્યું હતું. અને પછી તે પરાણે ઉભુ થતું દુઃખ, દર્દ અને પીડા અનુભવતું તે લુચ્ચાં શિયાળને હિંચકો ખાતાં જોઈ રહ્યું હતું. લુચ્ચું શિયાળ રંગ-બે-રંગી કલ્પનાઓ કરતું હિંચકા ખાવામાં મશગુલ હતું. તેને ખબર ન રહી કે ધીરે ધીરે તે હિંચકાની ગતિમાં સતત વધારો થઈ રહ્યો હતો. અને તે વધારો તીવ્ર ગતિ ધારણ કરતાં જ તે શિયાળનાં હોશકોશ ઉડવાં લાગ્યાં અને આંખો ફાડી ફાડીને તે હીંચકાને જોવા લાગ્યો. તેણે બન્ને હાથોથી તે હિંચકાની સોનેરી સાંકળ પકડી લીધી હતી. પરંતુ અંતે તે 'સોનેરી હિંચકા' નાં નિયમ મુજબ સતત ઉપર-નીચે નીચે - ઉપર હિંચકાની ગતિ વધતાં તે



શિયાળ પોતાનું સમતોલપણું જાળવી ન શકતાં તેનો હિંચકા ઉપરથી હવામાં 'ફંગોળ્યો' થયો અને... અને... મોટા ધબાકા સાથે એક તરફ તે ઉલળી પડ્યો. આથી તેનાં મુખમાંથી એક દર્દભરી 'ચીસ' નીકળી ગઈ. તેને અનેક જગ્યાએ વાગ્યું. અને...અને... ધીરે ધીરે તેને પસ્તાવો પણ થવાં લાગ્યો. કાશ..? તે નિર્દોષ સસલાંને જો ખોટી રીતે હેરાન-પરેશાન કર્યું ન હોત ને તો અત્યારે આવી કરુણ પરિસ્થિતિ ઉભી જ થઈ ન હોત.

ત્યાર બાદ તે શિયાળ બે-હાથ જોડી માફી માંગતું સસલાં પાસે ગયું. અને પછી વિનમ્ર સ્વરે તેને ઉદ્દેશીને બોલ્યું. હે સસલાભાઈ, મેં તમોને ખોટી રીતે હેરાન-પરેશાન કર્યા હતાં. તો તે બદલ મને 'ક્ષમા' કરશો? શિયાળને થતો 'ખરા હૃદયનો પસ્તાવો' જોઈ સસલાંને તેની દયા આવી. ત્યારબાદ તેને માફી આપતાં તેને થોડો ઉપદેશ પણ આપ્યો કે કોઈને ખોટી રીતે પરેશાન કરાય નહીં હોં!. આ સાંભળી તે શિયાળ પસ્તાવા સાથે ત્યાંથી દૂર દૂર ચાલ્યું ગયું. પુનઃ પેલાં કલાત્મક, જાદૂઈ અને સોને મઢ્યાં એવા 'સોનેરી હિંચકા' ઉપર ભોળું, નિર્દોષ એવું સસલું મીઠા-મધુર હિંચકા ખાવાં લાગ્યું. આ જોઈ ગુલમહોરનું વૃક્ષ તેનાં ઉપર રંગ-બે-રંગી ફૂલો વરસાવાં લાગ્યું.

# અદ્‌ભૂત પોપટ

એક વિશાળ આંબાનું વૃક્ષ હતું. તે વૃક્ષ ઉપર અસંખ્ય પ્રમાણમાં તેમજ રંગ-બે-રંગી પંખીઓ આનંદપૂર્વક રહેતાં હતાં. જેમાં ખાસ કરીને મેના-પોપટ, કાબર-કોયલ, મોર-ઢેલ, હોલા-હોલી, બુલબુલ, સુગરી, બપૈયા વગેરેનો સમાવેશ થતો હતો.

પરંતુ તે વિશાળ આંબાના વૃક્ષ ઉપર એક પણ કેરી પાકતી નહી. તે બધા પંખીઓના અથાગ પરિશ્રમ બાદ પણ તે આંબાના વૃક્ષ ઉપર કેરીનો પાક ન થતાં વૃક્ષ ઉપર રહેતા બધા પંખી આથી ખૂબ જ નિરાશ થઈ ઉઠ્યાં હતાં. તેમજ તેઓ બધાં વિચારમાં પડી ગયાં હતાં કે આ આંબાનાં વૃક્ષ ઉપર કેરીઓ ન પાકવાનું કારણ શું હશે? એક દિવસની વાત છે. સંધ્યાનો સોનેરી સમય હતો. ચારે તરફ ઠંડી મધુર હવા લહેરાઈ રહી હતી. તે આંબાનાં



વૃક્ષ ઉપર રહેતાં નિર્દોષ, ભલા-ભોળા પંખીઓ ગંભીર મુખમુદ્રા સાથે વૃક્ષ ઉપર બેઠાં હતાં કે અચાનક ક્યાંકથી ઉડતો ઉડતો એક ખૂબ જ દિવ્ય તેજથી ઝગારા મારતો ‘અદ્‌ભૂત પોપટ’ આવી ચડ્યો. અને પછી તે આંબાનાં વૃક્ષ ઉપર બેસી મધુર કંઠે તેમજ જ્ઞાનસભર ગીતો ગાવાં લાગ્યો. આહ...! શું તેના કંઠમાં અદ્‌ભૂત મીઠાશ હતી? આવો સુંદર મઝાનો ‘અદ્‌ભૂત પોપટ’ જોઈ તેમજ તેનાં મધુર મીઠા ગીતો સાંભળી તે વૃક્ષ ઉપરનાં બધાં પંખીઓ આભા બની તે ‘અદ્‌ભૂત પોપટ’નાં ગીતો બંધ થતાં જ બુલબુલ બોલી ઉઠ્યું. ‘વાહ...! શું તમારા કંઠમાં અદ્‌ભૂત મીઠાશ છે! તેમજ ગીતોમાં પણ જ્ઞાન સમાયેલ છે.’ બુલબુલની વાત સાંભળી ‘અદ્‌ભૂત પોપટ’ બોલી ઉઠ્યો ‘હે પંખી મિત્રો, હું જ્ઞાનસભર ગીતો ભલે ગાઈ રહ્યો હતો, પરંતુ મારી નજર તો તમારાં બધાં ઉપર હતી હોં? અને મને લાગ્યું કે તમો બધાં ચિંતામાં છો ખરું ને? ‘અદ્‌ભૂત પોપટ’ની વાત સાંભળી મોર બોલી ઉઠ્યો ‘હા, ‘અદ્‌ભૂત પોપટજી’, તમારી વાત સો ટકાની સાચી છે હોં? અને અમારી તે ચિંતાનો મુખ્ય મુદ્દો એ છે કે આ આંબાનાં વૃક્ષ ઉપર કેરીઓનો ફાલ શા માટે થતો નથી? જ્યારે અન્ય આંબાનાં વૃક્ષ ઉપર તો કેરીઓનો મબલખ પાક લહેરાઈ રહ્યો છે. અને આ એકમાત્ર આંબાનાં વૃક્ષ ઉપર જ કેરીઓનો પાક

નથી? અને તેનું કારણ શું હોઈ શકે? તેનાં વિચારમાં અમો બધાં ઘેરાઈ ગયાં છીએ.'

મોરની નિખાલસ વાણી સાંભળી તે 'અદ્‌ભૂત પોપટ' થોડીવાર આંખો બંધ કરી ગંભીર વિચારમાં પડી ગયો. જાણે તે ઈશ્વર સાથે વાતચીત ન કરી રહ્યો હોય? થોડીવાર બાદ તેણે આંખો ખોલી અને પછી તે ગંભીર ભાવે બોલ્યો. મિત્રો, શું તમારે આંબાનાં વૃક્ષ ઉપર કેરીઓનો મબલખ ફાલ લહેરાતો જોવો છે ને? આ સાંભળી બધાં પંખીઓ રાજી થતાં બોલી ઉઠ્યાં. હા, હા, 'અદ્‌ભૂત પોપટજી', અમારે આ આંબાનાં વૃક્ષ ઉપર મબલખ કેરીઓનો ફાલ લહેરાતો જોવો છે હોં? અને પછી તે 'અદ્‌ભૂત પોપટ' પુનઃ ગંભીર મુખમુદ્રા ધારણ કરી પોતાનાં કોકિલ કંઠે મા સરસ્વતીદેવીનું સ્મરણ કરતો મધુર તેમજ જ્ઞાન સભર ગીતો ગાવાં લાગ્યો. અન્ય પંખીઓ તે 'અદ્‌ભૂત પોપટ' ને આશ્ચર્ય પૂર્વક જોઈ રહ્યાં. હા, તે 'અદ્‌ભૂત પોપટ' જેમ જેમ જ્ઞાનસભર ગીતો ગાવા લાગ્યો તેમતેમ વાતાવરણમાં એકાએક પલટો આવતો હતો. સંધ્યાનાં રંગો ક્ષિતિજમાં ખીલવાં લાગ્યાં. અને... અને... તે બધાં પંખીઓનાં અતિ આશ્ચર્ય વચ્ચે તે આંબાના વૃક્ષ ઉપર ધીરે ધીરે કેરીઓનો ફાલ ઉગવા લાગ્યો. અને જેમ જેમ તે 'અદ્‌ભૂત પોપટ'નાં ગીતોમાં મીઠાશ સાથે



''ગૂઢજ્ઞાન'' ભળતાં ગયાં તેમ તેમ તે આંબાના વૃક્ષ ઉપર વિશાળ સંખ્યામાં કેરીઓ આવવાં લાગી. અને પછી તો તે આંબાનું વૃક્ષ કેરીઓથી લચી પડ્યું. પાંદડાં કરતાં કેરીઓની સંખ્યા વિશેષ થઈ ઉઠી. આવો અદ્‌ભૂત ચમત્કાર જોઈ તે બધાં નિર્દોષ પંખીઓ તે 'અદ્‌ભૂત પોપટ' ને નમી પડ્યાં. તે બધા પંખીઓની આંખોમાં હર્ષનાં આંસુઓ ઉભરાઈ આવ્યાં. તેઓએ જીવનમાં આવો અદ્‌ભૂત ચમત્કાર ક્યારેય જોયો કે સાંભળ્યો નહોતો. હા, તેઓ બધાંની જે ઈચ્છા હતી તે આજે પુરી થતી હતી. તેમજ જે ચિંતાઓ હતી તેનું આજે નિરાકરણ થઈ ગયું હતું ને?

થોડીવાર બાદ 'અદ્‌ભૂત પોપટ' જ્ઞાનમય મુદ્રામાંથી-સમાધીમાંથી જાગૃત થતાં તે બધાં પંખીઓ તેનાં પગમાં પડી ગયાં. આ જોઈ તે 'અદ્‌ભૂત પોપટ' બોલી ઉઠ્યો 'હે પંખી મિત્રો, મેં આમાં કશું કર્યુ જ નથી હોં, આતો મને 'ઈશ્વરીય સંકેત' થતાં તેમજ 'મા સરસ્વતી દેવી'ની કૃપા થતાં આ આંબાના વૃક્ષ ઉપર કેરીઓ આવેલ છે હોં! બાદમાં તે 'અદ્‌ભૂત પોપટ' થોડી જ્ઞાનમય ચર્ચાઓ કરી અને પછી તે બધાં પંખીઓની રજા લઈ ત્યાંથી ચાલ્યો ગયો. આ જોઈ પુનઃ તે બધા પંખીઓ તે 'અદ્‌ભૂત પોપટ'ને મનોમન વંદી રહ્યાં. સાથમાં જેની કૃપાથી આ આંબાનાં વૃક્ષ ઉપર કેરીઓનો ફાલ લહેરાઈ રહ્યો છે તેવાં 'મા સરસ્વતી દેવી'ને

પણ તેઓ મનોમન વંદી રહ્યા. આ જોઈ 'મા સરસ્વતી દેવી' તેઓને આશીર્વાદ આપવાં લાગ્યાં. પુનઃ તે આંબાનાં વૃક્ષ ઉપર બધાં પંખીઓ મધમીઠી કેરીઓ ખાતાં આનંદનો આલાપ છેડવા લાગ્યાં.



# હંસ અને વાંદરો

એક સુંદર મઝાનું સરોવર હતું. તે સરોવરમાં એક અતિ સુંદર મઝાનો હંસ રહેતો હતો. તે હંસમાં અપાર બુધ્ધિધન ગુણ ભરેલ હતાં. આથી સરોવરની તમામ રંગ-બે-રંગી માછલીઓ તેના અદ્‌ભૂત જ્ઞાનનો લ્હાવો લેતી હતી. સાંજ પડે અને તે સરોવરની રંગ-બે-રંગી માછલીઓ એકઠી થઈ હંસ પાસેથી વિવિધ પ્રકારનું જ્ઞાન જેમ કે શિક્ષણ, કલા-સાહિત્ય, ગમ્મતભરી વાતો, વાર્તાઓ વગેરે ગ્રહણ કરવા લાગી જતી. આથી તે સરોવરનું નામ દિન-પ્રતિદિન ચારે તરફ ફેલાવા લાગ્યું હતું.

એક દિવસની વાત છે.સંધ્યાનો સોનેરી અને આહ્‌લાદક સમય હતો. ચારે તરફ મધુર-મીઠી હવા લેહરાઈ રહી હતી. આવા સમયે તે સરોવરમાં મનમોહક અને ખૂશ્નુમાભર્યા વાતાવરણમાં અને જ્ઞાન ભર્યા હંસના અણમોલ સાનિધ્યમાં રંગ-બે-રંગી માછલીઓ અદ્‌ભુત જ્ઞાન ગ્રહણ કરી રહી હતી. કે

અચાનક ક્યાંકથી ઈર્ષાળુ વાંદરો તે સરોવર ઉપર પાણી પીવાનાં ઉદ્દશે સાથે આવી ચડ્યો અને પછી પાણી પીતાં પીતાં તેની લુચ્ચી તેમજ ઈર્ષાળુ નજર તે જ્ઞાનથી સમૃધ્ધ એવાં હંસ ઉપર તેમજ તેની પાસેથી અમૂલ્ય જ્ઞાન પ્રપ્ત કરી રહેલ રંગ-બે-રંગી માછલીઓ ઉપર પડી. આથી ઘડીભર તો તે આવું અદ્દ્ભુત દ્રશ્ય જોઈ આભો બની ગયો. અને બાદમાં તેનાં મનોજગતમાં ઈર્ષાનાં વમળો ઉભરાવાં લાગ્યાં. ત્યારબાદ તેણે એક કપટભરી યોજના ઘડી કાઢી.અને પછી તેણે એક મોટો પથ્થર ઉપાડ્યો. બાદમાં તે નિર્દોષ જ્ઞાની હંસનું નિશાન સાધી તેનાં ઉપર તે પથ્થરનો ''ઘા'' કર્યો. અને તે પથ્થર સ..ન..ન.. કરતો સરોવર તરફ ઉપડ્યો. અને સીધો જ તે હંસની બાજુમાં એક મોટા 'ધબાકા' સાથે પડ્યો.

અચાનક એક મોટો પથ્થર સરોવર ઉપર આવી પડતાં તે હંસ તેમજ રંગ-બે-રંગી માછલીઓ ચોંકી ઉઠી. અને પછી તે આવેલ પથ્થરની દિશામાં તેઓ બધી જોવા લાગી. તો ત્યાં આગળ એક લુચ્ચો વાંદરો તેમની તરફ દાંતીયા કરી રહેલ દેખાણો. આ જોઈ તે હંસ વિવેકસર બોલી ઉઠ્યો ''અરે ઓ વાંદરાભાઈ, તમો અમારી ઉપર પથ્થરનો પ્રહાર શા માટે કરો છો ? અમો તો શાંતિપૂર્વક સરોવરમાં રહી જ્ઞાનભર્યા વાતાવરણમાં વાર્તાલાપ કરીએ છીએ!''



હંસની વાત સાંભળી વાંદરો ઈર્ષાપૂર્વક બોલ્યો ''અરે ઓ હંસલીનાં, શું જ્ઞાન આપવાનો ઈજારો તેં લઈ રાખ્યો છે કે શું ?'' આ સાંભળી હંસ પુનઃબોલી ઉઠ્યો. ''અરે વાંદરાભાઈ, આમા ઈજારાની વાત જ ક્યાં આવી છે ? આ તો હું અન્ય દેશ-વિદેશમાંથી જે કંઈ જ્ઞાન શિક્ષણ વગેરે પ્રાપ્ત કરી આવ્યો છું તે જ્ઞાન અને શિક્ષણ મારા દેશવાસીઓને તેમજ મિત્રમંડળને આપી રહ્યો છું હો ?''

પુનઃવાદરો બોલ્યો ''અરે ઓ હંસલીનાં આજથી તારે તે જ્ઞાન અને શિક્ષણ કોઈને પણ આપવાની જરૂર નથી સમજ્યો ?'' અન્યથા હુ આજ રીત પથ્થરનો પ્રહાર કરતો રહીશ. લુચ્ચા અને ઈર્ષાળુ વાંદરાની વિચિત્ર અને અપમાન જનક વાણી સાંભળી હંસ તેમજ રંગ-બે-રંગી માછલીઓ વિચારમાં પડી ગઈ. માળું આ તો ભારે કહેવાય હો? આ૪ તો ''ભણવુ નહીં અને ભણવા દેવું નહીં.'' જેવો ઘાટ થયો હતો ને ? તેમ છતાં તે પુનઃવિવેકસર બોલ્યો હે. વાંદરાભાઈ અમો શાંતિપૂર્વક રહીએ છીએ તેમજ અભ્યાસ કરીએ છીએ પછી શા માટે તમો આવી 'હિંસાત્મક' પ્રવૃત્તિ કરો છો શા માટે ? અમો ફરી આપને વિનંતી કરીએ છીએ કે અમોને શાંતિપૂર્વક રહેવાં ઘો અને અમને અમારૂં કાર્ય કરવા ઘો તો તમારો ઉપકાર થશે.

પંરતુ આતો ઈર્ષાળુ વાંદરો હતો ને ? તેણે તે હંસની એક પણ વાત માન્ય રાખી નહીં. અને તે પોતાની હિન- હિંસાત્મક પ્રવૃત્તિમાં રત રહી પથ્થરો ઉપાડી હંસને તેમજ રંગ-બે-રંગી માછલીઓને હેરાન પરેશાન કરવાં લાગ્યો. અંતે તે હંસને લાગ્યું કે હવે આ મહામૂર્ખને કશો પાઠ ભણાવવો જ પડશે હો ? અન્યથા તે મહામૂર્ખ એવો અજ્ઞાની તેમજ ઈર્ષાળુ વાંદરો તેમણે વધુ હેરાન-પરેશાન કરવાં લાગ્યો. અંતે તે હંસને લાગ્યું કે હવે આ મહા મૂર્ખ ને કશો પાઠ ભણાવવો જ પડશે હો.? અન્યથા તે મહામૂર્ખ એવો અજ્ઞાનની તેમજ ઈર્ષાળું વાંદરો તેમને વધુ હેરાન-પરેશાન કરશે.બાદમાં તેણે તે સરોવરની રંગ-બે-રંગી માછલીઓને આદેશ આપ્યો કે જાવ અને સરોવરની અંદર રહેલ ચમકતાં પથ્થરોને ઉંચકી લાવો. અને પછી આ ‘ઘમંડી’ એવાં વાંદરાને પાઠ ભણાવો. બસ, ખલાસ! જ્ઞાનની ગુરૂજીની આજ્ઞા થતાં જ તે બધી રંગ-બે-રંગી માછલીઓ તુરંત સરોવરમાં ઉતરી ગઈ, અને પછી ચમકતાં પથ્થરો શોધવાં લાગી. અને આમેય તે બધી રંગી અને આમેય તે બધી રંગી-બે-રંગી માછલીઓ લુચ્ચા, ઈર્ષાળુ વાંદરાને પાઠ ભણાવવા માટે થનગની રહી હતી. અને તેમાં વળી હંસનો આદેશ થતાં તેઓ બધી તુરંત સરોવરમાં ઉતરી ગઈ. અને પછી ચમકતા પથ્થરો ઉપાડી લાવી અને તે વાંદરો



વધુ સમજે, વિચારે કે ત્યાંથી ભાગવાં જાય તે પહેલાં જ તેનાં ઉપર પથ્થરોનો વરસાદ વરસવાં લાગ્યો. તેણે આવી કશી કલ્પનાએ કરેલ નહીં કે એક સામાન્ય હંસ તેમજ રંગ-બે-રંગી માછલીઓ તેનો પ્રતિકાર કરશે. તે દોડાદોડી કરવાં લાગ્યો. પરંતુ ત્યાં સુધીમાં તો તેનાં હાડકાનું કચુંબર થઈ ગયું હતું. તેને અનેક જગ્યાએ ચમકતાં પથ્થરો વાગ્યાં હતા. કોઈ માથામાં કે કોઈ પીઠ ઉપર પથ્થરોનો વરસાદ વરસવાં લાગ્યો હતો. અને ધીરે ધીરે તેની આંખોમાં પસ્તાવાનાં આસું ઉભરાવાં લાગ્યાં. તેને લાગ્યું કે પોતે ખોટા અભિમાનનાં તોરમાં અને ખોટી ઈર્ષાવૃત્તિમાં આવીને હંસને તેમજ રંગ-બે-રંગી માછલીઓને હેરાન-પરેશાન કરી રહ્યો હતો ને ?

બાદમાં તે વાંદરાભાઈ પસ્તાવા સાથે બે હાથ જોડી વિનમ્ર સ્વરે બોલી ઉઠ્યો. હે હંસજી, ખરેખર હું ખોટી ઈર્ષાવૃત્તિમાં આવી તમો બધાંને ખોટી રીતે હેરાન-પરેશાન કરી રહ્યો હતો. જે બદલ મને હવે ખૂબ જ પસ્તાવો થઈ રહ્યો છે. માટે મને તે મારી ભૂલ બદલ ક્ષમાં કરશો?

આમ તે વાંદરો બાદમાં ખરાં હૃદયનાં પસ્તાવાં સાથે ત્યાંથી દૂર દૂર ચાલ્યો ગયો.

# સોનેરી હંસ અને કાળો કાચબો

એક સુંદર મઝાના સરોવરમાં અનેક રાજહંસો આનંદપૂર્વક તરી રહ્યા હતો. તે બધા રાજહંસોમાં એક અતિ સુંદર તેમજ તરવાની છટા હતી?વાહ...! જોનાર તો બસ તેને મન ભરીને જોયાં જ કરે એવી એની તરવાની છટા તેમજ સોનેરી રંગ હતો ! આ ઉપરાત તે 'સોનેરી રાજહંસ' જ્ઞાનની અને બુધ્ધિશાળી પણ હતો. અન્ય રાજહંસો તેની જાદુઈ અને જ્ઞાનની સભરવાણી સાંભળવા માટે તલસતા હતા.

એક દિવસની વાત છે. સંધ્યાનો સોનેરી તેમજ આહ્લાદક સમય હતો. ચારે તરફ મધુર-મીઠી હવા લહેરાઈ રહી હતી. આવા સમયે તે સરોવરમાં સોનેરી હંસના મધુર તેમજ જ્ઞાન સભર સાનિધ્યમાં અન્ય રંગ-બે-રંગી રાજહંસો આનંદનો



આલાપ છેડતાં હસી-ખુશી ભરી વાતો, વાર્તાઓ તેમજ જ્ઞાનસભર ગીતો ગાવાનો અણમોલ આનંદ લઈ રહ્યા હતાં, કે અચાનક ક્યાંકથી એક કાળો તેમજ ઈર્ષાળુ કાચબો તે સરોવર ઉપર આવી ચડ્યો. અને પછી તેણે તે સરોવરમાં આવાં સુંદર મઝાનાં રંગ-બે-રંગી રાજહંસોને તેમજ સોને મઢ્યાં એવાં સોનેરી હંસને જોઈ તે અચંબામાં પડી ગયો. ત્યારબાદ તે ઈર્ષાપૂર્વક સળગવાં લાગ્યો. અને પછી તે એક કપટભરી યોજના ઘડવા લાગ્યો.

જ્યારે આ તરફ તે રંગ-બે-રંગી રાજહંસો સાથે તે સોનેરી રાજહંસ આનંદપૂર્વક વાર્તાલાપ કરી રહ્યો હતો કે અચાનક તે ઈર્ષાળુ કાળો કાચબો ત્યાં આગળ ધસી આવ્યો. અને પછી તે બધા રાજહંસોને તેમજ સોનેરી રાજહંસને પણ ઉદ્દેશીને ગર્જી ઉઠ્યો, 'અરે ઓ રાજહંસલાઓ, ચાલો ચાલો આ સરોવર છોડી અન્યત્ર ચાલ્યાં જાવ જોઉ.'

અચાનક કાળા કાચબાની કડવી તેમજ અપમાનજનક વાણી સાંભળી તે બધાં નિર્દોષ રાજહંસો ચોંકી ઉઠ્યાં. અને પછી તેઓ બધાં તે કાળા કાચબા તરફ આશ્ચર્યપૂર્વક જોવા લાગ્યાં. પુનઃ તે કાળો કાચબો બરાડી ઉઠ્યો 'અરે ઓ રાજહંસલાઓ, શું તમારે કાન-બાન નથી કે? ચાલો ચાલો જલદી જલદી આ સરોવર

છોડી ચાલ્યાં જાવ. અન્યથા હું તમો બધાને હેરાન-પરેશાન કરી મૂકીશ.'

આમ, તે કાળો કાચબો નિર્દોષ, પ્રકૃતિ-પ્રેમી એવાં રાજહંસોને ફાવે તેમ બોલવાં અને તતડાવવાં લાગ્યો. તેમ છતાં તે સોનેરી હંસે કાળા કાચબાને સમજાવવાં માટે અનેક પ્રયત્ન કર્યા. પરંતુ, તે કાળો કાચબો એકનો બે ના થયો. તે પોતાની ખોટી જીદમાં જ મગ્ન રહ્યો. અંતે સોનેરી હંસને લાગ્યું કે હવે આ કાળા કાચબાનું ખોટું અભિમાન અને ગુમાન ઉતારવું જ પડશે! બાદમાં તે કશુંક વિચારીને પછી તેણે આંખો બંધ કરી અને કશો ગુઢ મંત્ર ભણ્યો. અને તે સાથે જ તેનાં શરીરમાંથી સોનેરી તીક્ષ્ણ કિરણો તે કાચબા ઉપર ભયંકર અગ્નિ બની વરસવાં લાગ્યાં. અચાનક આવું તેજ અને અગ્નિનો ધોધ માથા ઉપર વરસતાં તે કાળો કાચબો ચોંકી ઉઠ્યો.

અને... અને... તે કાળો કાચબો અંતે વિચારમાં પડ્યો કે માળું હાળું તે કંઈ હોતું હશે? શું એક સામાન્ય સોનેરી હંસના શરીરમાંથી તે કંઈ અગ્નિ વરસતો હશે ખરો? પરંતુ સત્ય તો સામે જ હતું ને? બાદમાં તે અગ્નિથી બચવા માટે આમતેમ દોડાદોડી કરવાં લાગ્યો. અન્ય રંગ-બે-રંગી રાજહંસો આંખો ફાડી-ફાડીને તે સોનેરી હંસને જોવાં લાગ્યાં. ઘડીભર તો તેઓનાં



માન્યામાં આવ્યું નહિં કે ખરેખર આવું બનતું હશે ખરું?

જ્યારે તે સોનેરી હંસ કાળા કાચબાને બરોબરનો પાઠ ભણાવવાનાં મુડમાં હતો. અને તે પોતાનાં શરીરમાંથી તીક્ષ્ણ કિરણોનો પ્રહાર તે કાળા અને અભિમાની કાચબા ઉપર કર્યે રાખતો હતો. અને તે કાળો કાચબો અગ્નિનાં ભયંકર પ્રહારથી બચવાં માટે આમતેમ ભાગંભાગી કરતો હતો. પરંતુ અંતે તે કાચબો હાર્યો, થાક્યો. તેના શરીર ઉપર અગ્નિનાં મારાથી ફોડલાં ઉપડવા લાગ્યાં. અને ત્યાં આગળ કાળી બળતરાં થવા લાગી અને... અને... પછી તેની આંખોમાંથી પસ્તાવાનાં આંસુઓ ઉભરાવા લાગ્યાં. અને બાદમાં તે બે હાથ જોડી વિનમ્ર સ્વરે સોનેરી હંસને ઉદ્દેશીને બોલી ઉઠ્યો. હે સોનેરી હંસજી, ખરેખર હું તમારા બધાંનો ગુનેગાર છું હોં? ખોટા અભિમાનનાં તોરમાં અને ઈર્ષાવૃત્તિમાં આવી હું તમો બધાંને મન ફાવે તેમ બોલવા અને તમારા બધાનું અપમાન કરવાં લાગ્યો હતો. તો તે બદલ મને ક્ષમા કરશો?

આમ, કાળાં કાચબાની આંખોમાં પસ્તાવાનાં આંસુઓ ચાલ્યે જવાં લાગ્યાં. આ જોઈ તે સોનેરી હંસને લાગ્યું કે ખરેખર હવે તે કાળાં કાચબાને અંતરથી પસ્તાવો થઈ રહ્યો છે. એટલે પછી તેણે પોતાની માયાજાળ-ગુઢ મંત્ર વડે પુનઃ તે પોતાની અસલ

સ્થિતિમાં આવી ગયો. અને પછી તે કાળા કાચબાને ઉદ્દેશીને બોલ્યો.હે કાચબાભાઈ, ‘‘જીવનમાં અભિમાનને ક્યારેય સ્થાન આપવું જોઈએ નહીં હોં? અન્યથા ક્યારેક ભારે વિપત્તિમાં આવી જવાય.’’ સોનેરી હંસની પ્રેરક, બોધપ્રદવાણી સાંભળી કાળો કાચબો પસ્તાવો કરવાં લાગ્યો. અને પછી તેણે મનોમન દ્રઢ સંકલ્પ કર્યો કે આજ પછી જીવનમાં તે અભિમાનને ક્યારેય સ્થાન આપશે નહિ. ત્યારબાદ તે દરેક રાજહંસોની ખરા હૃદયે માફી માંગતો ત્યાંથી પસ્તાવા સાથે દૂર દૂર ચાલ્યો ગયો.

બાદમાં તે સુંદર મઝાનાં સરોવરમાં અને સોનેરી હંસના અણમોલ સાનિધ્યમાં અન્ય રંગ-બે-રંગી રાજહંસો આનંદનો આલાપ છેડતાં રહેવા લાગ્યાં. આ જોઈ સરોવર તેમજ પ્રકૃતિ આનંદિત થઈ ડોલવા લાગી.



# દિવાળીની ઉજવણી

ભવ્ય ઐતિહાસિક અને રંગ-બે-રંગી રોશનીભરી દિવાળીનાં તહેવાર જેમ જેમ નજદીક આવતાં ગયા તેમ તેમ બાળકો શાળા-સ્કૂલમાંથી વેકેશન પડવાની ચાતક નજરે રાહ જોવાં લાગ્યાં. અને... અને... તેમની આતુરતાનો અંત પણ આવી ગયો. શાળા-સ્કૂલમાં દિવાળીનું વેકશન પડી ગયું અને તે સાથે જ રોનક-ચિંતન દિવાળીની ઉજવણી કરવાં માટે મામાને ત્યાં જવાની તૈયારી કરવાં લાગ્યાં. હા, મામા ને ત્યાં લાડ-પ્રેમ વિશેષ મળતાં હોય છે હોં? મામાને ત્યાં પણ નાનાં-નાનાં બાળકો હતાં. જેમાં એકનું નામ ભૂમિ અને બીજાનું નામ જીજ્ઞેશ હતું. હા તે બન્ને બાળકો ખૂબ જ રમતીયાળ અને લાગણીશીલ પ્રકૃતિનાં હતાં. આમ, તે ચારે રોનક, ચિંતન, ભૂમિ અને જીજ્ઞેશની નાની ટુકડી

ખૂબ જ આનંદ કિલ્લોલ પૂર્વક દિવાળીનાં ભવ્ય તહેવારોમાં આનંદ-પ્રમોદ કરતી હતી.

દિવાળીનો ભવ્ય અને રોશનીયુક્ત દિવસ આવી પહોંચ્યો. ચારે બાળકો મામાની ગાડીમાં ફટાકડાનાં સ્ટોલ-દુકાને ગયાં. તો ત્યાં આગળ ખરીદી કરનારની લાઈન લાગેલ હતી. મામાએ ગાડીને એક તરફ પાર્ક કરીને ચારે ભૂલકાંઓને સાથે લઈ એક સ્ટોલ ઉપરથી બીજા સ્ટોલ ઉપર બાળકોને લઈ જતાં અને તેમને મનગમતી વેરાયટીઝમાં ફટાકડાઓ લઈ આપતાં આ વખતે ફટાકડાઓની બજારમાં ઘણી જ વેરાયટીઝ આવેલ હતી. જેમાં ખાસ કરીને બાળકોને રમવાં માટેનાં નવીન રમકડાં આકાશમાં જઈ તારામંડળ રચતાં અને રોશનીયુક્ત ફટાકડાં, જમીન ચક્કર, ઘરઘંટી, કોઠી, ફૂલઝર, નાનાં-મોટાં ફટાકડાં, બપોરીયા વગેરેથી તે બાળમંડળીની થેલીઓ ચિક્કાર ભરાઈ ગઈ હતી. તે પછી તેઓ બધા પુનઃ ગાડીમાં ગોઠવાઈ ગયાં હતાં. અને વચ્ચે રસ્તામાં મીઠાઈનાં બોક્સ, સરબતનાં બાટલાં વગેરેની ખરીદી પણ કરતાં આવ્યાં. જેથી નૂતન વર્ષનાં દિવસે આવેલ મહેમાનોને સરબત મીઠાઈઓ વગેરે આપી તેમનું ભવ્ય રીતે સ્વાગત કરી શકાય.

ધરતી ઉપર ધીરેધીરે અંધકારનાં ઓળાં ઉતરવાં આવ્યાં હતાં. પૃથ્વી ઉપર દિવાળીની રોશનીથી રંગ-બે-રંગી લાઈટો



ઝબકી રહી હતી. ઠંડો આહ્લાદક પવન લહેરાઈ રહ્યો હતો. બરોબર આવા સમયે તે બાળ-મંડળી એક પછી એક ફટાકડાંઓ ફોડતી ગઈ. નીત નવી વેરાયટીઝ જોઈ આસપાસ વસતાં નાનાં-મોટાં લોકો ઉમટી પડ્યાં. અને પછી તો બાળ-મંડળીએ રીતસરની ફટાકડાની આતશબાજી શરૂ કરી દીધી. ધડ... ધડા... ધડ... છૂં... ઝૂં.... કરતાં રોકેટ, છત્રી વગેરેથી આભમાં રંગબેરંગી લીસોટાઓ અંકાવા લાગ્યાં. આમ, તે બાળકોએ આખી રાત જાગરણ કરી દિવાળીની ઉજવણી અને આનંદ પ્રમોદ કર્યો.

## આંબાડાળે કોયલ ટહુકે... કૂહું...કૂહું...!

ઉનાળાનો ધોમ તાપ સમગ્ર પૃથ્વી ઉપર વરસી રહ્યો હતો. ચારે તરફ લોકો, પશુ-પંખીઓ ઠંડક મેળવવા માટે મથી રહ્યા હતાં. એક આંબાવાડીમાં આવેલ આંબાનાં વૃક્ષની ડાળી ઉપર એક સુંદર મજાની કોયલ બેઠી બઠી જાણે ઈશ્વરને પ્રાર્થના કરતી હોય તેમ ટહૂકા કરતાં મીઠાં ગીતો ગાઈ રહી હતી.

“હે ઈશ્વર આ ધરતીના માનવી, પશુ-પંખીઓ ઉપર રહેમ કર, તાપ ઓછો કર, દયા કર. આ ફળો, ફૂલો, વૃક્ષો ઉપર અમી દ્રષ્ટિ કર, સમગ્ર વનરાઈઓ, પતંગીયાઓ ઉપર કૃપા કર. કૂહું.. કૂહું...!”

આમ, તે કોયલ ઈશ્વરને વીનવી રહી હતી. બરોબર આવા સમયે તે આંબાવાડીનો માલિક મોહન આવી ચડ્યો. અને સહસા



તેનાં કાન ઉપર તે કોયલનાં મીઠાં જ્ઞાનસભર ગીતો અથડાતાં જે તે કોયલ વાળા આંબાનાં વૃક્ષ નીચે જઈને બેસી ગયો. અને બાદમાં તે કોયલનાં મીઠાં ગીતો સાંભળવાં લાગ્યો.

“ હે ઈશ્વર આ આંબાવાડીની કેરીઓમાં એટલી બધી મીઠાશ ભરી દે કે ખાનારાઓને પૂર્ણ સંતોષ થાય. હે ઈશ્વર મનુષ્ય, પશુ-પંખીઓને એટલું સુખ-સંતોષ આપ કે તે સદા આપની પ્રાર્થનામાં, ગુણગાનમાં “રત”રહે.’ કૂહુ...કૂહુ...!

કોયલના આવા સુંદર, જ્ઞાનપ્રદ ગીતો સાંભળી મોહન તો મનોમન નાચી જ ઉઠ્યો. પરંતુ એકાએક જોરદાર હવા ફૂંકાણી અને... અને... મોહનની આંબાવાડીની મબલખ કેરીઓ તો મંડી ટપોટપ કરતી ખરવાં. અને થોડીવારમાં તો મોહનની આંબાવાડીની કેરીઓ તો ખરી જ પડી. આ જોઈ મોહન અતિ દુઃખી દુઃખી થઈ ઉઠ્યો. અરે આમ એકાએક મારી આ આંબાવાડીની કેરીઓને તો શોથ જ વળી ગયો હોં! કોયલને પણ આંબાવાડીની આવી એકાએક દશા જોઈને અત્યંત દુઃખ થયું. હા, ઘડીવાર પહેલાં તો આ આંબાવાડી મીઠી મધ જેવી કેરીઓથી ગહેકતી, મહેંકતી હતી. અને.. અને.. અત્યારે જાણે આ આંબાનાં વૃક્ષો ઉપર કેરીઓનો ફાલ વર્ષો થયાં બિલકુલ થતો જ ન હોય તેમ કેરીઓ વગરનો ઉજ્જળ, નિઃસહાય ભાસી

રહ્યો હતો ને! અને.. અને.. મોહનની આંખોમાંથી બોર બોર જેવડાં આંસુઓ ચાલ્યે જવાં લાગ્યાં. આથી આંબાની ડાળી ઉપર રહેલ કોયલની આંખોમાં ઝળઝળીયાં ઉભરાઈ આવ્યાં. અને તે આંસુઓની ધારાઓ આંબાના વૃક્ષો ઉપરથી જમીન ઉપર રેલાતાં રેલાતાં દરેક આંબાના વૃક્ષોને તેનો સ્પર્શ થતાં જ પુનઃ તે આંબાનાં કેરીઓનો મબલખ ફાલ લહેરાવા લાગ્યો. આ જોઈ મોહન તો આશ્ચર્ય ચકિત જ રહી ગયો. અને થોડીવાર તો તેનાં માન્યામાં આવ્યું નહીં કે શું ખરેખર તે જે કંઈ જોઈ રહ્યો છે તે શું સત્ય છે કે પછી સ્વપ્ન છે હેં! પરંતુ ના, સત્ય તો સામે જ હતું હોં!
પુનઃ કોયલ ઈશ્વરનાં ગીતો ગાવામાં ગુંથાઈ ગઈ.

''અપરંપાર છે ઈશ્વરની આ અદ્‌ભુત લીલા, ન જાણ્યું જાનકીનાથે કાલે શું થવાનું છે, રહો આજમાં. જીવો આજમાં, ન રહો ગમમાં ન રહો દુઃખમાં, ઈશ્વર જે કંઈ પણ કરશે તે સારા માટે જ કરશે... કૂહું...કૂહું...!''

**બોધ :** મિત્રો, હંમેશાં આજમાં જ જીવવું જોઈએ શું! ભૂતકાળ કે ભવિષ્યકાળમાં જીવવાથી ક્યારેક આપણે નિરાશા, હતાશાની ગર્તામાં ધકેલાઈ જઈએ છીએ શું! કેમ, બરોબરને...!



# નાળીયેરીનાં વૃક્ષે વાંદરો

રળીયામણાં તીથલનાં સમુદ્રકિનારે ઉંચા ઉંચા નાળિયેરીનાં વૃક્ષોની હારમાળાઓ આવેલ હતી. સહેલાણીઓ, પ્રવાસીઓની ભારે ભીડ હતી. સહસા ક્યાંકથી એક નટખટ વાંદરો આવી ચડ્યો. બાદમાં તે હૂપાહૂપ કરતો એક ઉંચી નાળીયેરીનાં વૃક્ષે જઈને મંડ્યો સુમધુર ગીતો ગાવાં.

''હે મનુષ્ય, કરો આજ આનંદનો અહેસાસ, જીવો મનભરીને આ સમુદ્રનાં કાંઠે, ઠંડી હવાનાં ઝોકે કરો નવજીવનનો અનુભવ, આ હવાની ઠંડી લહેરખીઓનાં સંગ, આ મીઠાં, અમ્રતભર્યા નાળીયેરીનાં અણમોલ સાનિધ્યમાં રહો સદા સ્ફૂર્તિવાન.''

અચાનક એક વાંદરાને આ રીતે નાળિયેરીનાં વૃક્ષ ઉપર

ચડીને અનોખા ગીતો ગાતાં જોઈ. સાંભળી પ્રવાસીઓ તો તે નાળીયેરીનાં વૃક્ષ પાસે પહોંચી ગયાં. અને પછી તે વાંદરાનાં મીઠાં, જ્ઞાનસભર ગીતો સાંભળવાં લાગ્યાં. પુનઃ તે વાંદરાનાં મુખમાંથી ગીતોની સરવાણીઓ વહેવાં લાગી.

''હે મનવાં, કરો વિશ્વનું પરિભ્રમણ, મળશે જીવન જીવવાનું, અનુભવનું અનેરું ભાથું, આ લહેરાતાં સમંદરની અનેરી સફર, આ ઢળતાં સૂર્યનાં સોનેરી કિરણો, જે તમારી સ્મૃતિમાં રહેશે કાયમનાં અકબંધ.''

આમ, તે વાંદરો મીઠાં ગીતો ગાઈ રહ્યો હતો. પ્રવાસીઓ પણ આ અનોખા ગીતો સાંભળવામાં ખોવાઈ ગયાં હતાં કે અચાનક શાંત સમંદર એકાએક ઉછળવા લાગ્યો. લોઢ લોઢ જેવાં બિહામણાં મોઝાંઓ રૌદ્રરૂપ ધારણ કરવાં લાગ્યાં. આ જોઈ સમુદ્રનાં કાંઠા ઉપરનાં પ્રવાસીઓ તો ભયથી ધ્રુજવાં લાગ્યાં. અને વિચારવાં લાગ્યાં કે આમ એકાએક આ સમંદરનાં મોઝાંઓ શા માટે ઉછળી રહ્યાં છે હેં? બાદમાં ત્યાં આગળ તો ભાગદોડ મચી ગઈ. લોકો જીવ બચાવવા માટે આમતેમ દોડાદોડી કરી રહ્યાં હતાં. નાનાં નાનાં બાળકો, સ્ત્રીઓ પણ ચીસાચીસો કરતી આમતેમ દોડી રહી હતી. આ જોઈ નાળીયેરીનાં વૃક્ષ ઉપરનાં વાંદરાની આંખોમાં દુઃખનાં, દર્દનાં આંસુઓ ચાલ્યે જવાં લાગ્યાં.



અને... અને... તે વાંદરાના આંસુઓ જેવાં ઉછળતાં મોઝાંઓને અડક્યાં તે સાથે જ સમંદરનાં મોઝાંઓ ધીરે ધીરે શાંત પડવાં લાગ્યાં. અને ખરેખર થોડીવારમાં તો તે સમંદર સંપૂર્ણપણે શાંત, ડાહ્યો, ડમરો બની ગયો. જાણે ત્યાં આગળ કશું બન્યું જ ન હોય તેમ હોં! આવો અદ્‌ભૂત ચમત્કાર, નિહાળી પ્રવાસીઓ તો દંગ રહી ગયા. અને તેઓ પણ તે વાંદરાને અને તેનાં આવાં અનોખા, પરોપકારી, ચમત્કારને માનભેર જોવાં લાગ્યાં. હા, તે વાંદરાના આંસુઓમાં પણ ઠંડી, અનોખી અને અદ્‌ભૂત ઈશ્વરીય શ્રધ્ધાભરી તાકાત હતી હોં! પુનઃ તે વાંદરો મીઠાં, જ્ઞાનસભર ગીતો ગાવાં લાગ્યો.

''કરો પૂજ્ય હનુમાનદાદાની સદા ભક્તિ, જે કરશે તમારી સદા સદા રક્ષા, બાળકમય બની રહો, ખીલશે સદા બાગમાં ફુલોની વસંત બહાર.''

**બોધ :** મિત્રો, જીવનમાં સદા નિખાલસતા, સરલતાં અને સચ્ચાઈને સ્થાન આપવામાં આવેને તો ઈશ્વર આપણી સદા રક્ષા કરશે શું!

# ક્રોધી કાગડો

એક વિશાળ વડનાં વૃક્ષ ઉપર કેટલાંક આકર્ષક પંખીઓ રહેતાં હતાં. જેમાં મુખ્યત્વે પોપટ, કોયલ, મોર, હોલા, બુલબુલ, ચક્રવાક, સુઘરી, બપૈયા વગેરેનો સમાવેશ થતો હતો. તે બધાં પંખીઓ ખૂબ જ હળીમળીને અને આનંદપૂર્વક રહેતાં હતાં.

એક દિવસની વાત છે. સંધ્યાનો સુમધુર, આહ્લાદક સમય હતો. તે વિશાળ વડનાં વૃક્ષ ઉપરનાં પંખીઓ આનંદ-કિલ્લોલ કરી રહ્યાં હતાં. જ્યારે એક સુંદર મજાનું ભોળું બુલબુલ તેનાં કોકિલ કંઠમાંથી મીઠાં ગીતો ગાઈ રહ્યું હતું.

''હે મનુષ્ય, આ જીવનનું અમૃત આમ ન વેડફી દઈએ, માંગશે હિસાબ ઈશ્વર એક દિવસ, ક્ષણનું બનેલ છે આ નવજીવન, તો તેને સમજીને વિચારીને વાપરીયે તો થશે એક



દિવસ ઈશ્વર રાજી.''

આમ, તે સુંદર બુલબુલ ખૂબ જ જ્ઞાનસભર, મીઠાં ગીતો ગાઈ રહ્યું હતું કે અચાનક ક્યાંકથી ઉડતો ઉડતો એક ઈર્ષાળું, ક્રોધી કાગડો તે વિશાળ વડનાં વૃક્ષ ઉપર આવી, એક ડાળીએ જઈને તે બેઠો. સહસા તે ક્રોધી કાગડાનાં કાન ઉપર સુંદર બુલબુલ ના મીઠાં, જ્ઞાનસભર ગીતો અથડાતાં જ તેની આંખ ઉપરની કાળી ભ્રકુટી સંકોચાઈ અને પછી તેનાં ઈર્ષાળું મનોજગતમાં તે સુંદર બુલબુલ પ્રત્યે ઈર્ષા સાથે તે બુલબુલને હેરાન, પરેશાન કરવાનાં વિચારોની હારમાળાઓ રચાવાં લાગી. બાદમાં તે ક્રોધથી બરાડી ઉઠ્યો. અરે ઓ બુલબુલીયાં, બંધ કર તારા ઢંગઢડાં વગરનાં આ ગીતોને શું? અન્યથા હું તને બરોબરનો ઠમઠોરી નાંખીશ શું?

અચાનક તે કાળા કાગડાને તે વડનાં વૃક્ષ ઉપર આવેલ જોઈ તેમજ તેની કડવી, તીખી, વાણી સાંભળી સુંદર બુલબુલ સાથે અન્ય પંખીઓ પણ દંગ રહી ગયાં. બાદમાં તે સુંદર બુલબુલ ગીતો ગાતાં તો અટકી ગયું. પરંતુ એક પચરંગી મોરથી ન રહેવાતાં તે ક્રોધી કાગડાને ઉદ્દેશીને બોલ્યો. અરે કાગડાજી, આ બુલબુલ નિર્દોષ અને જ્ઞાનસભર ગીતો ગાઈ રહ્યું છે શું! માટે તમે તે બુલબુલ ને ગીતો ગાતાં રોકશો નહીં. બસ, ખલાસ?

ક્રોધી કાગડાનાં ક્રોધનો પારો સાતમાં આસમાને પહોંચી ગયો. બાદમાં તે ક્રોધી કાગડો ક્રોધથી થર થરતો સુંદર બુલબુલ ઉપર આક્રમણ કરવાં માટે તેની તરફ ધસી ગયો. પરંતુ તે પચરંગી મોરે અગાઉથી જ જોઈ લીધું હતું કે તે ક્રોધી કાગડો સુંદર બુલબુલ ઉપર આક્રમણ જરૂરથી કરશે જ હોં! અને ખરેખર તો પચરંગી મોરની કલ્પના તદ્દન સાચી પડી. અને તે પચરંગી મોર તો ક્રોધી કાગડાનો સામનો કરવાં માટે તૈયાર જ હતો. જેવો તે ક્રોધી કાગડો સુંદર બુલબુલ ઉપર આક્રમણ કરવાં ધસી આવ્યો તે સાથે જ પચરંગી મોર ઢાલ બનીને સુંદર બુલબુલની સામે ઉભો રહી ગયો. આ જોઈ તે ક્રોધી કાગડો વધુ ભડકી ઉઠ્યો અને તે કડક થઈને સુંદર બુલબુલને મારવા ગયો. પરંતુ તે પહેલા તો અન્ય પંખીઓએ તે ક્રોધી કાગડાને બરોબર નો પકડીને એવો તે ઠમઠોર્યો કે તે ક્રોધી કાગડાની આંખોમાંથી કાળી વેદના સાથે આંસુઓની ધારાઓ વહેવાં લાગી.

ત્યારબાદ તે ક્રોધી કાગડો પોતાનાં ક્રોધને કાયમને માટે ત્યજી, તે સુંદર બુલબુલની માફી માંગતો ત્યાંથી દૂર દૂર ચાલ્યો ગયો. આ જોઈ તે સુંદર બુલબુલે તે પચરંગી મોરનો તેમજ અન્ય પંખીઓનો રક્ષણ આપવા બદલ અંતરથી ખૂબ ખૂબ આભાર માન્યો. અને ખરેખર તે ક્રોધી કાગડો પાછળથી તદ્દન સુધરી પણ



ગયો. વળી તેણે કાયમને માટે ક્રોધનો સંપૂર્ણ ત્યાગ પણ કરી દીધો હતો હોં.

બોધ : હા, મિત્રો, જીવનમાં ક્રોધ તો ક્યારેય પણ કરવો જોઈએ નહીં શું! ક્રોધથી તો જીવન, સંબંધ પણ બગડી જાય છે હોં! કેમ, બરોબર ને...?

# કમળનાં પુષ્પમાં મોતી

શ્યામ સરોવરમાં કેટલાંક આકર્ષક કમળો આવેલ હતાં. જેમાં એક અતિ સુંદર મઝાનું રૂપકડું સુવર્ણ કમળ પણ આવેલ હતું. અને તે રૂપકડાં કમળનાં પુષ્પમાં એક સાચું, કિંમતી મોતી પણ ઝગારાં મારી રહ્યું હતું. જે આસપાસનાં વિસ્તારોમાં તેનું તેજ, રોશની ફેલાવી રહ્યું હતું.

એક દિવસની વાત છે. નવા નગરમાં રહેતા એક કઠિયારાનાં સાંભળવામાં આવ્યું હતું કે શ્યામ સરોવરમાં રહેલ એક રૂપકડા સુવર્ણ કમળનાં પુષ્પમાં એક સાચું, કિંમતી મોતી ચોતરફ રોશની ફેલાવી રહ્યું છે આથી તે લુચ્ચાં, લાલચું કઠિયારાનાં મનોજગતમાં તે સાચા, કિંમતી મોતીને હાંસલ કરવાની ઘેલછા સાથે તે એક દિવસ મધ્યરાત્રીએ તે શ્યામ સરોવર



ઉપર આવી ચડ્યો. અને પછી ત્યાં આગળ આવીને તેણે શું જોયું? હા, તે શ્યામ સરોવરની આસપાસ સાચા મોતીનો દિવ્ય પ્રકાશ ઝગામગાં થી રહ્યો હતો. જાણે તે શ્યામ સરોવર ઉપર ઈલેક્ટ્રીક રોશનીનાં રંગબેરંગી ગોળાઓ ન ગોઠવ્યાં હોય તેમ હોં! જ્યારે શ્યામ સરોવરમાં આકર્ષક કમળો આનંદપૂર્વક, દિવ્ય રોશનીમાં ઝૂમી રહ્યાં હતાં. જ્યારે એક સફેદ કમળ તો આનંદથી મીઠાં ગીતો ગાઈ રહ્યું હતું.

"આજ મારે રમવું સરોવરમાં નિર્મળ નીર સાથે, આ આભલીલા દિવ્ય રોશનીના સહારે, જ્ઞાનવાણી કરવી છે આજ મારે, આ ભવ્ય, પ્રકાશનાં અણમોલ સાનિધ્યનાં સહારે -"

બરોબર આવા સમયે તે લાલચું, લુચ્ચો કઠિયારો શ્યામ સરોવરમાં દબાતાં પગલે ઉતર્યો. હા, તે શ્યામ સરોવરનું પાણી પણ અતિ ઠંડું. બરફ સમાન લાગી રહ્યું હતું. જ્યારે કઠિયારાના મગજમાં તો તે સાચા, કિંમતી મોતીના બદલામાં કેટલા બધાં નાણાં ઉપજશે તેની કલ્પનાઓ રચાવા લાગી. પોતે આ પૃથ્વી ઉપરનો અમીર-ધનાઢ્ય વ્યક્તિ બની જશે શું! આવી કલ્પના કરતો તે કઠિયારો સરોવરમાં આગળ ને આગળ વધી રહી હતી. રસ્તામાં તેને કોઈ મુશ્કેલી પડશે કે નહીં ની કલ્પના સુધ્ધા કરેલ નહીં હોં!

પરંતુ તે શ્યામ સરોવરમાં એક દસ ફૂટ લાંબો, કાળા રંગનો ખૂંખાર મગર પણ રહેતો હતો અને અત્યારે તે થોડાં થોડાં પાણીમાં આરામ કરી રહ્યો હતો. સહસા તે ખૂંખાર મગરના માથા ઉપર તે કઠિયારાના વજનદાર પગ પડ્યા. બસ, ખલાસ! અને... અને...કઠિયારાને ભાન થાય છે કે તેનો એક પગ ખૂંખાર મગરનાં માથા ઉપર પડ્યો છે અને હવે વધુ વખત આ સ્થળ ઉપર રહેવું જોખમ છે. તેવું તેને ભાન-બાન થાય તે પહેલાં તો તે ખુંખાર મગર ક્રોધથી ફૂંફાડા મારતો અને ક્રોધિત થતો તેણે સીધી જ તે કઠિયારાના વજનદાર પગને પોતાનાં વિશાળ ઝડબામાં દબાવી તે સરોવરના તળિયા તરફ તેને ઢસડવાં લાગ્યો.

જ્યારે તે કઠિયારાને ભાન થયું કે તેણે એક મગરના માથા ઉપર પગ મૂક્યો હતો અને તેના બદલામાં તે ખૂંખાર મગર તેનો એક પગ ઝડબામાં પકડીને તેને તે સરોવરનાં તળિયા તરફ ખેંચીને લઈ જઈ રહ્યો છે. આથી તે કઠિયારાનાં તો મોતીયાં જ મરી ગયાં. તેના શરીર ઉપરથી ગભરાટ, ભયનાં પરસેવાના રેલાઓ ઉતારવા લાગ્યાં. તેને લાગ્યું કે ખરેખર તેણે લાલચ, લોભમાં આવીને ગંભીર ભૂલ કરી હતીને હેં ! કાશ...? સાચા, કિંમતી મોતીની લાલચ જો રાખી જ ન હોત ને તો તો પોતાનો કિંમતી જીવ અત્યારે ખોવાનો વારો જ ન આવત હોં! પરંતુ હવે અત્યારે



પસ્તાવો કર્યે થાય પણ શું હેં! આમ, તે ખૂંખાર મગરે પોતાનું કામ તમામ કર્યું. સુવર્ણ કમળનાં મુખમાંથી ગીતો સરી રહ્યા હતા.

‘‘જીવનમાં ન કરો લાલચના વિચારો જે એક દિવસ લાવશે અંતના કિનારે જીવનમાં રાખો નિખાલસતા. જે એક દિવસ લાવશે ઈશ્વરની સમીપતા.’’

બોધ : મિત્રો, જીવનમાં લાલચ, લોભ અને મોહને તો ક્યારેય પણ સ્થાન અપાય જ નહીં હોં! કેમ, બરોબર ને...?

# કાજુનાં વૃક્ષે વાંદરો

સુંદરવન નામે એક અતિ સુંદર મઝાનું વન હતું. તે વનમાં વિવિધ પ્રકારનાં પ્રાણીઓ, પંખીઓ રહેતાં હતાં. જેમાં ખાસ કરીને સિંહ, હાથી, હરણાં, શિયાળ, વાંદરા, સસલા, મોર, બગલા, બતકા વગેરેનો સમાવેશ થતો હતો.

તે વનમાં એક કાજુનું વૃક્ષ પણ આવેલું હતું. અને તે કાજુનાં વૃક્ષનું વાવેતર એક ચતુર, બુધ્ધિશાળી એવાં બીટું વાંદરાએ કરેલ હતું અને અત્યારે તે કાજુનાં વૃક્ષ ઉપર મોટા ટેટા જેવાં અને ખાવામાં સ્વાદ સાથે અતિ મીઠાશ ધરાવતાં મબલખ પ્રમાણમાં કાજુનો ફાલ લહેરાઈ રહ્યો હતો. આ જોઈ તે સુંદરવનનાં પ્રાણીઓ, પંખીઓ તે બીટુ વાંદરાને નર્યા અચરજથી જોવાં લાગ્યાં હતાં.

બીજું એ કે તે વનમાં એક ઈર્ષાળું શકરો શિયાળ પણ રહેતો



હતો. અને તે શકરા શિયાળનાં ધ્યાન ઉપર આવ્યું કે ભઈ બીટું વાંદરાએ તો આ વનમાં કાજુનું એક વૃક્ષ પણ ઉગાડ્યું છે. અને તે કાજુનાં વૃક્ષ ઉપર મધમીઠાં કાજુનો મબલખ ફાલ પણ લહેરાઈ રહ્યો છે. આથી તે ઈર્ષાળું શકરા શિયાળની આંખોમાં લાલચનાં વમળો ઉભરાવા લાગ્યાં. બાદમાં તેણે એક કપટભરી યોજના ઘડી તે સુંદરવનનાં રાજા સિંહની ગુફા તરફ ચાલવા લાગ્યો.

સુંદરવનનાં ન્યાયપ્રિય રાજા શેરસિંહ તેમની ગુફામાં આરામ ફરમાવી રહ્યાં હતાં કે અચાનક તેમનાં કાન ઉપર કોઈનાં ગુફા તરફ આવતાં પગલાંનો અવાજ સાંભળી તેઓ તુરંત જ ઉભા થઈને ગુફાની બહાર ધસી આવ્યાં. અને બહાર આવીને તેમણે જોયું કે વનનો શકરો શિયાળ બહાર ઉભો હતો. શેરસિંહે શકરા શિયાળ સામે પ્રશ્નાર્થ નજરે જોયું. તે સાથે જ શકરો શિયાળ ફટ ફટ કરતો બીટું વાંદરાએ ઉગાડેલ કાજુનાં વૃક્ષ વિશે વિગતે વાત કહી. સાંભળી શેરસિંહની પણ ડાઢ ડળકવાં લાગી. બાદમાં શકરા શિયાળની સાથે તે બીટું વાંદરાના કાજુનાં વૃક્ષ તરફ ચાલવાં લાગ્યો.

જ્યારે આ તરફ પરીશ્રમી, પરોપકારી એવો બીટું વાંદરો કાજુનાં વૃક્ષ ઉપર બેસીને મોજપૂર્વક કાજુ ખાઈ રહ્યો હતો કે તેમનાં વૃક્ષ નીચે વનનો રાજા શેરસિંહ અને લુચ્ચો શકરો શિયાળ આવી પહોંચ્યા. બાદમાં ઈર્ષાળું, કપટી શકરો શિયાળ બરાડી

ઉઠ્યો. અરે ઓ બંદરીયા, તું જોતો નથી કે આપણાં આ વનનાં રાજા શેરસિંહ ખુદ તારા આ કાજુનાં વૃક્ષ નીચે આવી પહોંચ્યા છે હેં? બીજું, તું તાત્કાલીક મીઠાં મધ જેવાં કાજુ તોડી તોડીને સિંહરાજાને તેમજ મને ખાવા આપ જોઉં?

અચાનક કાજુનાં વૃક્ષ નીચે સિંહરાજાને તેમજ શકરા શિયાળને આવેલ જોઈ બીટું વાંદરો ઘડીભર નવાઈ પામી ઉઠ્યો. બાદમાં તે સિંહરાજાને પ્રણામ કરતાં બોલી ઉઠ્યો. પધારો પધારો સિંહરાજાજી? આજે તો કંઈ અમારું આંગણું પાવન કર્યું છે ને કંઈ હેં? બીટું વાંદરાની ચાપલુસી ભરી વાત સાંભળી શકરા શિયાળને તો જરીકેય પસંદ ન પડ્યું. પરંતુ શેરસિંહને તે બીટું વાંદરાના પ્રેમાળ શબ્દો ખૂબ જ ગમ્યાં. ત્યારબાદ બીટું વાંદરાએ વનનાં રાજા એવાં શેરસિંહ માટે મધમીઠાં કાજુઓ વૃક્ષ ઉપરથી તોડી તોડીને સિંહરાજાને ખાવાં માટે આપ્યાં. સિંહરાજા તો ભઈ લપ લપ કરતાં કાજુ કટકટાવવાં લાગ્યાં. જ્યારે શકરો શિયાળ સિંહરાજાને કાજુઓ ખાતાં ફાટી આંખોએ જોઈ જ રહ્યો. અને મનોમન તે વિચારવાં લાગ્યો કે માળું હાળું આ સિંહલાને લાવ્યો હું અને કાજુઓ કટકટાવે આ સિંહલો હેં! થોડીવાર રહી તે શકરો શિયાળ બોલ્યો. અરે ઓ બંદરીયા, થોડા કાજુ મને પણ ખાવાં આપ જોઉં? પરંતુ તે બીટું વાંદરો અગાઉથી જ સમજી ગયો હતો કે આજે શેરસિંહને કાજુ ખાવા માટે ઈર્ષાળુ શકરો શિયાળ જ



લાવ્યો હતો શું! આથી બીટું વાંદરાને તે ઈર્ષાળુ શકરા શિયાળ ઉપર થોડો ગુસ્સો ચડ્યો હતો. અને એટલે જ તેણે તે શકરા શિયાળને એક પણ કાજુ ખાવા માટે આપ્યાં નહીં. આથી તે શકરા શિયાળનું અહંમ બરોબરનું ધવાયું પરંતુ બાજુમાં જ ન્યાયપ્રિય શેરસિંહ તે બીટું વાંદરાનું અન્ન એટલે કે કાજું ખાઈ રહ્યાં હતાં. આથી સ્વાભાવિકપણે જ તે સિંહ તો બીટું વાંદરાનો અને સત્યનો જ પક્ષ લ્યે ને હેં! આ ઉપરાંત તે ન્યાયને વફાદાર પણ હતાં. જ્યારે શકરો શિયાળ વિચારવાં લાગ્યો કે હવે અત્યારે આ બીટું વાંદરાને વધું કશું કહેવાય પણ નહીં. અને વધુ સહેવાય પણ નહીં! બાદમાં તે ઈર્ષાળું શકરો શિયાળ મનોમન પોતાની ભૂલ કબૂલ કરતો ત્યાંથી દૂર દૂર ચાલ્યો ગયો. રાજા શેરસિંહ પણ તે પરીશ્રમી, પરોપકારી એવાં બીટું વાંદરાને મનોમન આશિર્વાદ આપતાં અને મીઠાં કાજુનો ઓડકાર ખાતાં ખાતાં પોતાની ગુફા તરફ આરામ કરવા માટે ચાલ્યાં ગયાં. પુનઃ તે બીટું વાંદરો મીઠાં કાજુ ખાતો ખાતો મીઠાં ગીતો ગાવામાં સરી ગયો.

“કરો મહેનત જે લાવશે એક દિવસ અનોખો રંગ, ન કરો કપટ, જે એક દિવસ લાવશે કરૂણાંભર્યો અંત. સદા કરો ઈશ્વરની ભક્તિ, જે સદા સદા માટે લાગશે કામ, જીવનમાં નિશ્વાર્થ ભાવ રાખો, અને મેળવો ખુશીનો સંગ.”

# વનવિહારની મોજ માણે તૂઈ પોપટ

એક સુંદર મઝાનું ફળફૂલોથી ઉભરાતું વન હતું. તે વનમાં આવેલ આંબાનાં વૃક્ષ ઉપર એક અતિ સુંદર મજાનો તૂઈ પોપટ આનંદપૂર્વક રહેતો હતો. તે તૂઈ પોપટને પરિભ્રમણ કરવાનો ભારે શોખ હતો. તે રાત્રી સિવાય ભાગ્યે જ આંબાનાં વૃક્ષ ઉપર રહેતો હતો. બસ, તે આખો દિવસ ઘૂમ્યાં,હર્યા ફર્યા જ કરતો હતો અને તે આખા વનની ફરતે વિહાર જ કરતો હતો. આ જોઈ તે આંબાનાં વૃક્ષ ઉપર રહેતાં અન્ય પંખીઓ તેને કટાક્ષમાં 'ફરતો તૂઈ પોપટ' કહીને સંબોધતાં હતાં. પરંતુ તે તૂઈ પોપટ દરેકને કહેતો. મિત્રો, 'ફરે તે ચરે, બાંધ્યો ભૂખે મરે' શું! ફરવાથી જીવનમાં આપણને દરેક વસ્તુ, સ્થિતિનો વ્યવસ્થિતપણે ખ્યાલ આવે શું! ક્યારે, કયું સંકટ આવે તેની પણ આપણને ખબર પડે



હોં! પરંતુ આંબાનાં વૃક્ષ ઉપરનાં પંખીઓ તે તૂઈ પોપટની વાતને ગંભીરતાંથી લક્ષ્યમાં લેતાં નહીં.

એક દિવસની વાત છે. સવારનો આહ્લાદક, ખૂશનમાં સમય હતો. તે તૂઈ પોપટ વહેલી સવારનો પરિભ્રમણ અર્થે વનવિહાર કરવાં માટે થોડે દૂર નીકળી ગયો હતો. અને અત્યારે તે એક વિશાળ વડનાં વૃક્ષ ઉપર પોરો ખાવાં માટે બેઠો હતો કે અચાનક તે વડનાં વૃક્ષ નીચે બે લુચ્ચાં કરડાં ચહેરાં વાળાં પારધીઓ હાથમાં શિકાર પકડવાની જાળ તેમજ પંખીઓને પાંજરામાં કેદ કરવા માટેનાં મોટી સાઈઝનાં પિંજરાઓ લઈને આવી પહોંચ્યાં હતાં. વળી તેઓ બંન્ને અંદરો અંદર ચર્ચાઓ પણ કરી રહ્યા હતાં. એક પારધી બોલ્યો, મિત્ર મોહન, આ વનમાં આપણને ઘણાં બધાં પંખીઓનો શિકાર કરવાં મળશે શું? બીજો પારધી પણ ટેકો આપતાં પ્રેરક સ્વરે બોલ્યો. હા, મિત્ર ધનજી, મેં પણ સાંભળ્યું હતું કે આ લીલાછમ વનમાં અસંખ્ય સંખ્યામાં પંખીઓની ફોજ રહેછે શું! આમ બોલતાં બોલતાં તે બંન્ને પારધીઓ શિકારની શોધમાં તેઓ વનની અંદરની તરફ ચાલતાં થયાં. વડનાં વૃક્ષ ઉપર રહેલ તૂઈ પોપટે તે લુચ્ચાં પારધીઓની વાત બરોબરની સાંભળી હતી. અને ઘડીભર તો તે તૂઈ પોપટ લુચ્ચાં પારધીઓ ઉપર ગુસ્સે પણ ભરાયો. અને મનોમન તે બોલી ઉઠ્યો, અરે

આ મનુષ્યજાત પોતે તો શાંતિપૂર્વક રહેતી નથી અને તેઓ આ પ્રકૃતિના ખોળે ખેલતાં, નિર્દોષ, ભલાં-ભોળાં પંખીઓને પકડીને નાણાં કમાય છે કેમ? ત્યારબાદ તે તૂઈ પોપટ કશુંક નિર્ણય લઈ, પછી તુરંત ઉડીને તે આંબાનાં વૃક્ષ ઉપરનાં તેમનાં પંખી, મિત્રોને ચેતવણી આપવાં માટે શ્વાસભેર ધસી ગયો.

જ્યારે આ તરફ તે આંબાના વૃક્ષ ઉપરનાં પંખીઓ તો શાંતિપૂર્વક ઉંઘી રહ્યાં હતાં. તેઓ બધાંએ સ્વપ્નેય કલ્પનાંએ કરેલ નહીં કે આ વનમાં લુચ્ચાં પારધીઓ તેમને "કેદ" કરવાં માટે આવી ચડશે! અને અચાનક તૂઈ પોપટને આ રીતે અને તે પણ શ્વાસભેર ધસી આવેલ જોઈ તે બધાં પંખીઓ ઘડીભર તો વિચારમાં પડી ગયાં હોં! ત્યારબાદ એક પચરંગી મોર બોલી ઉઠ્યો, અરે તૂઈ પોપટ, આમ એકાએક શ્વાસભેર અહીં ધસી આવવાનું પ્રયોજન શું છે હેં? શું કોઈ આફત, બાફત આવી પડી છે કે? તૂઈ પોપટ થોડીવાર શ્વાસ ખાઈને બોલ્યો, મિત્રો, આપણાં આ વનમાં બે પારધીઓ હાથમાં જાળ અને મોટાં મોટાં પાંજરાઓ લઈને ઉતરી આવ્યા છે. અને મેં તે પારધીઓની વાતચીત મારા કાનોકાન સાંભળી છે શું! અને એટલા માટે હું આપને બધાંને ચેતવવાં આવ્યો છું કે થોડાં સમય માટે આપણે બધાંએ અહીંથી થોડે દૂર ચાલ્યાં જવું જોઈએ શું?



તૂઈ પોપટની સાચી સલાહ, તેમજ પરોપકારની વાણી સાંભળી તે આંબાનાં વૃક્ષ ઉપરનાં પંખીઓને તે તૂઈ પોપટ ઉપર ખૂબ જ માન અને હેત ઉભરાઈ આવ્યાં. હા, તે તૂઈ પોપટ આજ તેમની રક્ષા કરવાં માટે શ્વાસભેર ધસી આવીને તેમને બધાંને સમયસર ચેતવ્યાં હતાં ને હેં! બાદમાં તે તૂઈ પોપટની આગેવાની હેઠળ તે બધાં પંખીઓ થોડે દૂર ઉપર આવેલ એક ઘટાટોપ એવાં વડનાં વૃક્ષ ઉપર ચાલ્યાં ગયાં. જ્યારે તે પારધીઓ વન આખામાં પંખીઓને પકડવાં માટે ઘૂમી વળ્યાં હતાં. પગનાં છોતલાં તેઓએ કાઢી નાખ્યાં હતાં. તેમ છતાં પણ તેઓને એક પણ પંખી હાથ લાગેલ નહીં. આથી તે બંન્ને પારધીઓનાં ક્રોધની કોઈ સીમા રહી નહીં. તેઓએ ધાર્યું હતું તેનાં કરતાં ઉલટી પરિસ્થિતિ થઈ હતી શું! બાદમાં તે બંન્ને પારધીઓ ક્રોધથી ફૂંફાડાં મારતાં અને પગ પછાડતાં તે વન છોડીને ચાલ્યાં ગયાં.

થોડાં સમય બાદ પુનઃ તૂઈ પોપટની આગેવાની હેઠળ તે બધાં પંખીઓ આંબાનાં વૃક્ષ ઉપર રહેવાં માટે આવી પહોંચ્યાં. અને પછી તે બધાં પંખીઓએ મનોમન નક્કી કર્યું કે આજથી તેઓ પણ આ તૂઈ પોપટની જેમ સતત પ્રવૃતિશીલ, પરિભ્રમણ કરતાં રહેશે. અને જીવનને ઉન્નતિ, સન્માર્ગ તરફ વળતાં રહેશે. આવી સદ-પ્રવૃત્તિ, ઈચ્છાશક્તિ જોઈ તૂઈ પોપટ જ્ઞાનસભર

સુભાષિતોની શૂરાવલીઓ છેડવાં લાગ્યો.

"જીવનમાં રહો સદા પ્રવૃત્તિશીલ, કરો સદા વનવિહારનું પરિભ્રમણ, નવજીવનનું ભાથું બની રહશે સદા, જીવનમાં આવશે સદા ઉમંગ, ઉત્સાહનાં ફૂવારાં."



# વાંદરાની વીંટી પડી તળાવમાં

એક સુંદર મઝાનાં તળાવનાં કાંઠે મીઠાં ફળોથી ઉભરાતું કદંબનું એક વૃક્ષ આવેલ હતું અને તે કદંબનાં વૃક્ષ ઉપર એક વાંદરો અને વાંદરી રહેતાં હતાં. વાંદરો ખૂબ જ ભક્તિવાળો હતો. જ્યારે વાંદરી તો ભઈ ભારે કર્કશ, ક્રોધિત સ્વભાવ ધરાવતી હતી. વળી તે તળાવમાં એક ખૂંખાર દશ ફૂટ લાંબો મગર પણ રહેતો હતો.

એક દિવસની વાત છે. સાંજનો સમય હતો. વાતાવરણ અતિ મધુર, ઠંડીભર્યું હતું. આવા સમયે તે કદંબનાં વૃક્ષ ઉપર રહેલ ભક્તિભાવવાળો વાંદરો કોમળ, મીઠાં સ્વરે ભક્તિભર્યા ગીતો ગાઈ રહ્યો હતો.

"આજ મારા રામની કરો અનોખી ભક્તિ, જે સદા જીવન

તારશે તમારા સૌના, જીવનમાં રાખો હંમેશાં મીઠાશ, તો થશે જીવન આબાદ આપણાં સૌનાં.''

આમ, તે ભક્તિભાવ ધરાવતો વાંદરો મીઠાં ગીતો ગાવામાં ગૂંથાઈ ગયો હતો. ત્યારે કર્કશ વાંદરી કાન ઉપર હાથ દઈને વાંદરાને મનોમન કોશતી હતી. તો તે તળાવમાં રહેલ ખૂંખાર મગર ક્યારનોય બૂમો પાડી ને કહી રહ્યો હતો. અરે ઓ બંદરીયા, બંધ કર તારા આવાં ઢંગધડાં વગરનાં ગીતોને શું? અન્યથા હું તને બરોબરનો ફટકારીશ હોં?

પરંતુ તે ભક્તિભાવ ધરાવતો વાંદરો તેમની ગાવાની ધૂનમાં મસ્ત હતો. આ જોઈ ખૂંખાર મગરનું લોહી ધગી જ ઉઠ્યું. બાદમાં તળાવનાં કાંઠા ઉપર આવી તે કદંબનાં વૃક્ષ ઉપર ચડવાનો પ્રયત્ન કરવાં લાગ્યો. પરંતુ તે મગરનું શરીર અતિ ભારે હોવાથી તે કદંબનાં વૃક્ષ ઉપર ચડી શકતો નહોતો. બાદમાં તે મગર હારી, થાકીને પુનઃ તળાવમાં ચાલ્યો ગયો. તે ભક્તિવાળો, ગીતો ગાતો વાંદરો એવી તલ્લીનતાથી તેમજ હાવભાવ સાથે ગીતો ગાતો હતો કે એકાએક તેનાં હાથની આંગળીમાં રહેલ એક સુવર્ણ વીંટી નીકળીને તળાવમાં પડી ગઈ. અને... અને... મગરનું ધ્યાન પડતાં જ તેણે ઝડપ મારીને તે વાંદરાની વીંટી લઈ લીધી.

પુનઃ તળાવમાં રહેલ મગર બરાડી ઉઠ્યો. અરે ઓ વાંદરા,



જો તારે તારી વીંટી જોઈતી હોય ને તો તું તારા આ ગીતો બંધ કરીશને તો જ હું તારી વીંટી તને પાછી આપીશ શું? અન્યથાં તને હું તારી વીંટી બિલકુલ પાછી આપીશ જ નહીં હોં! પોતાની અમૂલ્ય ભક્તિભાવ વાળી અને તેમાંય શ્રી હનુમાનદાદાની મુખમુદ્રાવાળી વીંટીને આ રીતે તળાવમાં પડી ગયેલ જોઈ તે વાંદરાએ ગીતોને ગાતા બંધ કર્યાં. અને પછી તે મગરને વિનંતીઓ કરતાં બોલી ઉઠ્યો. અરે ઓ મગરજી, મને મારી વીંટી પાછી આપી દયો તો તમારો ઉપકાર થશે હોં! વાંદરાનું ગરીબડું મોઢું જોઈને મગરને તેની દયા આવતાં તેણે તે વાંદરાની વીંટી પાછી તેને આપી દીધી. આથી તે વાંદરાએ મગરનો આભાર માન્યો.

એક દિવસની વાત છે. ઉનાળાનો સમય હતો. તળાવમાં પાણી સૂકાઈ ગયાં હતાં. તે તળાવમાં રહેલ મગર પણ પાણી વગર ત્રાસી ગયો હતો. ગરમી અસહ્ય પડી રહી હતી. અને તે મગર તો પાણી વગર તરફડવાં લાગ્યો. આ જોઈ કદંબનાં વૃક્ષ ઉપર રહેલો ભક્તિભાવ વાળા વાંદરાને તેની દયાં આવતાં તે હનુમાન ચાલીસાનાં પાઠ પુરી શ્રધ્ધાપૂર્વક ગાવાં લાગ્યો. વાંદરી પણ તેમાં જોડાઈ, તળાવમાં રહેલ મગર પણ તે વાંદરા અને વાંદરીને શ્રી હનુમાન ચાલીસાનાં પાઠ કરતાં જોઈ રહ્યો. અને.. અને.. થોડીવારમાં તો તે તળાવનાં તળીયેથી મીઠાં પાણીનાં

નવાં નીરની સરવાણીઓ ફૂટવાં લાગી. આ જોઈ તે મગર તો ઘડીભર નવાં નીરને જોવાં લાગ્યો. તો ઘડીકમાં તે વાંદરા અને વાંદરીને શ્રી હનુમાન ચાલીસાનાં પાઠ કરતાં જોવાં લાગ્યો. પરંતુ ત્યાં સુધીમાં તો તે ખાલી રહેલ તળાવ મીઠાં પાણીથી છલોછલ થઈ ઉઠ્યું. આથી તે મગરની આંખોમાં શ્રધ્ધાનાં, સ્નેહનાં અને પ્રેમનાં આંસુઓ છલકાવાં લાગ્યાં. હા, ખરેખર ઈશ્વર તો સર્વત્ર છે જ હોં! તેમ તે મગરને પાકી ખાત્રી થઈ ગઈ. બાદમાં તે પણ પુરી શ્રધ્ધાથી શ્રી હનુમાન ચાલીસાનાં પાઠ કરવા લાગ્યો.

પુનઃ તે ભક્તિભાવવાળો વાંદરો ભક્તિમય ગીતો રેલાવવાં લાગ્યો.

"છે આ જગમાં શ્રી હનુમાનજી હાજરા હજૂર, કરો પુરી શ્રધ્ધાંપૂર્વક તેમની ભક્તિ, જે કરશે તમારા સઘળાં કષ્ટોનું નિવારણ, કરો દિનરાત શ્રી રામભક્ત હનુમાનની ભક્તિ."



# પરોપકારી મોરની મહાનતા

એક વિશાળ આંબાની ડાળી ઉપર ઝૂલણ ઝૂલતો પચરંગી મોર મીઠાં, જ્ઞાનસભર ગીતો ગાઈ રહ્યો હતો.

"રહો ઈશ્વરનાં સાનિધ્યમાં, રહો પ્રકૃતિની ગોદમાં,
જે જીવનમાં લાવશે સદા નવબહારનાં ઉમંગભર્યા રંગો."

આમ, તે પચરંગી મોર મીઠાં ગીતો ગાઈ રહ્યો હતો. બરોબર આવાં સમયે એક કઠિયારો હાથમાં તીક્ષ્ણ કુહાડી લઈને તે આંબાનાં વૃક્ષ પાસે લાકડાં કાપવા આવ્યો. અને પછી તે પોતાની પ્રકૃતિ મુજબ આંબાનાં વૃક્ષ ઉપર તીક્ષ્ણ કુહાડીઓ મારવાં લાગ્યો. આ જોઈ તે પચરંગી મોરની આંખોમાંથી બોર બોર જેવડાં આંસુઓ વહેવાં લાગ્યાં. જેમાંનું એક આંસુનું ટીપું તે કઠિયારાનાં શરીર ઉપર પડતાં જ તે આંસુનું ટીપું સાચું મોતી બની ગયું. આ જોઈ

તે કઠિયારાની આંખોમાં વધુ લાલચનાં વમળો ઘુમરાવાં લાગ્યાં. બાદમાં તે વધુ કશુંક વિચારતો પુનઃ આંબાનાં વૃક્ષ ઉપર કુહાડીઓનો પ્રહાર કરવાં લાગ્યો. અને તે દયાળું પચરંગી મોરની આંખોમાંથી વધુ ને વધુ આંસુઓ સરવાં લાગ્યાં. જે લોભી કઠિયારા ઉપર ધાર બનીને વહેવાં લાગ્યાં. અને તે બધાં જ આંસુઓ સાચા, કિંમતી મોતીઓનું સ્વરૂપ ધારણ કરવાં લાગ્યાં. તે સાથે જ કઠિયારાની આંખો તો આટલાં બધાં સાચા, કિંમતી મોતીઓને જોઈને ફાટીને ફાટી જ રહી ગઈ.

બાદમાં તે કઠિયારાએ જમીન ઉપર રહેલ તમામ સાચા મોતીઓ ઉપાડી લીધાં અને પોતાનાં ખીસ્સાઓ ભરીને તે ચાલવાં લાગ્યો. આ જોઈ તે પચરંગી મોરને શાંતિ થઈ. પરંતુ કઠિયારાને હજુ પૂર્ણ સંતોષ તો નહોતો થયો હોં! હા, પેલી કહેવત છે ને કે ‘‘લોભ ને થોભ’’ ન હોય શું! સહસા તે કઠિયારો વળી નવું લાલચભર્યું વિચારીને આંબાનાં વૃક્ષ પાસે આવી ફરી પાછી તેણે પોતાની કુહાડી આંબાનાં વૃક્ષ ઉપર ફટકારી. આથી ફરી મોરની આંખોમાંથી આંસુઓ ચાલ્યે જવાં લાગ્યાં. પરંતુ આ વખતનાં આંસુઓ એટલાં બધાં જલદ હતાં કે તે આંસુઓ જેવાં તે કઠિયારાનાં શરીર ઉપર પડ્યાં કે તે કઠિયારાનાં મુખમાંથી કાળી બળતરાની ચીસો નીકળવા લાગી. તેને લાગ્યું કે જાણે શરીર



ઉપર કોઈએ જલદ એસીડ ન ફેંક્યો હોય તેમ હોં!

ત્યારબાદ તે કઠિયારાની આંખોમાંથી પસ્તાવાનાં આંસુઓ ઉભરાઈ આવ્યાં. આ જોઈ તે આંબાનાં વૃક્ષની ડાળી ઉપર રહેલ પચરંગી મોરને તેની દયાં આવતાં તેણે તેને મનોમન માફી આપી. બાદમાં તે કઠિયારાનું ‘‘હૃદય પરિવર્તન’’ થતાં જ તેણે તમામ સાચા, કિંમતી મોતીઓ ત્યાં આગળ જ છોડીને તે પ્રભુભક્તિ કરવાં માટે હિમાલય તરફ ચાલ્યો ગયો. હા, સાચા કિંમતી મોતી તો એક શ્રી હરિના નામમાં જ છે તેનું ભાન અને જ્ઞાન થતાં જ હોં! આથી તે પચરંગી મોર પુનઃ મીઠાં જ્ઞાન સભર ગીતો ગાવાં લાગ્યો.

‘‘જીવનમાં ન કરીએ, અત્યાચાર, ન કરીએ પ્રકૃતિનો સહાર, કરીએ તો બસ એક શ્રી હરિનું નામ, જે જીવન સંહારશે એક શ્રી હરિ.’’

# સુંદરવનમાં તરણસ્પર્ધા

સુંદરવન એક ફળ-ફૂલોથી ઉભરાતું વન હતું. તે વનમાં વિવિધ પ્રકારનાં પ્રાણીઓ, પંખીઓ રહેતાં હતાં. જેમાં ખાસ કરીને સિંહ, હાથી, હરણાં, વાંદરા, સસલા, મોર, બગલા વગેરેનો સમાવેશ થતો હતો.

એક વખત સુંદરવનનાં રાજા કેસરી સિંહને વિચાર આવ્યો કે આ વનમાં એક અનોખી તરણસ્પર્ધાનું આયોજન શા માટે ન કરવું જોઈએ હેં? હા, તરણસ્પર્ધાથી દરેક પ્રાણીઓમાં જીવન જીવવાનો નવો જુસ્સો, આનંદ અને આરોગ્ય પ્રત્યે વધુ સજાગતા કેળવાય હોં! બસ, આવો સુંદર વિચાર આવતાં જ કેસરી સિંહ રાજાએ સુંદર વન આખામાં જાહેરાત કરવી કે જે કોઈ પ્રાણી, પંખીઓને આ અનોખી તરણસ્પર્ધામાં ભાગ લેવો હોય તેણે સંપૂર્ણ



તૈયારી સાથે દિન ત્રણમાં પોતાનાં નામો સુંદરવનમાં આવેલ કાર્યાલયમાં સંપૂર્ણ બાયોડેટા સાથે લખાવી જાય.

અને... અને... આવી અનોખી સ્પર્ધાની જાહેરાત સાંભળી સુંદરવનમાં આનંદ સાથે રોમાંચ વ્યાપી ગયો. અને પછી તો સુંદરવનનાં પ્રાણી, પંખીઓ તો તરવાની તાલિમ સાથે તેમનો સંપૂર્ણ બાયોડેટા સુંદરવનમાં આવેલ કાર્યાલયમાં પહોંચતાં કરવા લાગ્યાં. કેસરી સિંહ રાજાએ પછી તે વનનાં અન્ય નિષ્ણાત પ્રાણીઓ કે જેમાં શિયાળ, બગલાં, હંસ વગેરેની એક ટીમ બનાવી તેઓને આ સ્પર્ધાની સંપૂર્ણ જવાબદારી સોંપી દીધી.

સુંદરવનમાં આવેલ એક વિશાળ, શુધ્ધ મીઠા પાણીના તળાવમાં આ તરણ સ્પર્ધા યોજાવાની હતી. આથી તે તળાવને ચારે તરફથી રોશનીથી શણગારવામાં આવ્યું હતું. આ ઉપરાંત અન્ય તમામ તૈયારીઓ પણ પૂર્ણ કરવામાં આવી હતી. અને... અને... તરણસ્પર્ધાનો દિવસ અને સમય પણ આવી પહોંચ્યો. તળાવના કાંઠા ઉપર રંગબેરંગે વસ્ત્રોમાં પ્રાણીઓ, પંખીઓ ઉમટવાં લાગ્યાં. હાથી, હરણાં, વાઘ, વાંદરા, બગલા, હંસ, શિયાળ વગેરે નવાં વસ્ત્રોમાં આવી પહોંચ્યા. આ તરણસ્પર્ધામાં જેણે જેણે ભાગ લેવાનો હતો તેણે તો ટૂંકા વસ્ત્રો જ પહેરવાનાં હતાં. નિષ્ણાંત ટીમ પણ તેમની ફરજ ઉપર હાજર થઈ ગઈ

હતી. કેસરી સિંહ રાજા પણ પઠાણી સલવાર, કૂર્તામાં શોભાયમાન થતાં આવી પહોંચ્યાં. બરોબર નવનાં ટકોરે કેસરી સિંહરાજાનાં વરદ હસ્તે આ તરણ સ્પર્ધા ખુલ્લી મૂકાતાં જ વિશાળ તળાવમાં ભાગ લઈ રહેલ સ્પર્ધકો છલાંગ લગાવતાં તરવાં લાગ્યાં. તળાવમાં ઠેર ઠેર કિલોમીટરના પોઈન્ટસ મૂકવામાં આવ્યાં હતાં. વિશાળ સંખ્યામાં પ્રાણીઓ, પંખીઓ આ અનોખી તરણ સ્પર્ધા જોવા માટે ઉમટી પડ્યાં હતાં. નિષ્ણાત ટીમ દરેક સ્પર્ધકોનાં માર્ક્સ મૂકતી જતી હતી. કેસરી સિંહ રાજા એક સુવર્ણ સિંહાસન ઉપર બીરાજમાન થયાં હતાં. દરેક સ્પર્ધકો અને જોનારાં પ્રાણીઓ, પંખીઓનાં ચહેરાં ઉપર ખૂબ જ ઉત્સાહ, ઉમંગ વ્યાપી ગયો હતો.

એક પછી એક સ્પર્ધકો તળાવમાં આગળ વધી રહ્યાં હતાં. જે નહોતાં તરી શકતાં કે વહેલાં થાકી જતાં તેઓને તળાવમાંથી બહાર કાઢી લેવામાં આવતાં હતાં. નાનાં નાનાં કાચબાઓ, કરચલાઓ, હંસલાઓ પણ આ તરણ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યાં હતાં. અને... અને... અંતે તે તરણ સ્પર્ધામાં તે સુંદરવનનો એક "આનંદી કાચબો" વિજેતાં થયો. આથી સુંદરવનનાં પ્રાણીઓ પંખીઓએ તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લેવામાં આવ્યો. અને પછી તે "આનંદી કાચબા"ને કેસરી



સિંહરાજાના વરદ હસ્તે "સોનાનો શિલ્ડ" એનાયત કરવામાં આવ્યો. આ જોઈ તે "આનંદી કાચબા"ની આંખોમાંથી હર્ષનાં આંસુઓ ચાલ્યે જવાં લાગ્યાં. બાદમાં તેણે માઈક ઉપરથી બે શબ્દો કહ્યા. મિત્રો, જીવનમાં ધીર ગંભીરતાથી હંમેશાં આગળ ને આગળ વધ્યાં જ કરવું જોઈએ શું! અને એક દિવસ મંઝીલ જરૂરથી આવતી જ હોય છે હોં! આ સાંભળી પ્રાણીઓ, પંખીઓ પુનઃ તાળીઓનાં ગડગડાટથી તે "આનંદી કાચબા"ની મધુર, પ્રેરક વાણીને વધાવી લેવામાં આવી. આમ, બાદમાં તરણ સ્પર્ધા પૂર્ણ જાહેર કરવામાં આવી.

# સુવર્ણ હંસની જ્ઞાનવાણી

એક સુંદર મજાનું સરોવર હતું. એક અતિ સુંદર એવો સુવર્ણ હંસ તેનાં મુખમાંથી જ્ઞાનવાણી રેલાવી રહ્યો હતો. અને અન્ય રંગબેરંગી હંસો, કાચબાઓ, કરચલાઓ, બગલાંઓ વગેરે જ્ઞાન ગ્રહણ કરી રહ્યાં હતાં. તે સુવર્ણ હંસ કહી રહ્યો હતો.

"આ શરીર, મન, આત્મા તો નાશવંત છે. સાચું તો છે એક શ્રી હરિનું નામ, જે સદા આપણું કલ્યાણ જ કરે છે. માટે હે જીવ, સદા સતત ભજતાં રહો એક માત્ર શ્રી હરિનું નામ, જે સાત ભવનાં ફેરાં કરશે પાર, એક શ્રી હરિ ફક્ત એક જ શ્રી હરિ."

બરોબર આવા સમયે દિલ્હીનાં શહેનશાહ બાદશાહ અકબરનાં ચતુર, જ્ઞાની અને વફાદાર એવાં બિરબલની



પધરામણી તે સરોવર ઉપર થઈ. અને પછી તેનાં કાન ઉપર તે સુવર્ણ હંસની અસરકારક, સાચા મોતીઓથી અધિક મહામૂલી જ્ઞાનવાણીની સરવાણીઓ અથડાતાં જ બિરબલ તે સરોવરનાં કાંઠા ઉપર બેસી પડ્યાં અને પછી તે સુવર્ણ હંસનાં મુખમાંથી વહેતી જ્ઞાનસરવાણીને એક ચિત્તે સાંભળવાં લાગ્યાં.

"હે પરમ મિત્રો, જીવનમાં ક્યારેય પણ અભિમાનનો નશો ચડવો જોઈએ નહીં, અન્યથા પતનનો માર્ગ નિશ્ચિત જ છે, પરમ કૃપાળું પરમાત્માએ આપેલા આ દેહનો મોહ તો ક્યારેય પણ કરશો નહીં, ક્યારે શું થશે તેની કોઈને પણ કશી ખબર હોતી નથી."

અને... અને... સુવર્ણ હંસની જ્ઞાનવાણી સાંભળી બિરબલની આંખોમાં ઝળઝળીયાં આવી ગયાં. તેને લાગ્યું કે એક સામાન્ય હંસમાં પણ કેટલું અદ્‌ભુત જ્ઞાન છે હેં! અન્ય રંગબેરંગે હંસો, કાચબાઓ, બગલાંઓ વગેરે એક ચિત્ત થઈને સુવર્ણ હંસની સુપર જ્ઞાનવાણીને સાંભળવાં લાગ્યાં. જ્યારે બિરબલે મનોમન નક્કી કર્યું કે બાદશાહ અકબરને આ સુવર્ણ હંસની જ્ઞાનવાણીની વાત કહીને તેમને આવતી કાલે આ સરોવર ઉપર જ્ઞાનવાણી સાંભળવા માટે તે જરૂરથી લઈ જ આવશે શું!

બીજા દિવસે બિરબલે બાદશાહ અકબરને તે જ્ઞાની સુવર્ણ

હંસની જ્ઞાનવાણીની વાત કહી. જે સાંભળી બાદશાહ અકબર બોલી ઉઠ્યાં. અરે બિરલબલજી. આપણે બધાંએ તે સરોવર ઉપર જવાની બિલકુલ જરૂર નથી. પરંતુ આપણે જ તે હંસને અહીં લઈ આવીશું શું! આ સાંભળી બિરબલ બોલ્યાં. મહારાજ, જ્ઞાન આપણે ગ્રહણ કરવાનું છે નહીં કે તે હંસને? માટે જો આપણે જ્ઞાન પ્રાપ્ત કરવું હોય ને તો આપણે જ તેમની પાસે જવું જોઈએ તેમ મને તો લાગે છે શું? પરંતુ બાદશાહ અકબર એક સામાન્ય હંસ પાસે તે કઈ રીતે જઈ શકે હેં? હા, બાદશાહ અકબર નો "અહંમ" ઘવાતાં તેમણે બિરબલને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું. બિરબલજી, હું તમોને આદેશ આપું છું કે કાલ સવારે મારા દરબારમાં તે સુવર્ણ હંસ હાજર થઈ જવો જોઈએ. અન્યથાં હું સિપાઈઓને આદેશ કરીશ કે તે સુવર્ણ હંસને ઉપાડી લાવે? આમ બોલી બાદશાહ અકબર ત્યાંથી ચાલ્યાં ગયાં. જ્યારે બિરબલને બાદશાહ અકબરની આવી "જીદ" ઉપર ખૂબ જ ચીડ ચઢી. પરંતુ સત્તા આગળ શાણપણ નકામું શું! બાદમાં બિરબલે ન છૂટકે તે સરોવર ઉપર જઈને સુવર્ણ હંસને બાદશાહ અકબરની વાત કહી. આ સાંભળી સુવર્ણ હંસને પણ દુઃખ થયું. તેમ છતાં તે સુવર્ણ હંસ બિરબલની વિનમ્ર વાણી અને માંગણીથી બાદશાહ અકબર સામે બીજા દિવસે ઉપસ્થિત થયો.



બાદશાહ અકબરનો દરબાર માનવસમૂહથી ખીચોખીચ ભરેલ હતો. બિરબલ દુઃખી ચહેરે, મૌન બનીને બેઠો હતો. સુવર્ણ હંસ પણ ખૂબ જ ઉદાસ હતો. બાદશાહ અકબર આદેશાત્મક અવાજે બોલ્યાં. ઓ સુવર્ણ હંસ, ચાલ તારી જ્ઞાનવાણી શરૂ કર જોઉં? સુવર્ણ હંસ જ્ઞાનમય વાણીમાં બોલ્યો. હે, બાદશાહ અકબરજી, જીવનમાં અહંમ તો ઈન્દ્રનો કે રાજા રાવણનો પણ ટક્યો નથી! બીજું તું અહંકારથી ભરેલ છે, એટલે તારા દિમાગમાં જ્ઞાન બિલકુલ ઉતરશે નહીં શું? અને જો તું વધુ "જીદ કે અહંકાર" કરીશને તો તારા આ રાજપાઠ હંમેશને માટે ચાલ્યાં જશે શું ! આ સાંભળી બાદશાહ અકબરનાં ચહેરાં ઉપરથી પરસેવાનાં રેલાઓ ઉતરવાં લાગ્યાં. મનોમન તેને ભાસ થવાં લાગ્યો કે આ સુવર્ણ હંસની વાણી ક્યાંય જો સાચી પડી અને પોતાનાં રાજપાઠ હંમેશને માટે ચાલ્યાં જશે ને તો તો પછી પોતે રસ્તે રઝળતો રાજા બની જશે શું! માટે આ સુવર્ણ હંસને વહેલી તકે અહીંથી મુક્ત કરવો જ પડશે?

ત્યારબાદ બાદશાહ અકબરે તે સુવર્ણ હંસને માનભેર સરોવરમાં મુક્ત કરાવ્યો. આ જોઈ બિરબલની આંખોમાં સ્નેહનાં આંસુઓ ઉભરાઈ આવ્યાં. જ્યારે તે સુવર્ણ હંસ પુનઃ તેમનાં સાથી મિત્રોને જ્ઞાન આપવાં લાગ્યો.

મિત્રો, જીવનમાં નિખાલસતા, સરલતાં અને નિશ્વાર્થ પણે જ જીવન જીવવાથી જ, ઈશ્વર આપણી હંમેશાં સહાય કરતાં હોય છે. તમો પણ સરલતા પૂર્વક જીવનનો આનંદ જરૂરથી ઉઠાવશો હેં કે..!



# સસલાભાઈએ કર્યું સ્ટ્રોબેરીનું વાવેતર

સાપુતારા એક પર્યટક સ્થળ છે. ઠંડા, ગરમ પાણીનાં ફુવારાઓ, લીલીછમ હરિયાળીઓ, અને અનેક ધાર્મિક સ્થળોથી ઉભરાતું સાપુતારા જોવાંલાયક સ્થળો છે. સાપુતારાથી થોડે દૂર ઉપર એક ગાઢ જંગલ પણ આવેલ છે. અને તે જંગલમાં અનેક પ્રકારનાં પ્રાણીઓ, પંખીઓ રહે છે. જેમાં ખાસ કરીને સિંહ, હાથી, હરણાં, સસલાં, વાંદરા, શિયાળ, મોર, બગલા, બતકા વગેરેનો સમાવેશ થાય છે. તે જંગલમાં એક અતિ પરીશ્રમી, મહેનતુ અને પરોપકારી સ્વભાવ ધરાવતાં એક સસલાભાઈએ તેનાં એક વિશાળ એકરમાં પથરાયેલ રસાળ ખેતરમાં લાલચટાક એવી સ્ટ્રોબેરીના છોડનું વાવેતર કર્યું હતું. અને દેશી ખાતર, બિયારણ તેમજ ગૌમૂત્રનો છંટકાવ કર્યો હતો.

હા, પરીશ્રમ નો તો કોઈ જ વિકલ્પ નથી શું! જે વ્યક્તિ તેમનાં જીવનમાં સખત મહેનત, પરીશ્રમ કરે છે તેને તેની મહેનતનું ફળ અવશ્ય મળતું જ હોય છે, બરોબર ને! અને... અને... તે મુજબ થોડાં સમયમાં તો તે પરીશ્રમી સસલાભાઈનાં ખેતરમાં, મીઠીમધ અને લાલઘૂમ જેવી સ્ટ્રોબેરીનો મબલખ ફાલ લહેરાવાં લાગ્યો. આ જોઈ તે જંગલનાં પ્રાણીઓ, પંખીઓ તો આશ્ચર્યપૂર્વક તે પરીશ્રમી સસલાભાઈને જોવાં લાગ્યાં. તે જંગલમાં એક ઈર્ષાળું વાંદરો પણ રહેતો હતો જ્યારે તે ઈર્ષાળું વાંદરાનાં દિમાગમાં કપટના ભાવો ઉભરાવા લાગ્યા. ત્યારબાદ તે એક કપટભરી યોજના ઘડતોતેના એક અતિ કપટી દિમાગ ધરાવતાં મિત્ર એવાં લંકુ શિયાળને સાથે લઈને તે ગાઢ રાત્રીમાં તે પરીશ્રમી સસલાભાઈનાં ખેતર તરફ ઉપડ્યો.

ગાઢ રાત્રીનો અંધકાર સમગ્ર પૃથ્વી ઉપર પથરાઈ ચૂક્યો હતો. આકાશમાં રંગબેરંગી તારલીયાંઓ સંતાકૂકડીએ રમવા ઉપર ઉતરી આવ્યાં હતાં. ઠંડીની મૌસમ હતી. આવાં સમયે કપટી વાંદરો અને લંકુ શિયાળ સસલાભાઈનાં ખેતર તરફ દબાતાં પગલે આગળ વધી રહ્યાં હતાં. વળી તે બંનેનાં શરીર ઉપરથી ગરમા ગરમ પરસેવાનાં રેલાંઓ પણ ઉતરી રહ્યાં હતાં. હા, તે બંન્ને કપટીયાંઓ એક નિર્દોષ, પરીશ્રમી સસલાભાઈનાં ખેતરમાં



નુકશાન કરવા માટે જઈ રહ્યાં હતાં હોં! તે બંન્ને કપટીઓ જેવાં તે સસલાભાઈનાં ખેતર પાસે આવ્યાં અને પછી તેઓ બંન્નેએ જરા ઉંચા થઈને ખેતરની અંદર નજર નાંખી તો તે સાથે જ તે બંન્નેનાં હૃદયની ધડકનો ચાલતી જ બંધ પડી જશે તેમ તેઓને લાગ્યું. હા, તે સસલાભાઈએ ખેતરમાં ઉગેલ સ્ટ્રોબેરીનો મબલખ ફાલનો સૌ પ્રથમ લાભ, ભોગ તે જંગલનાં ન્યાયપ્રિય, પરોપકારી એવાં સિંહરાજાને અર્પણ કરવાનો કાર્યક્રમ રાખ્યો હતો. અને અત્યારે તે સસલાભાઈનાં ખેતરમાં સિંહરાજા સાથે તે જંગલનાં અન્ય સાધુ સંતો પણ સ્ટ્રોબેરી ખાવાનો લાભ લઈ રહ્યાં હતાં. અને આવું બધું અકલ્પનીય વાતાવરણ જોઈ તે બંન્ને લુચ્ચાં, કપટી વાંદરો અને લકુ શિયાળ તો ચોંકી જ ઉઠ્યાં. તેઓને લાગ્યું કે તેમની મજબૂત કપટભરી યોજના ધરાશાઈ જ થઈ ગઈ છે હોં! ત્યારબાદ તે બંન્ને એટલે કે વાંદરો અને લકુ શિયાળ ગભરાતાં ગભરાતાં અને ખાસ તો તે ન્યાયપ્રિય સિંહરાજાની દ્રષ્ટિ તેમની ઉપર જરા પણ પડે નહીં તે મુજબ તેઓ લુપાતાં છુપાતાં તે સસલાંભાઈનાં ખેતર પાસેથી જોજનો દૂર દૂર ચાલ્યાં ગયાં.

જ્યારે આ તરફ તે પરોપકારી, પરીશ્રમી સસલાભાઈનાં ખેતરેથી તે તમામ લોકો એટલે કે ન્યાયપ્રિય સિંહરાજા, સાધુસંતો વગેરે મીઠીમધ જેવી સ્ટ્રોબેરીનો અનમોલ લાભ ઉઠાવતાં અને

પેટ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં તેમજ તે પરોપકારી સસલાભાઈને અંતરથી આશિર્વાદ આપતાં ત્યાંથી પોત પોતાનાં રહેઠાણ તરફ ચાલતાં થયા. બાદમાં તે સસલાભાઈનાં મુખમાંથી મીઠી સ્ટ્રોબેરી જેવાં મીઠાં, જ્ઞાન સભર ગીતો સરવાં લાગ્યાં.

"જીવન છે તો મહેનત છે અને મહેનત છે તો તેનાં મીઠાશભર્યા ફળો પણ છે જ. માટે જીવનમાં હંમેશાં પરિશ્રમ, મહેનત કરશો તો આ સ્ટ્રોબેરી જેવી જીવનમાં મીઠાશ આવશે."



# ગજરાજને ઠંડકનો અહેસાસ

ઉનાળાનો ધોમ તાપ સમગ્ર પૃથ્વી ઉપર વરસી રહ્યો હતો. મનુષ્ય પશુ-પંખીઓ પાણી માટે ચારે તરફ તલસી રહ્યાં હતાં. એક વિશાળ જંગલમાં પંખીઓ, પ્રાણીઓ પણ પાણી માટે આમતેમ મથામણ કરી રહ્યાં હતાં. તે જંગલમાં રહેતાં એક વિશાળ કદના ગજરાજથી પણ ગરમી સહન ન થતાં તે પાણી માટે આમતેમ દોડા દોડી કરી રહ્યો હતો હા, પાણી જીવન માટે કેટલું ઉપયોગી છે તેનો ખરો ખ્યાલ અને તેની ખરી કિંમત તો ઉનાળામાં જ ખબર પડે શું! હા, તે ગજરાજ ગરમીનાં કારણે ખૂબ જ ત્રાસી ગયો હતો. પરંતુ કુદરત પાસે તો સૌ કોઈ લાચારી જ અનુભવતાં હોય છે કેમ, બરોબર ને!

બીજુ તે ગજરાજનો સ્વભાવ ખૂબ જ પરોપકારી અને

સ્નેહાળ પ્રકૃતિનો હતો. વળી તે ગજરાજ શિવજીનો પણ પરમ ભક્ત હતો. તેને શિવજી ઉપર અપાર શ્રધ્ધા અને પૂર્ણ વિશ્વાસ હતો. હા, તે ગજરાજ અત્યારે જંગલની કેડીઓ ઉપરથી પસાર થઈ રહ્યો હતો. સહસા તેનાં પગ તળે થોડુંક ઝીણું ઝીણું અને કૂણું કૂણું લીલું ઘાસ આવ્યું. પ્રથમ તો તે ગજરાજ ઘાસ ઉપર પગ દઈને આગળ વધી ગયો. સહસા તેનાં દિમાગમાં ''ઝબકારો'' થયો. અરે, અત્યારે ભર ઉનાળામાં સૂકાં ઘાસ પણ જોવાં મળતાં નથી તો પછી અત્યારે આ જંગલમાં લીલું ઘાસ તે કઈ રીતે હોઈ શકે હેં? બાદમાં ગજરાજ કશુંક વિચારતો તે પાછા પગે ચાલતો પુનઃ તે ઝીણાં ઝીણાં અને કૂણાં કૂણાં ઘાસ પાસે આવ્યો અને પછી તેણે પોતાનાં પગનાં નખને તે લીલાં ઘાસ ઉપર ધસ્યાં. તો તે ગજરાજને લાગ્યું કે આ જગ્યાએ થોડીક ભીનાશ જરૂરથી વર્તાઈ રહી છે. માટે જો આ જગ્યા ઉપર થોડું ખોદકામ કરવામાં આવે ને તો લાગે છે કે અહીં થોડું ઘણું પાણી જરૂરથી નીકળશે હોં!

ત્યારબાદ તે ગજરાજ ક્યાંકથી લોખંડની જીણી કોશ જેવું શોધી લાવ્યો. અને પછી તેણે શિવજીનું અને શ્રી ગણેશાય નમઃનું નામ સ્મરણ કરી તે કૂણાં ઘાસ ઉપર ખોદવાં લાગ્યો. અને... અને... શિવજીનાં પરમ ભક્ત, ઉપાસક એવાં ગજરાજની કલાકોની મહેનત રંગ લાવી હોં! હા, ''પરીશ્રમનું ફળ'' અવશ્ય



મળતું જ હોય છે, કેમ, બરોબર ને...! કલાકોની મહેનત બાદ તે કૂણાં કૂણાં ઘાસની જગ્યા ઉપર ઉંડો ખાડો ખોદતાં જ ત્યાં આગળથી મીઠાં પાણીનાં ફૂવારાંઓ ઉડવાં લાગ્યાં. આ જોઈ ગજરાજની આંખોમાં હર્ષનાં આંસુઓ છલકાઈ ઉઠ્યાં. બાદમાં તે શિવજીનું સ્મરણ કરતો મીઠાં પાણીમાં પોતાની સૂંઢ નાંખીને તે મધ મીઠું પાણી પીવા લાગ્યો અને તે ઉડતાં ફૂવારામાં મન મૂકીને ઠંડક મેળવતો ન્હાવા પણ લાગ્યો. અને પછી તે પૂર્ણ તૃપ્ત થતાં જ ગજરાજ તો ભઈ જંગલનાં રાજા સિંહને આવા સુખદ સમાચાર આપવાં માટે તેણે તો દોટ જ મૂકી. અને સૂતેલા સિંહરાજાને ઉઠાડી પાણી મળ્યાના શુભ સમાચાર તેમને આપ્યા. આ સાંભળી સિંહરાજા તો ઉભા થઈને ગજરાજની પીઠ થાબડીને તેમને શાબાશી સાથે અભિનંદન પણ આપ્યા. બાદમાં ગજરાજ સિંહરાજાને તે જે જગ્યાએ મીઠાં પાણીનાં ફૂવારાં ઉડી રહ્યા હતાં તે જગ્યાં ઉપર લઈ ગયાં. અને સિંહરાજાએ નજરો નજર જોયું કે ખરેખર આ ગજરાજે પોતાની બુધ્ધિશક્તિથી અહીં એકલાએ જ હિંમતભેર ખોદકામ કરીને પાણી મેળવ્યું હતું. શું! બાદમાં સિંહરાજાએ પણ ત્યાં આગળ ધરાઈને મધમીઠું પાણી પીધું.

અને પછી સિંહરાજાએ જંગલનાં તમામ પ્રાણીઓ, પંખીઓ ને પાણી પીવાં માટેનું આહવાન કર્યું. તે સાથે જ જંગલનાં

તમામ પ્રાણીઓ, પંખીઓ પાણી પીવા માટે આવી પહોંચ્યાં. અને દરેકે ખૂબ જ ધરાઈને મધમીઠું પાણી પીને તે ગજરાજને ધન્યવાદ આપવાં લાગ્યાં. આ સાંભળી ગજરાજની છાતી તો ભઈ ગજ ગજ ફૂલવાં લાગી. આમ, તે બધાં પ્રાણીઓ, પંખીઓનો પાણીનો જે પ્રશ્ન હતો તે તો હાલનાં તબક્કે તો ઉકલી ગયો હતો.

થોડાં સમયમાં તો મેઘરાજા પણ પૃથ્વી ઉપર વરસી પડ્યાં. સર્વત્ર પાણીથી પૃથ્વી, નદી, નાળાં, સરોવરો, કૂવાઓ ઉભરાઈ ઉઠ્યાં.



# તળાવ કાંઠે કાચબો

એક તળાવ હતું. તે તળાવમાં રંગબેરંગી માછલીઓ રહેતી હતી. પરંતુ તે બધી માછલીઓ કોઈક અગમ્ય કારણોસર એક બીજા પ્રત્યે હંમેશાં ક્રોધીત રહેતી હતી.

એક દિવસની વાત છે. સંધ્યાનો સમય હતો. તે તળાવમાં રહેતી રંગબેરંગી માછલીઓ એક બીજાથી અતડી અતડી રહીને ફરતી હતી. એક બીજાની આંખોમાંથી જાણે ક્રોધની જ્વાલાઓ ન વરસતી હોય તેમ તેઓ અલગ અલગ રહીને તળાવમાં પરાણે ફરી રહી હતી. બરોબર આવા સમયે ક્યાંકથી ફરતો ફરતો ગોકળગાયની ગતિએ એક કાચબો તે તળાવનાં કાંઠા ઉપર આવીને સુમધુર ગીતો ગાવાં લાગ્યો.

‘‘ન કરીએ ક્રોધ ન કરીએ ઈર્ષ્યા, અન્યથાં આવશે અનેક રોગ,

કરીએ સદા પ્રભુની ભક્તિ, તો આવશે જીવનમાં હંમેશાં શાંતિ.''

અચાનક કાંઠા ઉપર એક કાચબાને આવેલ જોઈ તેમજ તેનાં સુભાષિત ગીતો સાંભળી તળાવમાં રહેલ રંગબેરંગી માછલીઓ વિચારવા લાગી. હા, જો તેઓ બધી એક બીજા પ્રત્યે આમ ને આમ અતડી અતડી અને ક્રોધીત થતી ફરતી રહેશે ને તો ખરેખર શરીર અને મનોજગતમાં અનેક બિમારીઓ ઘર કરી જશે શું! અને જો એનાં કરતાં તેઓ બધી એક બીજા પ્રત્યે અહંમ, ટકરાવને ત્યજીને હસતી, બોલતી રહેશે ને તો જીવન હંમેશાં હર્યું ભર્યું અને આનંદ, ઉત્સાહથી છલકાતું લાગશે હોં! બસ, આવો સુંદર, અણમોલ અને જીવનલક્ષી વિચાર આવતાં જ તે બધી રંગબેરંગી માછલીઓએ તેમનાં મનોજગતમાં ચાલતાં ક્રોધ, અહંમ અને કડવાશને ખંખેરીને તેઓ એકાએક એક બીજાને પ્રેમપૂર્વક ભેટવા લાગી. આવું પ્રેમાળ, સ્નેહભર્યું વાતાવરણ જોઈ તે તળાવ પણ આનંદથી રૂમઝૂમવાં લાગ્યું. અને મનોમન આનો જશ તે કાંઠા ઉપર સુભાષિતો ગાતાં કાચબાને આપવાં લાગ્યાં.

જ્યારે તે કાચબો તો તેની ધુનમાં ને ધુનમાં સુભાષિતો ગાવામાં જ રત રહેવાં લાગ્યો.

''ન કરીએ અહમ ન રાખીએ કડવાસ, તો જ જગત રહેશે હંમેશાં રાજી રાજી, પ્રત્યેક ઘડીને અણમોલ સમજીને જીવનને



ખર્ચીએ, તો બનશે જીવન અણમોલજી.''

હા, તો મિત્રો, જીવનને અતિ કિંમતી, અણમોલ સમજીને કામ, ક્રોધ મોહ અને માયાથી દૂર જ રહેવું જોઈએ શું!

# સુવર્ણ કોયલનું સંગીત

એક વિશાળ આંબાવાડી હતી અને તે આંબાવાડીમાં વિવિધ પ્રકારની કેરીઓનો મબલખ ફાલ લહેરાઈ રહ્યો હતો. તે કેરીઓમાં ખાસ કરીને કેસર, રાજાપુરી, તોતાપુરી, હાફૂસ, લંગડો, દેશી વગેરેનો સમાવેશ થતો હતો.

તે આંબાવાડીનાં માલિકનું નામ હતું દાસભાઈ. ગામલોકો તેમને પ્રેમથી દાસબાપુ કહીને બોલાવતાં હતાં. દાસબાપુનો સ્વભાવ પણ ખૂબ જ પરોપકારી, મિલનસાર અને ભક્તિવાળો હતો. આંબાવાડીમાં જે કોઈ આવતું તેને દાસબાપુ મધમીઠી કેરીઓ ખાવાં માટે આપતાં હતાં.

એક દિવસની વાત છે. સંધ્યાનો સુમધુર, આહ્લાદક સમય હતો. દાસબાપુ આંબાવાડીમાં આંબાનાં વૃક્ષોને પાણી પાઈ



રહ્યાં હતાં. બરોબર આવાં સમયે ક્યાંકથી ઉડતી ઉડતી એક સુવર્ણ કોયલ આવીને આંબાની ડાળીએ જઈને બેઠી. વળી તે સુવર્ણ કોયલ પાસે એક વાંસળી પણ હતી. બાદમાં તે સુવર્ણ કોયલ વાંસળીમાંથી મીઠાં ગીતો શૂરો છેડવાં લાગી.

“આજ ગાઉં પ્રકૃતિનાં મીઠાં અલબેલાં ગીતો, આજ ઝૂમું આંબાવાડીનાં સંગાથે, મન કહે આજ ઉડું આખાં આકાશમાં, જાઉં સાત સમંદર સંગાથે સાગર પાર.”

આમ, તે સુવર્ણ કોયલ મીઠાં સંગીતનાં શૂરોમાં ખોવાઈ ગઈ. જ્યારે દાસબાપુનાં કાન સુવર્ણ કોયલનાં મીઠાં ગીતો અથડાતાં જ તેઓ દોડીને તે સુવર્ણ કોયલનાં ગીતો સાંભળવામાં ખોવાઈ ગયાં. અને પછી તે સુવર્ણ કોયલનાં ગીતો પૂર્ણ થતાં જ દાસબાપુ બોલી ઉઠ્યાં. વાહ..! કેટલાં મીઠાં ગીતો છે હેં સુવર્ણ કોયલજી? સુવર્ણ કોયલે જોયું કે એક પરીશ્રમી, પરોપકારી માણસને મારા ગીતોની મીઠાશ ખૂબ જ ગમી છે. એટલે તેણે સામે કહ્યું. હે મનુષ્ય, મારા ગીતો જેટલાં મીઠાં છે એટલી જ તમારી આ આંબાવાડીની કેરીઓમાં પણ મીઠાશ ભરી પડી છે શું! પુનઃ દાસબાપુ બોલ્યાં. પરંતુ હે સુવર્ણ કોયલજી, તમોને કઈ રીતે ખબર પડી કે મારી આ આંબાવાડીની કેરીઓમાં મીઠાશ ભરી પડી છે હેં? આ સાંભળી સુવર્ણ કોયલ બોલી, આ તમારા

પરીશ્રમી, પરોપકારી ચહેરાનાં હાવભાવ ઉપરથી તુરંત જ ખબર પડી જાય છે કે તમો ખૂબ જ પરીશ્રમી, પરોપકારી સ્વભાવ ધરાવો છો! અને જે વ્યક્તિનાં જીવનમાં પ્રમાણિકતા, સંતોષીપણું અને પરીશ્રમ હોય ને તેઓ જીવનમાં ક્યારેય પણ કોઈ પણ કામમાં પાછળ તો ન જ રહે શું! વળી તેઓનું દરેક કામ ઉત્તમ, શ્રેષ્ઠ જ હોય છે શું! આ સાંભળી દાસબાપુ તો આશ્ચર્યશક્તિ જ રહી ગયાં. અને તેઓ તે સુવર્ણ કોયલને અહોભાવપણે જોઈ જ રહ્યાં!

ત્યારબાદ તે સુવર્ણ કોયલ રોજ સંધ્યાટાણે દાસબાપુની આંબાવાડીએ આવીને દાસબાપુને સંગીત અને ભક્તિભાવ ભર્યાં ગીતો સંભળાવવાં લાગી.

"કરો કાયમ પરીશ્રમ ભર્યાં કાર્યો, ઈશ્વર દેશે જરૂરથી અમ્રતભર્યાં ફળો, રહો કાયમ સંગીતભર્યાં શૂરોનાં સાનિધ્યમાં, જીવન થશે કાયમ સુખપૂર્ણ."



# આનંદી કાચબો

માલણ નદીનું મધમીઠું પાણી પીને આસપાસનાં ઉપવનોમાં રહેતાં પ્રાણીઓ, પંખીઓનાં ચહેરા ઉપર રોનક પથરાઈ ગઈ હતી. હા, માલણ નદીમાં જાણે કે "વીટામીન્સ" નો ધોધ ન વહેતો હોય તેમ હોં!

માલણ નદીમાં એક કાચબો રહેતો હતો. અને તે કાચબાનો સ્વભાવ ખૂબ જ આનંદીત, ઉત્સાહિત અને પરોપકારી હતો. વળી તે કાચબાનું આયુષ્ય પણ લગભગ ત્રણસોનું ન હતું. આ ઉપરાંત તે કાચબાએ દેશ-વિદેશ પરીભ્રમણ કરીને અથાગ જ્ઞાન, બુધ્ધિશક્તિનો વિકાસ કર્યો હતો. આથી તે માલણ નદીમાં રહેતાં અન્ય જલચર પ્રાણીઓ કે જેમાં રંગબેરંગી માછલીઓ, કરચલાંઓ, બગલાઓ વગેરે તેમની પાસેથી દેશ-દુનિયાનું જ્ઞાન

મેળવતાં હતાં.

એક દિવસની વાત છે. સવારનો આહ્લાદક, ખૂશનુમાં સમય હતો. માલણ નદીમાં ''આનંદી કાચબો'' અન્ય જલચર પ્રાણીઓને હાસ્યરસિક તેમજ બોધદાયક વાર્તાઓ કહેતો હતો. જે સાંભળી રંગબેરંગી માછલીઓ, કરચલાઓ હસી હસીને બેવડ વળી ગયાં હતાં. હા, તે ''આનંદી કાચબો'' પુરા હાવભાવ સાથે વાર્તાઓ કહેતો હતો. પરંતુ જ્યાં આગળ આનંદ, ખુશી હોય છે ત્યાં આગળ ગમના વાદળાઓ આવી પહોંચતાં હોય છે શું! હા આવાં સમયે એક ખૂંખાર, દશ ફૂટ લાંબો મગર એકાએક ત્યાં આગળ ધસી આવ્યો. અને... અને... શરૂ થઈ ત્યાં આગળ ભાગંભાગી. આ જોઈ તે ''આનંદી કાચબા''ને અતિ દુ:ખ થયું. બાદમાં તે મગરને ઉદ્દેશીને વિનમ્ર સ્વરે બોલ્યો. હે મગરભાઈ, તમો આ નિર્દોષ જલચર પ્રાણીઓને બિલકુલ હેરાન કરશો નહીં શું? અચાનક એક કાચબાની વિનંતી સાંભળી ખૂંખાર મગર ત્રાડ પાડી ઉઠ્યો. અરે ઓ કાચબીના, તું છાનોમાનો બેસ જોઉં? અન્યથાં તને તો હું કાચે કાચો ખાઈ જઈશ હોં?

પરંતુ આ તો અનુભવી અને ત્રણસો વર્ષનું આયુષ્ય ભોગવેલ કાચબો હતો. વળી તેણે અનેક તળકી છાંયડી પણ જોઈ હતી! તે ''આનંદી કાચબો'' ખૂંખાર મગરથી જરા પણ ડર્યા



વગર બોલ્યો, અરે ઓ મગતરા મગર, તું એમ નહીં સમજતો કે હું તારાથી ડરી જઈશ શું? બસ, ખલાસ! ખૂંખાર મગરનો પીતો સાતમા આસમાને પહોંચી ગયો. અને પછી તે ગુસ્સાપૂર્વક કાચબાને પોતાની કાંટાળી, તીક્ષ્ણ પૂંછડીઓ તેની પીઠ ઉપર તે ફટકારવા લાગ્યો. પરંતુ તે કાચબો તો આનંદપૂર્વક હસવાં લાગ્યો. આથી તો તે મગર વધુ ને વધુ ગુસ્સે ભરાતાં કાચબાની પીઠ ઉપર પોતાની તીક્ષ્ણ, કાંટાળી પૂંછડીઓનો તે પ્રહાર કર્યે જ જતો હતો. આથી તો તે મગર વધુ ને વધુ ગુસ્સે ભરાતાં કાચબાની પીઠ ઉપર પોતાની તીક્ષ્ણ, કાંટાળી પૂંછડીઓનો તે પ્રહાર કર્યે જ જતો હતો. પણ તે આનંદી કાચબાની પીઠ જ તેની મજબૂત ઢાલ હતી. જે તેનું પુરેપુરું રક્ષણ કરતી હતી. દૂર રહેલ અન્ય જલચર પ્રાણીઓ તે ખૂંખાર મગર અને ''આનંદી કાચબા'' વચ્ચે ચાલી રહેલ ખૂંખાર યુધ્ધને ધડકતાં હૃદયે અને આંખો ફાડી ફાડીને જોઈ રહ્યાં હતાં. તેઓને લાગ્યું કે આ ''આનંદી કાચબા''નું ત્રણસો વરસનું આયુષ્ય આજે જ સમાપ્ત થઈ જશે કે શું!

પરંતુ અહીં તો ઉંધુ જ થઈ રહ્યું હતું. હા, તે ખૂંખાર મગરનાં શીર ઉપરથી થાકનાં કારણે ગરમા ગરમ પરસેવાનાં રેલાઓ ઉતરી રહ્યાં હતાં. અને ધીરે ધીરે તે મગર માનસિક રીતે હારવાં અને મનોમન ભાગવાં લાગ્યો. તેને લાગ્યું કે આ કાચબો કોઈ

અનોખી માટીનો બન્યો હોય તેમ લાગે છે હોં! ત્યારબાદ તે મગર હારી, થાકીને પછી તે ઉંડા સમુદ્ર તરફ ચાલ્યો ગયો. આ જોઈ દૂર રહેલ જલચર પ્રાણીઓ આનંદની ચીચીયારીઓ પાડવાં લાગ્યાં. હા, ''આનંદી કાચબા''ની જીત થઈ હતી હોં !

પુનઃ તે ''આનંદી કાચબો'' જલચર પ્રાણીઓને મધમીઠી, હાસ્યરસિક તેમજ બોધદાયક વાર્તાઓ કહેવાં લાગ્યો. આ જોઈ માલણ નદી પણ આનંદપૂર્વક રૂમઝૂમવાં લાગી.



# વૃંદાવનની વાડીમાં ઉગ્યાં સાચાં મોતીડાં

એક સુંદર મજાનું શ્યામનગર નામે ગામ હતું અને તે ગામમાં એક પ્રગતિશીલ, દિર્ઘદૃષ્ટિવાળા પ્રાગજીબાપા રહેતાં હતાં. પ્રાગજી બાપાને વિશાળ એકરમાં વાડી હતી અને તેણે તે વાડીનું નામ રાખ્યું હતું ''વૃંદાવનની વાડી'' તે વાડીમાં પ્રાગજીબાપાએ સાચા રંગબેરંગી મોતીઓનું વાવેતર કર્યું હતું. હા, પ્રાગજીબાપામાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ હતો. પુરતો અનુભવ પણ હતો અને તેઓ એ સતત સંશોધન કરીને તેઓએ એ શોધી કાઢ્યું હતું કે જેમ દરેક પાક ઉગવી શકાય, લણી શકાય છે તો પછી સાચાં મોતીનો પાક કેમ ન ઉગાડી શકાય હેં! હા, તેના માટે થોડો વિશેષ પરિશ્રમ કરવો પડે એટલું જ ને!

ત્યારબાદ પ્રાગજીબાપા અને તેના બે પરીશ્રમી પુત્રોએ

પુરી વાડીને ખેડી નાખી. નવી અમુલ્ય માટી, નાંખી. વિદેશથી કિંમતી કેમીકલ મંગાવ્યા અને તેનો છંટકાવ કર્યો. બાદમાં તેઓએ વાડીમાં સાચા કિંમતી મોતીડાંઓનું વાવેતર કર્યું. સમયે સમયે પાણીના ફૂવારાઓ દ્વારા પાણી, કેમીકલ અને અન્ય રાસાયણિક પ્રક્રિયાઓ પણ તેઓએ કરી. અને... અને... થોડાં સમયમાં તો પ્રાગજીબાપાની વાડીમાં એક ના અનેક મોતીડાંઓનાં ઝુમખે ઝુમખાંનાં છોડ લહેરાવાં માંડ્યાં. અને મોતીડાંઓ પણ કેવા હેં? હા, રંગબેરંગી મોતીડાંઓ પ્રાગજીબાપાની વાડીમાં રૂમઝૂમ રૂમઝૂમ કરતાં ઝૂલી રહ્યાં હતાં. આવો અદ્ભૂત ચમત્કાર નિહાળી ગામના સરપંચશ્રી તેમજ ગામલોકો તો મોઢામાં આંગળાં જ નાંખી ગયા. બાદમાં સરપંચશ્રીએ જિલ્લામાંથી કલેકટરશ્રીને ખાસ આમંત્રણ આપીને પ્રાગજીબાપાની વાડીએ બોલાવ્યાં. અને... અને... જિલ્લા કલેકટરશ્રીએ પ્રાગજીબાપાની વાડીમાં લહેરાતાં સાચા, કિંમતી અને રંગ બે રંગી મોતીડાઓના ઝુમખે ઝુમખા જોઈને તેઓની આંખો પણ ચાર થઈ ઉઠી. હા, ઘડીભર તો તેઓનાં પણ માઈનામાં આવ્યું નહીં કે શું ખરેખર નિર્જીવ મોતીડાઓ વાડીમાં ઉગી શકતા હશે કે? પરંતુ સત્ય તો સામે જ હતું. ત્યારબાદ એક મોટા ભવ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં કલેકટરશ્રીનાં વરદ હસ્તે પ્રગતિશીલ પ્રાગજીબાપાને એવોર્ડ



એનાયત કરવામાં આવ્યો.

જ્યારે પરિશ્રમી પ્રગતિશીલ પ્રાગજીબાપાએ તેમની વાડીમાં લહેરાતાં સાચાં કિંમતી મોતીને ગામની મહિલાઓ દ્વારા તોડાવી, શુધ્ધિકરણ અને સાફસફાઈ કરાવીને તેની તેઓ બહારનાં દેશોમાં નિકાશ કરાવવા લાગ્યાં. અને તેમાંથી મળેલ નાણાં દ્વારા તેઓ તેમના ગામનો વિકાસ કરાવવાં લાગ્યાં. હા, તે શ્યામનગર ગામમાં નવી આધુનિક કોમ્પ્યુટર શાળાઓ, કોલેજો વગેરે શરૂ કરાવ્યાં. જાહેર સાર્વજનિક પુસ્તકાલયો શરૂ કરાવ્યાં. હોસ્પિટલો, એમ્બ્યુલન્સો, પાણીનાં પરબો વગેરે બનાવડાવ્યાં. આમ, પ્રાગજીબાપાએ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અપનાવી સાચા મોતીડાંઓનો મબલખ ફાલ લહેરાવ્યો. આથી થોડા સમયમાં તો ભારતનાં રાષ્ટ્રપતિનાં વરદ હસ્તે તેઓને ભારત રત્નનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો. આ જોઈ પ્રાગજીબાપાનાં બન્ને પુત્રોની આંખોમાં ખુશીનાં આંસુઓ ઉભરાઈ આવ્યાં. અને મનોમન તેઓ પિતા પ્રાગજીબાપાને વંદન કરવાં લાગ્યાં. હા, એટલી મોટી ઉંમરે પણ પિતાનો જોમ, જુસ્સો જોઈને તેઓ પણ આશ્ચર્યચકિત રહી ગયાં હતાં.

બોધ : મિત્રો, જોયુંને પ્રાગજીબાપાએ આટલી જૈફ વયે પણ ખૂબ

જ મહેનત, પરિશ્રમ દ્વારા સાચાં, કિંમતી મોતીડાંઓનો મબલખ ફાલ લહેરાવ્યો હતો શું! તો તમો પણ ધારોને તે સોનાનો ફાલ પણ ઉગાડી શકો છો હોં! પરંતુ તેનાં માટે સૌ પ્રથમ તો લક્ષ્ય નક્કી કરવું પડે. અને તે નક્કી કરેલ લક્ષ્ય સુધી પહોંચવાં માટે અથાગ પરિશ્રમ, લગન અને મહેનત કરવી પડે. અને મહેનતથી શું સિધ્ધ નથી થઈ શકતું હેં! કેમ, બરોબર ને..? તો લાગી જાવ સોનાની ખેતી કરવાં માટે! હા, હવે ખરેખર સોનાની પણ ખેતી થઈ શકે છે શું!



# સુવર્ણ કાચબાનો શિકાર

એક વિશાળ તળાવમાં કેટલાંક કાચબાઓ રહેતાં હતાં. જેમાં એક અતિ સુંદર મજાનો જ્ઞાનથી સમૃધ્ધ તેમજ સોનેરી રંગ ધરાવતો ‘‘સુવર્ણ કાચબો’’ પણ રહેતો હતો. તે સુવર્ણ કાચબો સાંજ પડે અને તે પોતાનાં સાથી મિત્રોને નિત નવું જ્ઞાન આપતો હતો. જે સાંભળી અન્ય કાચબાઓ ખૂબ જ આનંદ પામતાં હતાં.

એક દિવસની વાત છે. સંધ્યાનો સુમધુર, આહ્લાદક સમય હતો. તે વિશાળ તળાવમાં સુવર્ણ કાચબાનાં જ્ઞાનસભર સાનિધ્યમાં અન્ય કાચબાઓ તેમની પાસેથી જીવનલક્ષી જ્ઞાન મેળવતાં હતાં. બરોબર આવા સમયે તે તળાવ ઉપર એક છ ફૂટ લાંબો અને શરીર આખાએ કાળાશ ધરાવતો શિકારી ફરતો ફરતો ત્યાં આગળ આવી ચડ્યો અને પછી તેની ચૂંચી નજર તે તળાવમાં

અન્ય કાચબાઓને જીવનલક્ષી જ્ઞાન પીરસતાં એવાં સુવર્ણ કાચબા ઉપર પડતાં જ ઘડીભર તો તે શિકારી પાણી પીવાનું ભૂલીને અને આંખો ફાડી ફાડીને તે સુવર્ણ કાચબાને જોઈ જ રહ્યો. બાદમાં તેના કપટી દિમાગમાં તે સુવર્ણ કાચબાને હાથ કરવાની નક્કર યોજના ઘડાવા લાગી. અને પછી તેણે પોતાના ખંભા ઉપર રહેલ શિકાર પકડવાની જાળને ઉતારી, ખોલીને દબાતાં પગલે તે તળાવમાં ઉતરવાં લાગ્યો. વળી સાથમાં તે રંગીન કલ્પનાં પણ કરવાં લાગ્યો કે આજે જો આ સુવર્ણ કાચબો હાથમાં આવી જાયને તો તો પછી તે અવશ્ય ''ધનવાન'' બની જાય શું! આવી રંગીનકલ્પનાંઓ કરતો તે શિકારી સુવર્ણ કાચબાથી થોડે દૂર રહી તેણે તે સુવર્ણ કાચબા ઉપર જાળ ને નાંખી. અને... અને... સુવર્ણ કાચબો તે લુચ્ચાં શિકારીની મજબૂત ''જાળ''માં સપડાઈ ગયો અને પછી તે ફફડવાં લાગ્યો.

જ્યારે આ તરફ તે લુચ્ચો શિકારી તેની આ અદ્ભૂત સફળતાં બદલ ખોટો અહંમ અને ગર્વથી ફૂલાતો સમાતો નહોતો હોં! બાદમાં તે શિકારી સુવર્ણ કાચબાને જાળ સાથે ઉઠાવી. તેને ખભે નાખીને તે તળાવમાંથી બહાર નીકળીને પોતાનાં ઘર તરફ હરખભેર અને સાથમાં તે ''ધનવાન'' થવાનાં સ્વપ્નાંઓ જોતો ચાલવાં લાગ્યો. જ્યારે તે સુવર્ણ કાચબો તો લુચ્ચાં શિકારીની



જાળમાં ફફળતો, અને દુ:ખી થતો ઈશ્વરને મનોમન વિનંતીઓ કરવાં લાગ્યો. હે ઈશ્વર, અમારી તે શી ''ભૂલ'' થઈ છે તે આ લુચ્ચો શિકારી અમોને ''જાળ''માં કેદ કરીને લઈ જઈ રહ્યો છે હેં? બીજું, આ સુવર્ણ રૂપ તો આપે જ પ્રદાન કર્યું છે પછી આ શિકારી અમારા રૂપ અને અમારી આ અણમોલ કિંમતી જીંદગીને તે શા માટે મનોમન આંકી રહ્યો છે હેં? વળી તે શિકારીને અમારી સ્વતંત્રતા ઉપર તરાપ મારવાનો તે શો અધિકાર છે હેં? આમ, તે સુવર્ણ કાચબો મનોમન ઈશ્વરને વિનંતીઓ કરી રહ્યો હતો કે અચાનક સામેથી એક ભીમકાય હાથીને આવતો જોઈ તે લુચ્ચો શિકારી ઘડીભર તો ભયથી થરથરી ઉઠ્યો. વળી તેણે પોતાની આટલી જીંદગીમાં આવો ભીમકાય હાથી અને તે પણ ખૂબ જ નજદીકથી તો ક્યારેય પણ જોયો નહોતો હોં! ત્યારબાદ તે લુચ્ચો શિકારી ડરનો માર્યો સુવર્ણ કાચબાની જાળનો એક તરફ ''ઘા'' કરતો ભયથી તે ત્યાં આગળથી ભાગી ગયો.

બાદમાં તે ભીમકાય હાથીએ સુવર્ણ કાચબાવાળી જાળ ને ઘડીકવારમાં જ તોડીફોડી નાંખી અને તે સુવર્ણ કાચબાને તેમાંથી મુક્ત કર્યો. આ જોઈ તે સુવર્ણ કાચબાએ ભીમકાય હાથીનો અંતરથી આભાર માન્યો. આમ, બાદમાં તે સુવર્ણ કાચબો અને હાથી કાયમને માટે અંગત મિત્રો બની ગયાં. સુવર્ણ કાચબો

પુનઃ તેમનાં સાથી મિત્રોને જ્ઞાનથી સમૃદ્ધ કરવાં લાગ્યો. આથી તે તળાવ પણ આનંદમાં આવીને ડોલતું અને રૂમઝૂમ રૂમઝૂમ કરતું કૂદકાં મારવાં લાગ્યું.

બોધ : મિત્રો, જીવનમાં ક્યારેય કોઈનો પણ શિકાર કરાય નહીં હોં? તેમને પણ જીવન જીવવાનો અધિકાર ઈશ્વરે આપ્યો છે! કેમ, બરોબર ને...!



# હાથી અને સુવર્ણ ખિસકોલી

એક રંગબેરંગી ફૂલોથી ઉભરાતાં એવાં વિશાળ ગુલમહોરનાં વૃક્ષની બખોલમાં એક સુવર્ણ ખિસકોલી રહેતી હતી અને તે સુવર્ણ ખિસકોલીનો સ્વભાવ ખૂબ જ પરોપકારી, જ્ઞાનપ્રિય અને ભક્તિવાળો હતો. તે સુવર્ણ ખિસકોલીને ગીતો ગાવાનો પણ અતિ શોખ હતો.

એક દિવસની વાત છે. સવારનો આહ્લાદક, ખુશનુમા સમય હતો. તે સુવર્ણ ખિસકોલી કામકાજ પરવારીને ગુલમહોરની ડાળીએ બેઠી હતી. વળી તે ખિસકોલીની આસપાસ લાલ, લીલાં, પીળાં એવાં રંગબેરંગી પતંગીયાઓ પણ ઉડી રહ્યાં હતાં. ફૂલોની સુગંધ પણ ચારે તરફ ફેલાઈ રહી હતી. આવું સુંદર મજાનું મનમોહક વાતાવરણ જોઈ સુવર્ણ ખિસકોલી મીઠાં ગીતો ગાવાં

ઉપર ઉતરી આવી.

"આ પ્રકૃતિ પ્રેમી રંગબેરંગી પતંગીયાઓ, જાણે ઈશ્વરનાં ઘરનો ટમટમતો દિવો લઈને ન ફરી રહ્યાં હોય, આ રંગબેરંગી ખૂશ્બોદાર ફૂલો, જાણે ઈશ્વરનાં ઘરનાં ઘરનાં ટમટમ થતાં દિવાઓનું ઈંધણ થઈને ન ફરતાં હોય."

આમ, તે સુવર્ણ ખિસકોલી મીઠાં, જ્ઞાનસભર ગીતો ગાવામાં ખોવાઈ ગઈ હતી કે સહસા તે ગુલમહોરનાં વૃક્ષ નીચેથી એક ભીમકાય હાથી પસાર થયો. અને પછી તેનાં કાન ઉપર તે સુવર્ણ ખિસકોલીનાં મીઠાં, જ્ઞાનસભર ગીતો અથડાતાં જ તેને તે ખિસકોલીનાં ગીતો સાંભળવાં ખૂબ જ ગમ્યાં. બાદમાં તે હાથી ગુલમહોરનાં વૃક્ષ નીચે જ બેસી પડ્યો. અને તે સુવર્ણ ખિસકોલીનાં ગીતો સાંભળવામાં ખોવાઈ ગયો.

બરોબર આવાં સમયે કેટલાંક લુચ્ચાં આદિવાસી શિકારીઓ હાથીઓનો શિકાર કરવાં અને તેમને પકડવાં માટે હાથમાં લોખંડની મજબૂત સાંકળો લઈને તે વિશાળ ગુલમહોરનાં વૃક્ષ પાસે આવી ચડ્યાં. બાદમાં તેઓએ જોયું કે એક વિશાળ કદનો હાથી આંખો બંધ કરીને ખિસકોલીનાં મીઠાં ગીતો સાંભળવામાં ખોવાઈ ગયો છે. આવો સુંદર મજાનો મોકો જોઈને આદિવાસી શિકારીઓ તો તેમની પાસે રહેલ લોખંડની મજબૂત



"સાંકળો"ને ખોલી તે બે ધ્યાન, ગીતો પ્રિય એવાં હાથી ઉપર સાંકળો નાંખીને તેને બંદીવાન જ બનાવી દીધો અને જ્યારે હાથીને ખબર પડી તે તો શિકારીઓની લોખંડની મજબૂત "સાંકળો"માં સંપૂર્ણપણે "કેદ" થઈ ગયો છે. આથી ઘડીભર તો તે હાથી ડઘાઈ જ ગયો. બાદમાં તે લોખંડની મજબૂત "સાંકળ"માંથી નીકળવા માટે પ્રયત્નો કરવાં લાગ્યો. આ જોઈ લુચ્ચાં આદિવાસી શિકારીઓ કટાક્ષમાં ખડખડાટ હસવાં લાગ્યાં. અને પછી તે શિકારીનો આગેવાન સરદાર બોલી ઉઠ્યો. અરે ઓ ભીમકાય હાથીડા, તું તો શું, પરંતુ તારા જેવાં દશ હાથીઓ હોય ને તો તેઓ પણ અમારી આ મજબૂત "સાંકળ"માંથી છૂટી ન શકે શું? આમ, તે શિકારીઓ તેમની આ અદ્ભુત સફળતાં બદલ ફૂલાતાં શમાતાં નહોતાં હોં! જ્યારે તે હાથી તો બંધાયેલ "સાંકળ" માં સતત ફફળતો હતો.

પરંતુ તે ગુલમહોરનાં વૃક્ષ ઉપર રહેલ સુવર્ણ ખિસકોલીએ જોયું કે કેટલાંક લુચ્ચાં શિકારીઓ એક નિર્દોષ, ભલાં-ભોળાં હાથીને "લોખંડ"ની મજબૂત "સાંકળ"માં કેદ કરીને લઈ જઈ રહ્યાં છે. આથી તેને તે શિકારીઓ ઉપર ખૂબ જ ગુસ્સો ચડ્યો. બાદમાં તે કશુંક વિચારતી અને પછી તેણે કોઈ ગુઢ, રહસ્યમય ગીતો ગાવાનું શરૂ કર્યું.

"આ શિકારીઓનાં મસ્તકમાં મચે હલચલ, થાય તેઓની મતિ ભ્રમ, ન રહે તેઓ સઘળાં ઉભાં, મુક્ત થાય આ નિર્દોષ હાથી મહારાજ."

અને... અને... તે સુવર્ણ ખિસકોલીનાં ગીતો જેવાં પુરાં થયાં તે સાથે જ લુચ્ચાં શિકારીઓનાં મનોજગતમાં ખલબલી મચી ગઈ. અને તેઓ હાથીની "સાંકળ"ને એક તરફ ફેંકીને ગાંડાની જેમ વૃક્ષો સાથે અથડાતાં, કૂટાતાં જંગલ તરફ નાઠાં. ત્યારબાદ તે સુવર્ણ ખિસકોલીએ પોતાનાં તીક્ષ્ણ દાંતો વડે તે સાંકળને તોડીફોડીને એક તરફ નાંખી દીધી. અને પછી તે હાથીને સંપૂર્ણપણે મુક્ત કર્યો. આ જોઈ તે હાથીની આંખોમાંથી સ્નેહસભર આંસુઓની સરવાણીઓ વહેવાં લાગી અને આમ, તે હાથી અને સુવર્ણ ખિસકોલી પાકા મિત્રો બની ગયા. ત્યારબાદ તે સુવર્ણ ખિસકોલી હાથી મહારાજને રોજ નવાં નવાં જ્ઞાનસભર ગીતો સંભળાવવાં લાગી.



# ટોડલે ટોડલે પોપટ બોલે

રાજા ભોજ એટલે રાજા ભોજ ! રાજા ભોજનાં રાજમાં આમ તો પ્રજા સર્વે વાતે સુખ, શાંતિ અને સલામતી અનુભવતી હતી. પરંતુ કુદરત પાસે તો કોઈનું પણ ભલાં ચાલે ખરું કે? હા, આ વખતે અડધું ચોમાસું વીતી જવાં છતાં પણ મેઘરાજા પૃથ્વી ઉપર પધારવાનું નામ જ નહોતાં લેતાં શું! અને એટલે જ વર્ષો પછી આ વખતે રાજા ભોજનાં રાજમાં પાણીની થોડી તંગી વર્તાઈ રહી હતી.

રાજા ભોજ તેમનાં મહેલમાં આવેલ કલાત્મક ઝરૂખામાં ચિંતિત ચહેરે બઠાં હતાં. બાજુમાં જ જ્ઞાની, ચતુર અને બુધ્ધિશાળી બિરબલ પણ બેઠાં હતાં. તે બંન્નેનાં ચહેરા ઉપર ચિંતાઓની લકીરો ફરકી રહી હતી. સહસા આવાં સમયે

આકાશમાંથી એક આકાશવાણી થઈ. હે રાજા ભોજજી, તમો મેઘરાજાનાં પૃથ્વી ઉપર નહીં આવવાનાં કારણે અતિ ચિંતિત છો ખરાં ને? અચાનક આકાશમાંથી થયેલ આકાશવાણી સાંભળી રાજા ભોજ અને બિરબલ તાજુબ થઈ ઉઠ્યાં. બાદમાં રાજા ભોજ તુરંત બોલી ઉઠ્યાં. બાદમાં રાજા ભોજ અને બિરબલ કાન દઈને આકાશવાણી સાંભળવાં લાગ્યાં. હે રાજા ભોજજી, તમારા આ મહેલમાં આવેલ દિવાલો ઉપરનાં ટોડલાંઓ ઉપર ''ટોડલે ટોડલે પોપટ'' ની શાસ્ત્રોક્ત પ્રમાણે પધરાણી કરાવો ને તો તમારા આ રાજ્યમાં જરૂરથી મેઘરાજા આવશે શું! આટલું બોલી આકાશવાણી બંધ થઈ ગઈ. આકાશવાણી સાંભળી રાજા ભોજ અને બિરબલ દંગ જ રહી ગયા. બાદમાં રાજા ભોજ અને બિરબલ સુંદરવનમાં પોપટોને લેવા માટે ઉતરી ગયા. હા, પ્રજાની, પશુ-પંખી અને જીવ જગતની સુખાકારી અને આ આવેલ નવી પાણીની સમસ્યાનાં ઉકેલ માટે તેઓ પોપટોને હાથ કરવાં માટે જ વનમાં ઉતરી ગયાં હતાં. આખો દિવસ રઝળપાટ કરીને રાજા ભોજે અને બિરબલે ભેગા મળીને લગભગ એકાવન પોપટો હાથ કર્યા. અને પછી બ્રામણો ગરીબ, ગુરબાઓને ભેગા કરીને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે તેઓએ ઝરૂખાનાં ટોડલે ટોડલે પોપટોને બેસાડ્યાં. તે બધાં જ પોપટોનાં કપાળે તીલક, કંકુ-



ચોખા કર્યાં. હા, તે બધાં પોપટોને પણ ખૂબ જ નવાઈ લાગતી હતી કે આમ રાજા ભોજ અને બિરબલ આ તે શું કરી રહ્યાં છે હેં! તેમ છતાં પંડિતો જે શ્લોકો ઉચ્ચારતાં ગયાં તેમ તે પોપટો પણ શ્લોકો બોલતાં ગયાં.

રાજા ભોજે ગરીબોને અન્નદાન, વસ્ત્રદાન અને લક્ષ્મીદાન કર્યું. પોપટોને પણ કેરી, મરચા અને જામફળનું દાન આપ્યું. પંડિતો દ્વારા પુર્ણ શાસ્ત્રોક્ત વિધિ કરાવી. લોકો પણ આ મહાયજ્ઞમાં ભાગ લેવાં માટે ઉમટી પડ્યાં. લગભગ ત્રણ કલાકની વિધિ બાદ આકાશમાં કાળા ડિબાંગ વાદળાઓ ઉમટવાં લાગ્યાં. વાતાવરણમાં એકાએક પલટો આવતો ગયો. રાજા ભોજ, બિરબલ અને પ્રજાજનો પણ આ એકાએક પલટાયેલ વાતાવરણથી ચકિત રહી ગયાં. અને... અને... થોડા સમયમાં તો આકાશમાંથી મેઘરાજા પૃથ્વી ઉપર બરોબરનાં તૂટી પડ્યાં. આ જોઈ રાજા ભોજ અને બિરબલની આંખોમાં ખુશીનાં આંસુઓ ઉભરાઈ આવ્યાં. પ્રજાજનો પણ આનંદપૂર્વક વરસાદમાં ન્હાવાં માટે દોડી ગયાં.

ધીરે ધીરે નદી-નાળા, સરોવરો, ખેતરો, કૂવાઓ વગેરે છલકાઈ ઉઠ્યાં. સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો. હા, રાજા ભોજની સાચી નિતિ, પ્રમાણિકતાં અને પ્રજાજનો પ્રત્યેનો

અનન્ય પ્રેમ જોઈને પ્રભુએ મેઘરાજાને પૃથ્વી ઉપર મોકલ્યાં હતાં હોં! પ્રજામાં સર્વત્ર આનંદ, ખુશીઓ ઉભરાઈ આવી. બાદમાં રાજા ભોજનું રાજ્ય દિન-પ્રતિદીન ધન-ધાન્ય સાથે પ્રગતિનાં શીખરો સર કરવાં લાગ્યું.



# હેરીનો હિંચકો

સુંદરનગર નામે એક અતિ સુંદર મઝાનું ગામ હતું. તે ગામમાં હેરી નામનો એક નાનો છોકરો તેનાં માતા-પિતા સાથે રહેતો હતો. તે સુંદર નગર ગામનાં છેવાડાં ઉપર એક અવાવરૂ બાગ આવેલ હતો. હા, ગામથી થોડે દૂર હોવાથી તે બાગની માવજત કોઈએ કરી નહોતી. પરંતુ એકાએક હેરીનાં મનમાં વિચાર ઝબક્યો. શા માટે તે બાગને પુનઃ જીવીત, મહેંકતો ન કરવો હેં! બસ, આવો સુંદર, શ્રેષ્ઠ વિચાર આવતાં જ હેરીએ તેનાં નાનાં મિત્રો આગળ આવો ઉત્તમ વિચાર રજૂ કર્યો. તે સાથે જ તેનાં મિત્રો તરફથી હેરીને લીલી ઝંડી મળી ગઈ. આ ઉપરાંત વેકેશન હોવાથી તેનાં મિત્રો પણ કોઈ સારી પ્રવૃત્તિની શોધવાં જ હતાં.

અને અને... હેરીએ બાગમાં નવી કાળી કાળી માટી પણ પાથરી, દેશી ખાતર વગેરે પણ નાંખ્યું. નિયમીત પાણી પણ તેઓ પાવાં લાગ્યાં. અને પેલી કહેવત છે ને કે "પરિશ્રમ એક દિવસ રંગ લાવતો જ હોય છે શું!" "અને મન હોય તો માળવે જવાય"! તે ઉક્તિ મુજબ થોડાં સમયમાં તો તે બાગમાં રંગબેરંગી ફૂલોનો ફાલ લહેરાવાં લાગ્યો. ફૂલોમાં ખાસ કરીને રંગબેરંગી ગુલાબ, મોગરો, ચંપો, જૂઈ, જાસૂદ, રાતરાણી વગેરેને જોઈ સુંદરનગર ગામનાં લોકો તો આશ્ચર્ય ચકિત જ રહી ગયાં. આ ઉપરાંત તે ગામનાં સરપંચશ્રીએ બાળકો માટે તે બાગમાં રંગબેરંગી હિંચકા, લસરપટ્ટી, નાનાં ચકડોળ વગેરે મૂકાવ્યાં. આથી તો તે બાગની રોનક જ આખી ફરી ગઈ. ગામનાં બાળકો તો તે બાગમાં નિયમીત પણ હરવાં ફરવાં અને હિંચકાં ખાવાં માટે ઉમટવાં લાગ્યાં.

તે બાગમાં હેરીએ રંગબેરંગી ફૂલોથી મહેંકતો એક હિંચકો પણ બાંધ્યો હતો અને તે તથા તેનાં મિત્રો આ સુગંધથી મહેકતાં હિંચકામાં હિંચકાઓ ખાવાંનો અનેરો આનંદ ઉઠાવવા લાગ્યાં.

એક દિવસની વાત છે. સાંજનો સમય હતો. તે બાગમાં બાળકોનાં રમવાં આવવાનો સમય થઈ ગયો હતો. પરંતુ તે પહેલાં તો ક્યાંકથી એક નાનો વાંદરો હૂપા હૂપ કરતો તે સુંદર



મઝાનાં બાગમાં આવી ચડ્યો. અને પછી તે વાંદરો ફૂલોથી મહેકતાં હિંચકામાં બેસીને તે હિંચકા ખાવાં લાગ્યો. હા, તે વાંદરાને તો ભઈ હિંચકા ખાવાની ભારે મજા પડી ગઈ હતી હોં! બરોબર આવા સમયે હેરી તેનાં મિત્રો સાથે તે બાગમાં આવી પહોંચ્યો. અને... અને... પછી તે બાગનાં ફૂલોથી હર્યા ભર્યા હિંચકામાં એક નાના વાંદરાને મોજપૂર્વક હિંચકાં ખાતાં જોઈ હેરી અને તેનાં મિત્રો દંગ જ રહી ગયાં. બાદમાં તેઓ પણ તે નાનાં વાંદરાનાં હિંચકાને હિંચકાવવાં લાગ્યાં. હા, ભલાં નિર્દોષ વાંદરાને રમાડવાની કોને મજા ન પડે હેં? અન્ય બાળકો તો નજીકની લારીમાંથી કેળાની લૂમો ઉપાડી લાવ્યાં. અને તે બધાં જ કેળાઓ નાનાં વાંદરાને ખવડાવવાં લાગ્યાં. તે નાનાં વાંદરાને પણ પછી બાળકો સાથે મિત્રતા બંધાઈ ગઈ.

આમ સાંજ પડે અને તે નાનો વાંદરો સુંદર બાગમાં આવીને હિંચકાઓ ખાવાં લાગ્યો અને હેરી અને તેની મિત્રમંડળી પણ નિયમીત બાગમાં આવીને સાફ-સફાઈ, ફૂલછોડનાં વૃક્ષોને પાણી પાવાનું, વગેરે કામગીરીમાં ગુંથાઈ જતી અને સાથમાં તે નાનાં વાંદરાને કેળા ખવડાવવાં, તેને ફૂલોનાં હિંચકામાં હિંચકાવવો વગેરે કામગીરીમાં જોડાઈ જતાં.

આ રીતે હેરીએ તે સુંદર બાગમાં ગામમાં એક ભવ્ય,

નૈસર્ગિક અને રંગબેરંગી ફૂલોથી મહેંકતો બગીચો પણ સુંદર રીતે વિકસીત કરીને ગામને તે અર્પણ કર્યો. તે નાનો વાંદરો પણ હેરીનો ખાસ ભાઈબંધ બની ગયો હતો.

બોધ : મિત્રો, જીવનમાં હંમેશાં મહેનત તો સૌ પ્રથમ કરવી જોઈએ! બરોબર ને...! અને તો જ આપણને તેનાં મીઠાં ફળ ચાખવાં મળે શું!



## સંતની સહનશીલતાં

ખળખળ વહેતી હિરણ નદીનાં કાંઠા ઉપર એક સંતની કુટીર આવેલ હતી. અને તે કુટીરમાં પ્રખર સંત યાજ્ઞવલ્ક કઠોર સાધનામાં મગ્ન હતાં. હા, તે સંત યાજ્ઞવલ્કનાં ચહેરા ઉપર તેજની આભા પથરાયેલ હતી. લાંબી સફેદ દાઢી, જટામાં સોનેરી ગુચ્છાદાર, ચળકતાં મખમલી વાળ શોભાયમાન થઈ રહ્યાં હતાં.

સવારનો આહ્લાદક ખુશનુમા સમય હતો. સંત યાજ્ઞવલ્ક હિરણ નદીમાં સ્નાનાદિથી પરવારી કઠોર સાધનામાં પરોવાઈ ગયાં હતાં. બરોબર આવાં સમયે એક વનમાંથી વિશાળ કદનો હાથી તે હિરણ નદીમાં પાણી પીવાં માટે આવ્યો. હિરણ નદીનું મધમીઠું પાણી પીતાં પીતાં તે વિશાળ કદનાં હાથીની નજર કુટીરમાં કઠોર તપ, સાધના, કરી રહેલ એવાં સંત યાજ્ઞવલ્ક

ઉપર પડી. બાદમાં તેણે તેનાં દિમાગમાં સંતને હેરાન પરેશાન કરવાની યોજના બનાવી તે હાથી પોતાની લાંબી સૂંઢમાં નદીમાંથી પાણી ભરીને ડગમગ ડગમગ કરતો કુટીર પાસે જઈ તે ધ્યાનસ્થ સંત ઉપર તેણે પોતાની સૂંઢમાંથી પાણીનો ફુવારો તેમની ઉપર છોડ્યો. પરંતુ તે સંત તો જરા પણ હાલ્યાં કે ચાલ્યાં નહીં. આથી તે હાથીનો ''અહંમ'' વધુ ઘવાયો. અને ફરી પાછો તે હિરણ નદીમાંથી સૂંઢ ભરીને પાણી લઈ આવ્યો અને તે પાણીનો છંટકાવ ફરી સંત ઉપર કર્યો. તેમ છતાં પણ સંત તો તેમની મસ્તીમાં, ધ્યાનમાં જ મસ્ત હતાં. આમ તે હાથીએ છ વખત તે સંત યાજ્ઞવલ્ક ઉપર પાણીનો મારો કરતો રહ્યો. તેમ છતાં પણ સંત ઉપર તેની કશી જ અસર થઈ નહીં. આથી તે હાથીએ વધું ગુસ્સાભેર અને છેલ્લી વખત દાંત ભીંસીને આખી સૂંઢભરી તે સંત ઉપર પાણીનો ફૂવારો છોડ્યો. પરંતુ આ વખતે તે હાથીની સૂંઢમાંથી પાણીનાં બદલે રંગબેરંગી ફૂલોનો વરસાદ થતાં જ તે હાથી તો ચોંકી જ ઉઠ્યો. અને બાદમાં તેનાં મનોજગતમાંથી લોકોની પ્રાણીઓ, પંખીઓની કલ્યાણની ઉચ્ચ ભાવના સાથે તપ કરી રહેલ એવાં સંત યાજ્ઞવલ્ક ઉપર ઈર્ષાપૂર્વક તું પાણીનો મારો કરી રહ્યો હતો કેમ?

આમ, તે હાથીનાં હૃદયમાંથી સત્યનો પોકાર ઉઠતાં જ



તેની આંખોમાંથી બોર બોર જેવડાં પસ્તાવાનાં આંસુઓ ચાલ્યે જવાં લાગ્યાં. બાદમાં તે હાથી અંતરથી પસ્તાવો કરતો અને તે સંતની ખરાં હૃદયથી માફી માંગતો વન તરફ ચાલ્યો ગયો. આ જોઈ તે સંત મરક મરક હસવાં લાગ્યાં. હા, તો આ હતી ''સંતની સહનશીલતાં'' સાચાં સંત તે આને કહેવાય શું! કેમ, બરોબર ને...! એક સુભાષિત મમળાવીએ.

''ન કરીએ જીવનમાં ઈર્ષા, ન કરીએ ખોટો અહંકાર,
રાખીએ જીવનમાં સહન શીલતાં, તો આવશે અનહદ ખુશીતા.''